# અવતાર-અવતારી
# ભેદનિરૂપણ

સ.ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા -૧૮

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
અમદાવાદ-૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

***જમણા ચરણકમળમાં નવ ચિહ્નો:**

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

***ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો:**

**મીન** સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

| | |
|---|---|
| ગોપદ | ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે. |
| વ્યોમ | ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે. |
| અર્ધચંદ્ર | ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે. |
| કળશ | ભગવત્સ્વરૂપની સર્વોપરિતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે. |

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# અવતાર-અવતારી ભેદનિરૂપણ

: સંકલન :


* સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી *


સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

(૧૮)

: સંસ્થાપક :

• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •


શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

*** પ્રકાશન સમિતિ ***

*: પ્રેરક - માર્ગદર્શક :*

*** અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ***

©શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

***તૃતીય આવૃત્તિ***
પ્રત : ૧૫૦૦
૨૦૦૨, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૫૮ મહા સુદ ચોથ

***સેવા મૂલ્ય*** : રૂ.૧૫/-

***પ્રકાશક***
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

***મુદ્રક***
ભગવતી ઓફસેટ
બારડોલપુરા, અમદાવાદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ **શ્રી સ્વામિનારાયણ ભગવાનના** ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા, એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા –આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ પર મહદ્ ઉપકાર કરનારા


પરમ દયાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

# સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી

સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ

વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી. અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
**નારાયણભાઈ ગી. ઠક્કર**
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સ.૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

## તૃતીય આવૃત્તિનું નિવેદન

આ લઘુ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ સં. ૨૦૨૮માં ઉત્તરાયણના દિવસે તા. ૧૪/૧૫ -૧- ૧૯૭૨ના રોજ મુનિસ્વામી પુરાણી કેશવપ્રિયદાસજી દ્વારા પ્રસિદ્ધ થઈ હતી.

આ જ્ઞાન સંપુટમાં શ્રીમદ્ ભાગવત્ આદિ પૂર્વના શાસ્ત્રો તેમ જ ભગવાન સ્વામિનારાયણ સ્વમુખની વાણી શિક્ષાપત્રી વચનામૃત તથા સત્સંગના મૂળભૂત ગ્રંથો સત્સંગિજીવન સત્સંગિભૂષણ, હરિલીલાકલ્પતરુ, હરિદિગ્વિજય હરિકૃષ્ણલીલામૃત, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના વચનો ઇત્યાદિનો આધાર લઈ અવતાર-અવતારીનો ભેદ સમજાવવા સર્વોત્કૃષ્ટ સમન્વય સધાયો છે, અને તેના ફલસ્વરૂપ આ પુસ્તિકાના સમર્થ લેખક, ઉત્તમ સાધુતાથી સભર એવા મુનિસ્વામીએ, તેઓશ્રી લિખિત 'પ્રસ્તાવનાના' સારરૂપે નીચે પ્રમાણે લખ્યું છે :

"આ 'અવતાર-અવતારી ભેદ નિરૂપણ' લખવાનું કારણ એ છે કે, જો શ્રીહરિની સ્વરૂપનિષ્ઠામાં ખામી રહી જશે તો અક્ષરધામમાં જવાશે નહિ; તે શ્રીજી સમકાલીન અમોઘાનંદ સ્વામીની વાત આપણા સત્સંગમાં સુપ્રસિદ્ધ છે."

આવી સત્સંગમાં સત્સંગ પ્રવર્તાવનારી પુસ્તિકા અલભ્ય થયેલ. આથી શ્રીહરિના સર્વોપરી અવતારી સ્વરૂપનું યથાર્થ રીતે નિરૂપણ કરતું સર્વજીવહિતાવહ પ્રમાણરૂપ આ પ્રકાશન સર્વસુલભ બને એ શુભ હેતુથી શ્રી સ્વામિનારાયણ

ડિવાઈન મિશન દ્વારા થયું હતું, જે અપ્રાપ્ય થવાથી તૃતીય આવૃત્તિરૂપે તેનું પુનઃપ્રકાશન કરતાં આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ પ્રકાશન દ્વારા સત્સંગ સમસ્તની પ્રસન્નતા મળે એવી શ્રીહરિને પ્રાર્થના સાથે વિરમીએ છીએ.

સં. ૨૦૫૮, મહા સુદ ચોથ
ઈ.સ. ૨૦૦૨, ૧૬ ફેબ્રુઆરી

પ્રકાશન સમિતિ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

# પ્રસ્તાવના

શિ. શ્લો. ૧૦૮ માં શ્રીજીમહારાજે એમ કહ્યું છે કે, તે ઈશ્વર ક્યા? કારણ કે, ગઢડા પ્રથમ પ્રકરણ વચ. ૭ માં, પાંચ ભેદ અનાદિ કહ્યા છે; તેમાં અક્ષરબ્રહ્મ તથા પુરુષોત્તમને, ઈશ્વરથી પર ગણ્યા છે. વળી ગઢડા અંત્ય પ્ર. ૩૮ માં વચનામૃતમાં, શ્રીહરિએ પોતાને ઈશ્વરના પણ ઈશ્વર ને સર્વ અવતારના અવતારી કહેલા છે.

આવી રીતે શાસ્ત્રના ભિન્નભિન્ન શબ્દ સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી. તે ગઢડા પ્રથમ પ્રકરણ વચ. ૭ માં જ કહ્યું છે: 'શાસ્ત્રમાં જ્યાં જ્યાં અધ્યાત્મ વાર્તા આવે છે તે કોઈને સમજાતી નથી ને ભ્રમી જવાય છે.' અર્થાત્ શ્રીજીમહારાજની અથવા તેમના મુક્તની કૃપા થયા વિના કોઈને અધ્યાત્મ વાર્તા સમજાતી નથી.

ગઢડા અંત્ય પ્રકરણના બીજા વચનામૃતમાં પણ કહ્યું છે: 'જેને સત્સંગ થતાં થતાં એવું અંગ બંધાઈ જાય છે તેવું ને તેવું જ સદાય રહે છે.... અને સત્સંગે કરીને તે અંગની પુષ્ટિ તો થાય; પણ અંગ તો તેનું તે જ રહે છે અને જ્યારે જેને જે અંગ બંધાય છે ત્યારે અંગ બંધાતા એનું ચિત્ત વિભ્રાંત જેવું થઈ જાય છે.'

હવે એ વિભ્રાંતિ ટાળવાને માટે, શ્રીજીમહારાજે તથા શ્રીજી સમકાલીન સંતોએ, શાસ્ત્રમાં ઘણા સ્થળે નિર્દેશ કરેલો

છે, જેમ કે, શ્રીજીમહારાજ, 'સર્વે અવતારના કારણ અવતારી છે; સર્વોપરી છે; ઈશ્વરના પણ ઈશ્વર છે'- એવું વર્ણન શાસ્ત્રમાં આવે; અને જેમ પરશુરામ ભગવાનનું ઐશ્વર્ય, રામચંદ્રજીએ લઈ લીધું ત્યારે રામચંદ્રજી, પરશુરામથી સમર્થ ને તેમના અવતારી કહેવાયા; એવી રીતે શાસ્ત્રમાં અવતાર-અવતારીના ભેદનું વર્ણન કરેલું હોય તો તે, ભગવાનનું મહત્પણું - માહાત્મ્ય વર્ણવ્યું છે એમ જાણવું; પરંતુ ખંડન કર્યું છે એમ ન જાણવું. અને અવતાર-અવતારી ભેદનું જે નિરૂપણ કરવું તે તો શ્રીહરિની આજ્ઞા છે; તે વડતાલના ૧૮મા વચનામૃતમાં કહ્યું છે કે, **'રૂપને ભેદે કરીને'** ઉપાસનાના ભેદ કરવા; પરંતુ **'સ્થાનકને ભેદે કરીને'** ઉપાસનાના ભેદ ન કરવા.

વળી 'હરિવાક્યસુધાસિંધુ' ગ્રંથની ટીકા કરનાર શ્રી શુકાનંદ સ્વામીએ, ટીકાની સમાપ્તિમાં જે શ્લોકો મૂક્યા છે તેમાં ૨૪ મા શ્લોકમાં તથા 'હરિલીલાકલ્પતરુ' સ્કં. ૨, અ. ૪૯, શ્લો. ૮ માં શ્રીજીમહારાજને તથા બીજા અવતારને જે તુલ્યપણે જાણે છે તેમને મંદબુદ્ધિવાળા કહેલા છે. માટે 'આ અવતારથી આ અવતાર મોટો છે' એમ જે કહેવું તે તો શાસ્ત્રમાં અનાદિની રીતિ છે. તે શ્રીમદ્‌ભાગવત દશમ સ્કંધ અ. ૪૧, શ્લો. ૪૬ માં તથા એ જ સ્કંધના ૧૦ મા અધ્યાયના ૩૫ મા શ્લોકમાં શ્રીકૃષ્ણને, શ્રી વ્યાસજીએ, વાસુદેવ

ભગવાનના અંશાવતાર કહેલા છે. આવી જ રીતે વાસુદેવમહાત્મ્યમાં તથા મહાભારતમાં પણ નરનારાયણ તથા શ્રીકૃષ્ણ ભગવાનના મૂળકારણ વાસુદેવ ભગવાનને કહેલા છે.

ગઢડા મધ્ય પ્ર. ૯ મા વચનામૃતમાં પણ શ્રીહરિએ કહ્યું છે: 'બીજા અવતાર જેવા અમને જાણે તો તે, અમારો દ્રોહ કર્યો કહેવાય. (અર્થાત્ અમારું ખંડન કર્યું કહેવાય).'

વળી લોયાના ૧૧ મા વચનામૃતમાં કહ્યું છે: 'પોતાને મળી જે મૂર્તિ તેને મૂકીને તેના જ પરોક્ષ અવતાર થયા છે તેનું જો ધ્યાન કરે તો, તે ભગવાન વિના બીજા જે દેવ-મનુષ્યાદિક આકાર છે તેનું પણ ધ્યાન કરે.' અર્થાત્ પૂર્વે થયેલા અવતારનું ધ્યાન ન કરવું.

લોયાના ૧૨ મા વચનામૃતમાં પણ શ્રીહરિને કહેવાનો આશય એ છે કે, અમને શ્રીકૃષ્ણ જેવા જાણીને ભજે તો, તે કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભક્ત જાણવો. વળી અમદાવાદના ૭ મા વચનામૃતમાં વૈકુંઠ પણ અસંખ્ય કહેલાં છે.

* * *

અને તે વૈકુંઠના સુખથી શ્રીકૃષ્ણ ભગવાનના ગોલોકધામનું સુખ-અધિક છે, ને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ, **અતિ અધિક છે.** - એમ પંચાળાના પહેલા

વચનામૃતમાં કહેલું છે.

ગઢડા અંત્ય પ્રકરણના બીજા વચનામૃતમાં - ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ અને બદરિકાશ્રમ આદિ ધામોની સભાથકી પણ 'આ સત્સંગીની' અર્થાત્ અક્ષરધામની સભા અધિક છે, એમ શ્રીહરિએ સમ ખાઈને કહ્યું છે. વળી આ ગોલોકાદિક ચાર ધામ ગણાવ્યાં તેમાં પણ બે ધામ શ્રીહરિને વધારે પ્રિય છે; તે લોયાના ૧૪ મા વચનામૃતમાં કહ્યું છે: 'અમારા મનમાં શ્વેતદ્વીપ તથા બદરિકાશ્રમ જેવા ગમે છે તથા બીજા લોક (એટલે ગોલોકાદિક ગમતા નથી.)' અને શિક્ષાપત્રીમાં અમને પ્રિય એવું 'ગોલોકધામ' જે લખ્યું તે તો ચાલોચાલ ભક્ત તથા નવા મુમુક્ષુને પ્રિય લાગે, તેથી અક્ષરધામ ને 'ગોલોક' એવું ઔપચારિક ઉપનામ આપ્યું છે, પણ શિક્ષાપત્રીના અર્થ પોતાની મેળે ન સમજાય એટલા સારુ જ શિ. શ્લોક. ૩૬ માં નિત્યપ્રત્યે સાધુનો - સત્પુરુષનો સમાગમ કરવો: 'कार्यं सगोऽन्वहं सताम् ।' એમ શ્રીહરિએ કહ્યું છે.

આવી રીતે ભગવાનનો મહિમા સમજવો તે ઘણો દુષ્કર છે. તે શ્રુતિમાં કહ્યું છે: 'यतो वाचो निवर्तंते अप्राप्य मनसा सह ।।' ભગવાનને ઓળખવામાં મન અને વાણી પહોંચતાં નથી. વળી પ્રથમ પ્ર. વચ. ૬૩ માં કહ્યું છે: 'વિરાટપુરુષની નાભિમાંથી થયું જે કમળ, તેના નાળમાં બ્રહ્મા સૌ વર્ષ લગી ચાલ્યા પણ તેનો અંત ન આવ્યો. જ્યારે સમર્થ એવા બ્રહ્મા


પણ, કમળકંદ જેવી નિર્જીવ વસ્તુને પાર ન પામી શક્યા તો, પ્રથમ પ્ર. વચ. ૭ માં કહેલ ચૈતન્યવર્ગમાં જે 'પાંચ ભેદ' કહેતાં, (૧) પ્રધાનપુરુષ સુધી જીવકોટી, (૨) માયાકોટી, (૩) મૂળપુરુષરૂપ, ઈશ્વરકોટી ને (૪) 'બ્રહ્મ' કહેતાં, બ્રહ્મકોટી તથા અક્ષરકોટી અને પાંચમા પરબ્રહ્મ તથા પરબ્રહ્મના મુક્તો, તેમના મહિમાને તો કોણ પાર પામી શકે ? પરંતુ પ્રથમ પ્ર. વચ. ૫૪માં - 'प्रसंगमजरंपाशम् ' તથા મધ્ય પ્ર. વચ. ૫૪ માં - 'यस्यात्मबुद्धिः' એ બે શ્લોકમાં કહ્યા પ્રમાણે જેને આત્માપરમાત્માના સાક્ષાત્કારવાળા, અભિજ્ઞ એવા સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ થાય, તો તેનું મોક્ષદ્વાર ઊઘડી જાય તેમાં પૂછવું જ શું ? ને તે જ ભગવાનનો મહિમા યથાર્થ સમજી શકે છે. યુધિષ્ઠિર રાજાની પેઠે કેવળ શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય તેમને ભગવાનનું સ્વરૂપ યથાર્થ સમજાતું નથી. નારદજી સાત મન્વંતર સુધી ગાનવિદ્યા શીખ્યા તો પણ તે વિદ્યા ન આવડી. પછી જ્યારે તુંબરુ પાસે શીખ્યા ત્યારે ગાનવિદ્યા આવડી. એમ બ્રહ્મવિદ્યા પણ કેવળ શાસ્ત્ર થકી નહિ પરંતુ, અભિજ્ઞ એવા સત્પુરુષની કૃપાથી જ સમજાય છે; છતાં પણ આ પુસ્તિકામાં અવતાર-અવતારી ભેદનો નિર્દેશ શાસ્ત્રાભ્યાસીઓને સમજવા માટે, શાસ્ત્રાનુસારે કરવાનો પ્રયત્ન કર્યો છે.

આ 'અવતાર-અવતારી ભેદ' લખવાનું કારણ એ છે

કે, જો સ્વરૂપનિષ્ઠામાં ખામી રહી જશે તો અક્ષરધામમાં જવાશે નહિ; તે શ્રીજીસમકાલીન અમોઘાનંદ સ્વામીની વાત આપણા સત્સંગમાં સુપ્રસિદ્ધ છે. શ્રીજીમહારાજની સ્વરૂપનિષ્ઠા સરળતાથી સમજી સૌ ગ્રહણ કરે, એ જ શુભેચ્છા.

વિક્રમ સંવત ૨૦૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિરસ્થ
ઉત્તરાયણ **મુનિસંત કેશવપ્રિયદાસજી**
તા. ૧૪/૧૫-૧-૧૯૭૨ **અમદાવાદ.**

**તા. ક.** આ અવતાર-અવતારી ભેદના શ્લોકની કુલ સંખ્યા કેટલી છે, તેના અનુક્રમ નંબર, શ્લોકના છેડે પંક્તિમાં જ સમાન અક્ષરથી મૂક્યા છે. અને તે તે શ્લોકનો અંક, મૂળ ગ્રંથમાં કેટલામો છે તેનો નંબર શ્લોકના છેડે, મથાળે નાના અક્ષરથી મૂક્યો છે.



અનાદિ મૂક્ત સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી

## અ. મુ. સ. ગુ. મુનિસ્વામીશ્રીનો ટુંક પરિચય

**ગુરુપરંપરા :**

આ 'અવતાર-અવતારી ભેદનિરૂપણ' નામક પુસ્તિકાના લેખક સ. ગુ. પુરાણી મુનિસ્વામી કેશવપ્રિયદાસજીની ગુરુપરંપરાનો ઈતિહાસ આ પ્રમાણે છે :

કટોસણ તાલુકામાં, કટોસણ પાસે 'રાંતોજ' નામક ગામ છે. ત્યાં ડુંગરજી તથા કસિયાજી નામે બે સહોદર-સગા ભાઈ જોધપુરિયા રાઠોડ-ગરાસિયા રહેતા હતા. તેમાં ડુંગરજી તો ઘરનો ત્યાગ કરી સાંખ્યયોગ ગ્રહણ કરી ગઢપુર જઈને શ્રીજીમહારાજની સેવામાં પાર્ષદ થઈને, કાયમ રહેતા હતા. અને કસિયાજી ગૃહસ્થાશ્રમી રહ્યા હતા, છતાં પણ, પ્રસંગે-પ્રસંગે બેચર ચાવડા, જેમ શ્રીજીમહારાજની સેવામાં જોડાતા, તેમ તેઓ પણ સમય ઉપર શ્રીજીમહારાજની સેવામાં હાજર થઈ જતા. પછી જ્યારે તેઓ વિધુર થયા ત્યારે તેમણે વિચાર કર્યો કે, આપણને આવા સ્વામિનારાયણ ભગવાન મળ્યા ને તેમના સંત પણ મળ્યા, માટે મારી શેષ આયુષ્ય તેમની સેવા અર્થે વ્યતીત થાય તો સારું. એમ વિચાર કરી, પોતાને બે પુત્રો હતા તેમને સાથે લઈ પોતે અમદાવાદ આવ્યા. તે વખતે અનાદિમુક્ત સદ્. મહાનુભાવાનંદ સ્વામી અમદાવાદ મંદિરના આદ્ય મહંત હતા. તેમને પોતાના બંને પુત્રોને સોંપ્યા ને કહ્યું કે, સ્વામી! આ બંને છોકરાઓને સાધુ કરી આપની સેવામાં

રાખો ને હું પણ આપની સેવામાં રહીશ. વળી હું ઘેરથી ૫૦૦ પાંચસો રૂપિયા લાવ્યો છું તેની જેમ આપને ઠીક લાગે તેમ વ્યવસ્થા કરો.

પછી સદ્. મહાનુભાવાનંદ સ્વામીએ તેમને કહ્યું કે, શ્રીજીમહારાજ હાલ જેતલપુરમાં વિરાજે છે, તો તમે તેમનાં દર્શન કરી આવો ને જે રૂપિયા લાવ્યા છો તે શ્રીજીમહારાજને ભેટ કરજો. પછી કસિયાજી જેતલપુર ગયા ને ત્યાં શ્રીજીમહારાજના દર્શન કરીને તે રૂપિયા ભેટ મૂક્યા. વળી પોતાના બે દીકરાઓને સાધુ કરવા માટે સદ્. મહાનુભાવાનંદ સ્વામીને સોંપ્યા છે તે વાત પણ કરી. આ વાત સાંભળીને શ્રીજીમહારાજ, કસિયાજી ઉપર બહુ રાજી થયા. તે સમયે જેતલપુરમાં શ્રીજીમહારાજ ભેળા સંતો ઘણા હતા તેથી તે રૂપિયાની જેતલપુરમાં, શ્રીજીમહારાજે સંતને બિરંજ-પૂરીની રસોઈ કરાવી ને પોતે પંક્તિમાં પાંચ વાર ફરીને સંતોને ખૂબ બિરંજ પીરસ્યો ને પીરસતાં-પીરસતાં બિરંજના બે પડિયા પોતે ભરીને, કસિયાજી જ્યાં જમવા બેઠા હતા તેમની પાસે મૂક્યાં ને કહ્યું કે, આ પ્રસાદી તમારા બેય દીકરાઓને જમાડજો એમ ભલામણ કરી. પછી કસિયાજી ત્યાંથી અમદાવાદ આવ્યા ને શ્રીજીની પ્રસાદી પોતાના બેય દીકરાઓને જમાડી. પછી વળી મહાનુભાવાનંદ સ્વામીએ તે બંને છોકરાઓને, ધ. ધુ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી

મહારાજ પાસે વાસુદેવી મહાદીક્ષા અપાવીને સાધુ કર્યા. તેમાં એકનું નામ 'જીષ્ણુદાસજી' ને બીજાનું નામ 'નંદકિશોરદાસજી' પાડ્યું હતું.

એક વખત વડતાલમાં અનાદિમુક્ત સદ્. ગોપાળાનંદ સ્વામી માંદા હતા તેથી અનાદિમુક્ત સદ્. મહાનુભાવાનંદ સ્વામી, તે સ્વામીશ્રીનાં દર્શનની ઇચ્છાથી તથા પોતાના શિષ્ય જીષ્ણુદાસજી તેમ જ નંદકિશોરદાસજીને સ્વામીશ્રીનાં દર્શન કરાવવાના આશયથી, તેમને સાથે લઈને પોતે વડતાલ પધાર્યા. ત્યાં દેવનાં દર્શન કરી સ્વામીશ્રીના આસને ગયા. તે વખતે સદ્. ગોપાળાનંદ સ્વામીએ મહાનુભાવાનંદ સ્વામીને પૂછ્યું - આ બંને નાના સંતને શ્રીજીમહારાજની વિરહલીલાનાં પદ આવડે છે ? ત્યારે મહાનુભાવાનંદ સ્વામીએ કહ્યું કે, હા. પછી તે બંને સંત શ્રીજીના વિરહનાં કીર્તનો બોલ્યા; તેથી સ્વામીશ્રી તેમના ઉપર અત્યંત રાજી થયા ને તે બંને સંતને બાથમાં ચાંપીને મળ્યા ને મસ્તકે હાથ મૂક્યા. વળી મહાનુભાવાનંદ સ્વામીને ભલામણ કરી કે, આ બંને સંતને ગઢપુર અનાદિમુક્ત સદ્. પ્રેમાનંદ સ્વામી પાસે સંગીત શીખવા માટે મોકલી આપજો. જે ઉપરથી મહાનુભાવાનંદ સ્વામીએ તે બંને પોતાના સંતોને પ્રેમાનંદ સ્વામી પાસે ગઢપુર મોકલી આપ્યા. ત્યાં બંને સંતોએ ૧૨ વર્ષ સુધી સ્વામીશ્રી ભેળા રહી સંગીતનો વિદ્યાભ્યાસ કર્યો ને સાથે

સાથે સ્વામીશ્રીના સેવા-સમાગમ પણ કર્યા. વળી શ્રીજીમહારાજની આજ્ઞાથી પ્રેમાનંદ સ્વામી માટે શ્રી ગોપીનાથજીના થાળની પ્રસાદી જે કાયમ આવતી, તે પ્રસાદીનો લાભ પણ તે બંને સંતને પ્રેમાનંદ સ્વામીના અનુગ્રહથી હંમેશા મળતો. પછી જ્યારે પ્રેમાનંદ સ્વામી આ લોકમાંથી અંતર્ધાન થયા ત્યારે ધ. ધુ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે, સદ્. મહાનુભાવાનંદ સ્વામીને કહ્યું: 'બડા પ્રેમાનંદ તો જીવત્પર્યંત ગઢપુરમાં રહ્યા, પરંતુ છોટા પ્રેમાનંદને તો હવે અહીં બોલાવી લો.' પછી તે બંને સંતને અમદાવાદ બોલાવ્યા. તે બંને સંતમાંથી સ્વામી જીષ્ણુદાસજી તો સંગીત વિદ્યામાં નિપુણ થયા, પરંતુ સ્વામી નંદકિશોરદાસજી સંગીતકળામાં સંપૂર્ણ પારંગત થયા ન હતા.

**પરિચય :**

સદ્. નંદકિશોરદાસજી સ્વામીના શિષ્ય સદ્. સ્વામી મોરલીમનોહરદાસજી હતા અને તેમના બે શિષ્ય, સ્વામી કેશવપ્રિયદાસજી તથા શ્રીરંગદાસજી હતા; તેમાંથી સ્વામીશ્રી કેશવપ્રિયદાસજી તે લઘુ પુસ્તિકાના લેખક. તેઓ શ્રીહરિની મૂર્તિનું અખંડ મનન કરતા તેથી તેઓ 'મુનિસ્વામી' એ નામથી પ્રખ્યાત થયા. તેમના પૂર્વાશ્રમની હકીકત તેમના થકી ઉપલબ્ધ થઈ શકી નથી, પરંતુ જે કાંઈ અલ્પ માહિતી અમને પ્રાપ્ત થઈ છે તેનો સંક્ષેપમાં ઉલ્લેખ આ સ્થળે કરવામાં

આવ્યો છે. તેઓશ્રીનું પૂર્વાશ્રમનું નામ હીરાભાઈ હતું. વૈશ્ય કણબી જ્ઞાતિમાં તેઓ જન્મ પામ્યા હતા. તેમના પિતાશ્રીનું નામ માંડણભાઈ અને માતુશ્રીનું નામ હરિબા હતું. તેઓ ચાર ભાઈ હતા-પીતાંબરભાઈ, જેઠાભાઈ, હીરાભાઈ ને સૌથી નાના પ્રાગભાઈ. તેમાં આ મુક્તરાજ શ્રી હીરાભાઈનો જન્મ સં. ૧૯૩૬માં મૂળી પાસે 'ચાણપર' ગામમાં થયો હતો; તેઓ વઢવાણ પાસે 'રતનપુર' ગામમાં પણ રહેતા હતા. તેઓ અત્યંત વૈરાગ્યવાન હોવાથી ગૃહસ્થાશ્રમ પસંદ નહિ કરતાં, ૧૪ વર્ષની ઉંમરે મંદિરમાં આવી પોતાના ગુરુ પાસે એકાદ વર્ષ પાર્ષદાવસ્થામાં રહ્યા ને સં. ૧૯૫૧ ચૈ. સુ. ૯ના રોજ વાસુદેવી પરમહંસની મહાદીક્ષા ધ. ધુ. આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ પાસે ગ્રહણ કરી સાધુ થયા. આ દરમિયાન મોટા મોટા સંતોના દર્શન-સમાગમનો તેમને અપૂર્વ લાભ મળ્યો હતો. ઉપરાંત ઉનાવાના છલાભાઈ જે શ્રીજીમહારાજને મળેલા હતા તેમનાં દર્શન-સમાગમ પણ ઘણી વાર થયેલ. વળી ટૂંક સમયમાં જ તેમણે સંસ્કૃત વિદ્યાભ્યાસ કરી, પોતાના ગુરુને પણ વિદ્યાએ તથા સેવાએ કરીને રાજી કર્યા. ત્યારબાદ સમય જતાં પોતાના ગુરુ, સ્વામી શ્રી મોરલીમનોહરદાસજી જ્યારે ભૌતિક દેહ ત્યાગ કરી મૂર્તિના સુખે સુખિયા થયા ત્યારે તેઓ સં. ૧૯૭૩ના ચૈત્ર માસમાં ભુજમંદિરમાં જઈને રહ્યા. ત્યાં ભુજમાં તથા આજુબાજુના ગામડાઓમાં કેટલાક સંસ્કૃત ગ્રંથોના પારાયણો

વાંચ્યાં ને કેટલાક સંતોને સંસ્કૃત ગ્રંથો પણ શીખવ્યા. વળી ભુજમંદિરમાં શ્રીઠાકોરજીની સેવા પણ બાર મહિના સુધી કરી. આ મુનિસ્વામી, કચ્છના સમાધિવાળા અનાદિ મહામુક્તરાજ 'અબજીબાપાશ્રી' પોતાના જ્ઞાનગુરુ હોવાથી અવારનવાર વૃષપુર (બળદિયા) તેમનાં દર્શન-સેવા-સમાગમ કરવા પણ જતા. પછી જ્યારે બાપાશ્રી આ લોકમાંથી અંતર્ધાન થયા ત્યારે આ મુનિસ્વામી થોડો સમય ભુજમાં રહી પાછા ગુજરાતમાં આવ્યા. તેઓશ્રીએ વિરમગામ પાસે 'પાટડી' ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બહુધા ઘણાં વર્ષો રહી કારણ સત્સંગના ઉદ્યાનને સારી રીતે ખિલવ્યો અને સર્વોપયોગી ઉત્તમ સાહિત્ય પ્રગટ કરી સત્સંગ સેવામાં મૂક્યું તેમાં પણ શિક્ષાપત્રી-રહસ્યાર્થ નામક આશરે એક હજાર પૃષ્ઠનો દળદાર ગ્રંથ સ્વયં રચી, તે ગ્રંથ ધ.ધુ. આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી સં. ૨૦૨૨ની શરદપૂર્ણિમાના મંગળ દિવસે પ્રસિદ્ધ કરાવેલ છે.

સ્થળ સંકોચને લીધે આ સમર્થ સદ્‌ગુરુશ્રીના જીવન કવન વિશે સવિસ્તર માહિતી અત્રે આપવી શક્ય નહિ હોવાથી એ અંગેનું એક અલગ લઘુ પુસ્તક તૈયાર થઈ રહ્યું છે, જે તૈયાર થયેથી સત્સંગ પ્રસન્નતાર્થે પ્રસિદ્ધ કરવામાં આવશે.

આદ્ય સંસ્થાપક



અનાદિ મુક્તરાજ
પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

# અનુક્રમણિકા


| વિષયાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| (૧) | લોયા વચનામૃત ચૌદનું રહસ્ય | ૨ |
| (૨) | શ્રીહરિનો સામાન્ય સિદ્ધાંત | ૩ |
| (૩) | શ્રીહરિનો મુખ્ય સિદ્ધાંત - વચનામૃત તથા હરિવાક્યસુધાસિંધુ અનુસાર | ૩ |
| (૪) | અવતારને ભગવાન કહેવાનું કારણ - વચનામૃતાનુસાર | ૮ |
| (૫) | શ્રીમદ્‌ભાગવતાદિ શાસ્ત્રથી અવતાર-અવતારી ભેદ | ૯ |
| (૬) | વાસુદેવમાહાત્મ્યમાં કહેલ અવતાર - અવતારી ભેદ | ૧૪ |
| (૭) | મહાભારતમાં કહેલ અવતાર - અવતારી ભેદ | ૧૭ |
| (૮) | પૃથ્વીપર શ્રીજીની પ્રકટ થવાની ઇચ્છા-હરિદિગ્વિજ્યાનુસાર | ૨૧ |
| (૯) | રામાનંદસ્વામીનો આદેશ - હરિલીલાકલ્પતરુ અનુસાર | ૨૫ |
| (૧૦) | અવતારીપણું - સત્સંગિજીવનાનુસાર | ૨૮ |

(૧૧) અવતારીપણું - સત્સંગિભૂષણાનુસાર ૩૩

(૧૨) અવતારીપણું - હરિલીલાકલ્પતરુ અનુસાર ૩૮

(૧૩) અવતારીપણું - હરિકૃષ્ણલીલામૃતાનુસાર ૫૪

(૧૪) અવતારીપણું - શિક્ષાપત્રી તથા તદ્‌ભાષ્યાનુસાર ૬૦

(૧૫) અવતારીપણું - અન્ય ગ્રંથાનુસાર ૬૮

(૧૬) નરનારાયણના મિષે શ્રીહરિનું પ્રાકટ્ય- હરિલીલાકલ્પતરુ તથા અન્ય ગ્રંથાનુસાર ૭૮

(૧૭) અનાદિમુક્ત સદ્. ગોપાળાનંદ સ્વામીનો આદેશ વગેરે ૮૪

(૧૮) સિદ્ધમુક્તનું દિવ્યપણું - સત્સંગિજીવન તથા વચનામૃતાનુસાર ૮૬

(૧૯) ઉપસંહાર ૮૮

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# અવતાર-અવતારી ભેદનિરૂપણ

## સ્તુતિ

स्वामिनारायणं कृष्णं भक्तिधर्मात्मजं भुवि ।
प्रादुर्भूतमहं वन्दे पातुं सद्धर्ममासुरात् ।। १ ।।

શ્રી સ્વામિનારાયણ ભગવાન જે ભક્તિ-ધર્મના પુત્ર છે અને જેમને અનાદિ શ્રીકૃષ્ણ કહેવામાં આવે છે, તે આ પૃથ્વી પર ભાગવત્ ધર્મનું અસુરગણ થકી રક્ષણ કરવા માટે પ્રકટ થયા છે તેમને હું વંદન કરું છું. ૧

श्रीस्वामिनारायणमादिदेवं स्वकीयतेजःस्थितदिव्यरूपं ।
मुक्ताश्रयं श्रीपुरुषोत्तमं तं वंदे परब्रह्म सनातनं च ।। २ ।।

શ્રી સ્વામિનારાયણ ભગવાન જે આદિદેવ છે; અધોઊર્ધ્વ પ્રમાણે રહિત એવા પોતાના તેજમાં દિવ્ય સ્વરૂપે વિરાજમાન છે અને જેમનો મુક્તગણ આશ્રય કરે છે, એવા સનાતન, પરબ્રહ્મ પુરુષોત્તમ એમનું હું વંદન કરું છું. ૨.

* * *

સર્વ અવતારના કારણ અવતારી શ્રી સ્વામિનારાયણ એ એક જ ભગવાન છે; તેમને કોઈના અવતાર કહેવાય જ નહિ; અવતારોમાં તો નાના-મોટા એવું તારતમ્ય છે. પરંતુ

અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન તો એક જ ને અદ્વિતીય છે. તે જુઓ :-

## (૧) લોયા વચનામૃત ચૌદનું રહસ્ય

આ વચનામૃતમાં શ્રીહરિજીએ કહ્યું છે : 'ભગવાનના જે ઘણાક અવતાર થયા છે તેને એમ જાણીએ છીએ જે, એ સર્વે અવતાર નારાયણના છે. (એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાન જે અમે, તે અમારા છે.) તોપણ, તે અવતારમાં ઋષભદેવજી અમને બહુ ગમે; તથા તેથી ઊતરતા કપિલજી તથા દત્તાત્રેય એ બેય અમને સરખા જણાય છે; અને એ ત્રણે અવતાર કરતાં કોટીગણું શ્રીકૃષ્ણને વિષે અમારે હેત છે.' એટલે એ ત્રણે અવતાર કરતાં શ્રીકૃષ્ણ કોટીગણા અધિક મોટા છે.

**ભાવાર્થ** : - આ વચનામૃતમાં શ્રીજીમહારાજ જણાવે છે કે: અવતારોમાં અંશ, કળા, પૂર્ણ, પરિપૂર્ણ એવો ભેદ છે; મચ્છ-કચ્છાદિ અવતારો છે; પરંતુ, તેમાં અમારી રૂચિ નથી. કપિલદેવ તથા દત્તાત્રેય અમને સરખા જણાય છે અને એ બે અવતારો કરતાં ઋષભદેવજી અમને બહુ ગમે છે. અને એ ત્રણે અવતારો કરતાં અમને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે કોટીગણું હેત છે. આમાં શ્રીજીમહારાજને કહેવાનો એ અભિપ્રાય છે કે, જેમ શ્રીકૃષ્ણ અન્ય અવતારોના કારણ અવતારી છે; તેમ અમે શ્રીકૃષ્ણાદિ

સર્વે અવતારોના કારણ અવતારી છીએ.

## (૨) શ્રીહરિનો સામાન્ય સિદ્ધાંત

શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે રામકૃષ્ણાદિ સર્વ અવતારોના કારણ અવતારી છે; તેમ છતાં શાસ્ત્રમાં સામાન્ય સિદ્ધાંતનાં વચનોનો પણ ઉલ્લેખ જોવામાં આવે છે. જેમ કે, 'નરનારાયણ ઋષિ દુર્વાસાના શાપથી શ્રી સ્વામિનારાયણ રૂપે પ્રકટ થયા છે.' તથા :-

**'જે ગોકુળચંદ નંદલાડીલો રે લોલ;**
**તે જ ભક્તિધર્મ સુત શ્યામ.'**

આવાં પણ વચન જોવામાં આવે, તે પણ શાસ્ત્રમાં અવતાર-અવતારીનું અભેદપણે વર્ણન કરવાની રીતિ છે, તેથી કહ્યાં છે. જેમ ગઢડા મધ્ય પ્ર. વચનામૃત ૩૧માં કહ્યું છે: 'શાસ્ત્રમાં બહુધા પુરુષરૂપે કરીને જ પુરુષોત્તમને કહ્યા છે, તે કેમ સમજવું?' એવો શુકમુનિનો પ્રશ્ન છે. અને વળી અવતારમાં અવતારીનો આવિર્ભાવ થાય છે, તેથી અવતારે કરેલાં ચરિત્ર તે અવતારીનાં જ છે, એમ વિચારીને અભેદપણે વર્ણન કરેલું છે; પણ, આ સામાન્ય સિદ્ધાંત છે.

## (૩) શ્રીહરિનો મુખ્ય સિદ્ધાંત

(વચનામૃત તથા હરિવાક્યસુધાસિંધુ અનુસાર)

**ગઢડા મધ્ય પ્ર. વચનામૃત ૩૧માં, શ્રીજીમહારાજે કહ્યું છે:**

'જેમ આ જીવને વિષે ને વૈરાજપુરુષ ઈશ્વરને વિષે ભેદ છે, ને વળી જેમ ઈશ્વરને વિષે ને પુરુષને વિષે ભેદ છે, તેમ પુરુષ ને પુરુષોત્તમ તેને વિષે એવો ઘણો ભેદ છે. પુરુષોત્તમ તો સર્વના સ્વામી છે અને એવા અક્ષરાત્મક પુરુષ બ્રહ્મરૂપ ઘણાક છે તે જે તે, પુરુષોત્તમના ચરણારવિંદની ઉપાસના કરે છે ને સ્તુતિ કરે છે. આવી રીતે અમે વાર્તા ઘણીકવાર કરી છે; પણ એનું મનન કરીને સારી પેઠે પોતાના અંતરમાં ગેડ બેસાડતા નથી; એટલે, શાસ્ત્રના શબ્દને સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી; ને ઠાવકી ગેડ બેસાડી હોય તો એની સમજણ કોઈ દિવસ, તે શબ્દને સાંભળવે કરીને ફરે નહિ.' આવી રીતે અવતાર-અવતારીનો ભેદ શ્રીજીમહારાજે કહ્યો છે.

ગઢડા મધ્ય પ્ર. વચનામૃત ૯ માં પણ શ્રીહરિએ કહ્યું છે:- 'પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ, તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું; ને જો એમ ન જાણે, ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો અમારો દ્રોહ કર્યો કહેવાય.'

વળી ગઢડા મધ્ય પ્ર. વચનામૃત ૧૩ માં શ્રીહરિ કહે છે: 'જે તેજમાં મૂર્તિ છે તે જ મહારાજ પોતે છે.' તથા લોયા વચ. ૧૧માં - 'જેવી ભગવાનની મૂર્તિ પોતાને મળી હોય તેનું જ ધ્યાન કરવું; અને પૂર્વે ભગવાનના અવતાર થઈ ગયા તે મૂર્તિનું ધ્યાન ન કરવું અને પોતાને ભગવાનની જે મૂર્તિ

મળી હોય તેને વિષે પતિવ્રતાની ટેક રાખવી.'

ગઢડા મધ્ય પ્ર. વચનામૃત ૫૮ માં પણ શ્રીહરિ કહે છે: 'પોતાના ઇષ્ટદેવનાં જે, જન્મથી કરીને દેહ મૂકવા પર્યંતના ચરિત્ર તેનું જે શાસ્ત્ર, તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે. માટે પોતાના ઇષ્ટદેવનાં ચરિત્રનાં શાસ્ત્ર વાંચવાં-સાંભળવાં.' આવાં વચન મુખ્ય સિદ્ધાંતનાં છે. તેમ જ હરિવાક્યસુધાસિંધુ તરંગ ૧૪૬ માં શ્રીહરિએ કહ્યું છે :-

रामकृषादयः सर्वेऽवतारा सन्त्यतो हि मे[६३] ।
पुरुषोत्तमस्य वित्तेत्येतत्सत्यं ब्रवीमि वः ।। १ ।।

પુરુષોત્તમ એવો હું, તે મારા રામકૃષ્ણાદિ સર્વે અવતારો છે એ પ્રકારે જાણો; આ વાત હું તમોને સત્ય કહું છું. ૧.

શ્રીજીમહારાજ હ. સુ. તરંગ ૧૩૨ માં પણ કહે છે:-

अन्येषां स्वस्वरुपाणां भावा ये तेऽखिला अपि[६] ।
अत्र संदर्शितास्तेन कृष्णः स्वयमितीर्यते ।। २ ।।

શ્રીકૃષ્ણ ભગવાને પોતાથી પૃથક્ પોતાનાં સ્વરૂપો, તેના સકળ 'भावाः' જે આવિર્ભાવ અવતાર તે પણ પોતાને વિષે દેખાડ્યા, તેણે કરીને શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન કહેવાય છે; અર્થાત્ અવર અવતારના અવતારી છે ૨. પછી એ જ તરંગમાં આ પ્રમાણે કહ્યું છે :-

एवं श्रीहरिणात्मनि प्रकटिता लक्ष्मीधवाद्याकृत्ति[१७] ।
रैश्वर्याणि च तत् स्थितानि हृदये संस्मृत्य चित्रं गताः ।।

ज्ञात्वा चाखिलकारणं तमभजस्ते साधवः सर्वशः ।

तद्वाक्याऽमृतपानहृष्टमनसश्चान्ये गृहस्था अपि ।। ३ ।।

અને જેમ શ્રીકૃષ્ણ ભગવાને પોતા થકી પૃથક્ પોતાના અવતારો રૂપે દર્શન દીધાં, તેથી શ્રીકૃષ્ણ તે તે અવતારોના અવતારી ને પુરુષોત્તમ કહેવાયા; તેમ જ શ્રી સ્વામિનારાયણ ભગવાનને 'आत्मानि' અર્થાત્, પોતાના સ્વરૂપમાંથી પોતાના સંકલ્પે કરીને પ્રકટ કરેલા જે શ્રીકૃષ્ણ, નરનારાયણ ને વાસુદેવ આદિ અવતાર તેમને તથા તે અવતારના ઐશ્વર્ય, તેને સમાધિઓમાં અનંત ભક્તોને દેખાડ્યાં, અને તેથી તે સમાધિમાં દેખેલા ધામ-ઐશ્વર્ય સહિત સંકલ્પાવતારો, તેની હૃદયમાં સ્મૃતિ કરીને આશ્ચર્યને પ્રાપ્ત કરતા અને તે શ્રીજીમહારાજના વચનામૃતના જ્ઞાને કરીને પોતાને પૂર્ણકામપણાને માનતા, એવા સર્વ સંતો તથા ગૃહસ્થ ભક્તજનો, તે પણ, શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુને, શ્રીકૃષ્ણાદિક સર્વે અવતારના સુખ-સામર્થ્યના દાતા ને પ્રકાશના પ્રકાશક જાણીને તે શ્રીહરિને ભજતા હતા. ૩.

વળી હ. સુ. તરંગ ૧૨૧માં શ્રીહરિ કહે છે: -

ईश्वरत्वं महत्त्वं च यत्रान्येषामुदीरीतम्[35] ।

तत्रास्यैवाऽन्वयेनैव प्रोक्तमिति च दृश्यताम् ।। ४ ।।

શાસ્ત્રમાં જે સ્થળે બીજા અવતારનું ઈશ્વરપણું ને 'મહત્ત્વ' જે ભગવાનપણું કહ્યું છે તે, અવતારમાં અવતારી મહાપ્રભુ જે હું, તે મારું અન્વયપણે પ્રવેશ થવાથી જ

કહ્યું છે એમ જાણવું. ૪.

વળી એ જ તરંગમાં કહ્યું છે :-

कार्यार्थं यत्र यत्राऽस्याऽनुप्रवेशोऽस्ति च प्रभोः[३७] ।

स स प्रोक्तोऽस्ति भगवानिति नैव स्वतः क्कवचित् ।। ५ ।।

જે કાર્ય કરવાને અર્થે જે જે અવતારમાં, અવતારી પ્રભુનો અંતર્યામીપણે અનુપ્રવેશ થાય છે, તે તે અવતાર-સ્વરૂપને ભગવાન કહ્યા હોય છે; પરંતુ તે 'स्वतः' એટલે કે, પોતાની સ્વતંત્ર સત્તાથી ભગવાન નથી. ૫. શ્રીહરિનાં આવાં વચન મુખ્ય સિદ્ધાંતનાં જાણવાં. તે શિક્ષાપત્રીમાં જ કહ્યું છે કે, સચ્છાસ્ત્રોને વિષે, જે વચન અમારું સ્વરૂપ, ધર્મ, ભક્તિ ને વૈરાગ્ય-એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતાં હોય તે વચન, બીજાં વચન કરતાં પ્રધાનપણે માનવાં.

હરિવાક્યસુધાસિંધુ તરંગ ૧૪૨ માં પણ શ્રીહરિએ કહ્યું છે :-

वाक्यातिक्रमदोषस्तु नश्येत्प्रार्थनया हरेः[१०] ।

न तन्मूर्तिद्रोहदोषः प्रायश्चित्तशतैरपि ।। ६ ।।

ભગવાનના વચનનું ઉલ્લંઘન થવારૂપી જે દોષ તે તો, શ્રીહરિની પ્રાર્થના કરવાથી પણ નાશ પામી જાય છે; પરંતુ ભગવાનના સ્વરૂપનો દ્રોહ કરવારૂપ જે દોષ તે તો સેંકડો પ્રાયશ્ચિત્તે કરીને પણ નાશ નથી પામતો; અર્થાત્ શ્રીજીમહારાજને નિરાકાર કે બીજા અવતાર જેવા જાણે તે રૂપી જે દોષ, તે સેંકડો પ્રાયશ્ચિત્તે કરીને પણ નાશ પામતો નથી ૬.

## (૪) અવતારને ભગવાન કહેવાનું કારણ

### (વચનામૃતાનુસાર)

હવે કારણ મૂર્તિ ભગવાન, પોતાના ઐશ્વર્યાથી ભક્તોને ઐશ્વર્ય આપે છે તે ભક્તો તેમના ધ્યાને કરીને ભગવાનરૂપ કહેવાય છે. તે શ્રીજીમહારાજે પંચાળાના બીજા વચનામૃતમાં કહ્યું છે:-

'એ ભગવાન જેવા તો ભગવાન જ છે ને બીજા જે પ્રકૃતિપુરુષાદિક છે તે તો, એના ભક્ત છે ને એનું ધ્યાન કરે છે, માટે એ ભગવાનરૂપ છે; જેમ કોઈ મોટા સંત હોય, ને તે ભગવાનનું ધ્યાન કરતા હોય ને તેને ભગવાનરૂપ જાણે છે; તેમ એ પ્રકૃતિપુરુષાદિક પણ ભગવાનરૂપ છે. અને **'એ સર્વેથી પર જે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ'** તે જ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધરૂપે થાય છે તથા રામકૃષ્ણાદિક અવતારનું ગ્રહણ કરે છે.'

પંચાળા વચનામૃત ૭ માં - 'અને એ જે પુરુષોત્તમ નારાયણ તે કોઈક કાર્યને અર્થે પુરુષરૂપે થાય છે, ત્યારે એ પુરુષ છે તે પુરુષોત્તમના પ્રકાશમાં લીન થઈ જાય છે, ને પુરુષોત્તમ જ રહે છે. એવી રીતે અનેક પ્રકારના કાર્યને અર્થે જેને જેને વિષે એ પુરુષોત્તમનો પ્રવેશ થાય છે તેને તેને, પોતાના પ્રકાશે કરીને લીન કરી નાખીને, પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન થકા રહે છે. અને જેને વિષે

પોતે વિરાજમાન રહે છે તેના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રકટ કરે છે. જેમ અગ્નિ લોઢાને વિષે આવે છે ત્યારે લોઢાનો જે શીતળ ગુણ ને કાળો વર્ણ, તેને ટાળીને પોતાના ગુણને પ્રકાશ કરે છે' આ બંને વચનામૃતમાં શ્રીજીમહારાજનાં **ઐશ્વર્યાવેશને લઈને** અવતારોને પણ ભગવાન કહેવાય છે, એમ શ્રીહરિજીએ સ્પષ્ટતા કરી છે.

## (૫) શ્રીમદ્દ્ભાગવતાદિ શાસ્ત્રથી અવતાર-અવતારી ભેદ

(શ્રીકૃષ્ણ તથા વાસુદેવનું પૃથક્પણું)

શ્રીમદ્દ્ભાગવતમાં પણ અવતાર-અવતારીપણાનો ભેદ કહ્યો છે; તે પ્રથમ સ્કંધના ત્રીજા અધ્યાયમાં એમ કહ્યું છે: ભગવાને મહદાદિક તત્ત્વદ્વારે વૈરાજપુરુષનું રૂપ ધારણ કર્યું અને વૈરાજપુરુષ દ્વારા ચોવીસ અવતાર થયા છે. ત્યારબાદ એ જ અધ્યાયમાં કહ્યું છે:-

एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान्स्वयम्[૨૮] ।
इंन्द्रारिव्याकुलं लोकं मृडयंति युगे युगे ।। ७ ।।

એ ચોવીસ અવતાર 'પુરુષના' એટલે મહાપુરુષના અંશ ને કળા અવતાર છે અને કૃષ્ણ ભગવાન તો, સ્વયં પોતે મૂળપુરુષરૂપ ભગવાન છે ને મહામાયા જે રુક્મિણીજી તેમના પતિ છે; ગોલોકધામના નિવાસી છે; અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે ને તે જ પોતે બ્રહ્માંડમાં યુગયુગમાં અવતાર ધારણ કરે છે; અને આસુરી સંપદાએ યુક્ત એવા દૈત્યો તેમણે

પીડાને પમાડેલ એવા જે દેવતા તથા સાધુ તેમનું રક્ષણ કરે છે ૭.

આ ત્રીજા અધ્યાયમાં, 'નરનારાયણ અને શ્રીકૃષ્ણ એ અવતાર પણ વૈરાજપુરુષમાંથી થાય છે.' એમ કહ્યું: તે વૈરાજપુરુષ તો માયાબદ્ધ છે તો તેથી નિર્ગુણ અવતાર કેમ સંભવે? તો તેનો નિર્ણય ગઢડા મધ્ય પ્રકરણ વચનામૃત ૩૧ માં કર્યો છે; શ્રીજીમહારાજ કહે છે: 'એ વૈરાજપુરુષ દ્વારાએ (ભગવાનના) અવતાર થાય છે. એમ શાસ્ત્રમાં કહ્યું છે: તે તો એમ સમજવું જે, એ જે વાસુદેવનારાયણ તે પુરુષરૂપે કરીને વૈરાજપુરુષને વિષે આવીને વિરાજમાન હોય, ત્યારે અવતાર કહ્યા છે; માટે તે અવતાર તો સર્વે, વાસુદેવ ભગવાનના જ છે. અને એ વાસુદેવ ભગવાન જ્યારે પ્રતિલોમપણે, એ વૈરાજપુરુષ થકી નોખા પડી જાય, ત્યારે, એ કેવળ વૈરાજપુરુષ થકી અવતાર સંભવે જ નહિ.'

આ વચનામૃતમાંથી એમ સમજાય છે જે, વૈરાજપુરુષમાંથી અવતાર થાય છે તેમાં શ્રીકૃષ્ણ ને નરનારાયણ વિના, બીજા જે અવતાર છે તે મહાપુરુષના છે; અને શ્રીકૃષ્ણ ને નરનારાયણ તે વાસુદેવ નારાયણના અવતાર છે.

વળી ગોલોકવાસી શ્રીકૃષ્ણ ભગવાન પોતે જ મહામાયાના પતિ મહાપુરુષ છે અને તે જ પોતે, વસુદેવ-દેવકીના પુત્રરૂપે

પૃથ્વીપર પ્રગટ થયા હતા. અને જે મહાલક્ષ્મજી છે તે ભીમક રાજાની પુત્રી રુક્મિણીરૂપે પ્રકટ થયાં હતાં; તે 'રુક્મિણી' મહામાયા છે અને તેના પતિ 'કૃષ્ણ' તે મહાપુરુષ છે. તે શ્રી. ભા. સ્કંધ ૧૦, અ. ૬૦ માં કહ્યું છે:-

क्व स्वे महिम्न्यभिरतो भगवांस्त्र्यधीशः[३४] ।
क्वाहं गुणप्रकृतिरज्ञगृहितपादा ।। ८ ।।

यर्ह्यस्य वृद्धय उपात्तरजोऽतिमात्रो[४६]
मामीक्षसे तदु ह नः परमाऽनुकम्पा ।। ९ ।।

રુક્મિણીજી કૃષ્ણ ભગવાનને કહે છે: હે સ્વામિન્! 'त्र्यधीशः' એટલે પ્રધાનપુરુષરૂપે ત્રણ ગુણના અધિષ્ઠાતા ને પોતાના મહિમામાં નિમગ્ન એવા ભગવાન તમે ક્યાં? અને અજ્ઞજનો જેની સેવા કરે છે એવી ગુણમય મહામાયા તે હું ક્યાં? ૮. અને તમે નિર્ગુણ છો તોપણ, આ વિશ્વની ઉત્પત્તિને અર્થે રજોગુણની માત્રાને અંગીકાર કરીને મારા સામું જુઓ છો; અર્થાત્ મારી સાથે રમણ કરો છો તે અહો! આશ્ચર્ય છે; મારા ઉપર તમારી મોટી કૃપા છે ૯. આનો ભાવ એવો છે કે, રુક્મિણીજી મહામાયા છે ને તેમના પતિ કૃષ્ણ તે મહાપુરુષ છે; આવો બંને શ્લોકનો ભાવાર્થ છે.

વળી શ્રી. ભા. સ્કં. ૪, અ.૧માં નરનારાયણ ભગવાનની જન્મ કથા છે તેમાં નરનારાયણ તે, વાસુદેવ ભગવાનના અવતાર છે અને તે જ નરનારાયણ, શ્રીકૃષ્ણ ને અર્જુનરૂપે

પ્રકટ થયા હતા * તે કહ્યું છે:-

ताविमौ वै भगवतो हरेरंशाविहागतौ ५९ ।

भारव्ययाय च भुवः कृष्णौ यदुकुरूद्वहौ ।। १० ।।

'भगवतः हरेः' એટલે શ્વેતદ્વીપવાસી વાસુદેવના 'अंशों' - અવતાર જે નરનારાયણ તે 'ईंहागतौ' અર્થાત્ આ બદરિકાશ્રમમાં આવ્યા છે. 'तौ ईमौ' એટલે તે પોતે નરનારાયણ, પૃથ્વીનો ભાર હરવા યદુકુળમાં શ્રીકૃષ્ણરૂપે અને કુરુકુળમાં અર્જુનરૂપે પ્રકટ થયા છે ૧૦. તેમ જ દશમસ્કંધ પૂર્વાર્ધ અ. ૪૧માં સુદામા માળી, બળદેવજી તથા શ્રીકૃષ્ણ પ્રત્યે કહે છે :-

भवन्तौ किल विश्वस्य जगतः कारणं परम्[४६] ।

अवतीर्णाविहांशेन क्षेमाय च भवाय च ।। ११ ।।

તમે શ્રીકૃષ્ણ ને બળરામ તે બેય, સર્વ જગતના કારણ છો અને સર્વ વિશ્વના 'क्षेमाय' એટલે સુખ સારુ ને 'भवाय' એટલે વૃદ્ધિને અર્થે, આ લોકમાં 'अंशेन' કહેતાં વાસુદેવના અંશે કરીને અવતર્યા છો; અર્થાત્ તમે વાસુદેવના અવતાર છો ૧૧. વળી પૂર્વાર્ધ દશમસ્કંધ અ. ૧૦માં નળકૂબેર તથા મણિગ્રીવ કહે છે:-

स भवान्सर्वलोकस्य भवाय विभवाय च[३५] ।

अवतीर्णोऽशभागेन साम्प्रतं पतिराशिषाम् ।। १२ ।।

---

* શ્રીમદ્ભાગવતમાં નરનારાયણ તે, શ્રીકૃષ્ણાર્જુનરૂપે પ્રક્ટ થયા, એમ કહ્યું છે પણ વાસ્તવિક નોખા છે.

સર્વ સુખ-સંપત્તિના આપનારા અને જેમના અવતાર દિવ્ય છે. એવા જે તમે શ્રીકૃષ્ણ ભગવાન તે 'सर्वलोकस्य' કહેતાં મુમુક્ષુ જીવોની વૃદ્ધિને અર્થે ને મોક્ષને અર્થે આ સમયે 'अंशभागेन' એટલે કે, વાસુદેવના ઐશ્વર્યનો અંશભાગનો, તમારામાં **'આવેશ'** થવાથી પ્રકટ થયા છો; અર્થાત્ તમે વાસુદેવના અવતાર છો ૧૨.

વળી વિષ્ણુપુરાણના પંચમ અંશના ૧૭માં અધ્યાયમાં આ પ્રમાણે વાર્તા છે: અક્રૂરજી શ્રીકૃષ્ણનાં તથા બળવદેવજીનાં દૂરથી દર્શન કરીને આ પ્રકારે વિચાર કરવા લાગ્યા:-

भगवद्वासुदेवांशो द्विधा योऽयं व्यवस्थित:[२६] ।। १३ ।।

આ શ્રીકૃષ્ણ અને બળદેવજી એ બે રૂપોમાં, જે આ શ્રીકૃષ્ણ છે તે, ભગવાન વાસુદેવના અંશ છે ૧૩.

तस्मादहं भक्तिविनम्रचेता व्रजामि सर्वेश्वरमीश्वराणाम्[३३] ।
अंशावतारं पुरुषोत्तमस्य ह्यनादिमध्यान्तमजस्य विष्णो: ।। १४ ।।

(ગ્રંથ, અંશ, અ. સદર)

એ હેતુથી તે ઈશ્વરોના ઈશ્વર; આદિ, મધ્ય અને અંતરહિત; એવા પુરુષોત્તમ ભગવાન જે 'વિષ્ણુ' એટલે વાસુદેવ તેમના અંશાવતાર શ્રીકૃષ્ણચંદ્રની પાસે, હું ભક્તિપૂર્વક નમ્ર ચિત્તથી જઉ છું; (મને પૂર્ણ આશા છે કે, તેઓ મારી અવજ્ઞા નહિ કરે) ૧૪. એમ વિચાર કર્યા પછી, અક્રૂરજી શ્રીકૃષ્ણ ભગવાનની પાસે જાય છે.

## (૬) વાસુદેવમાહાત્મ્યમાં કહેલ અવતાર-અવતારી ભેદ

### (નરનારાયણ તથા વાસુદેવનું પૃથક્પણું)

સ્કંદપુરાણમાં વાસુદેવમાહાત્મ્યના બીજા અધ્યાયથી આરંભી, ચોથા અધ્યાય સુધીમાં આજ વાત છે; એક સમયે નારદજી બદરિકાશ્રમમાં નરનારાયણનાં દર્શન કરવા આવ્યા; તે સમયે નરનારાયણ ભગવાન પૂજા કરતા હતા. તેમને પૂજા કરતા જોઈને નારદજીને સંશય થયો, 'આ પોંતે જ ભગવાન છે છતાં તે કોની પૂજા કરતા હશે?' તેથી નારદજીએ નારાયણને પૂછ્યું: હે ભગવન્! તમે જ સર્વ કર્તા છો; પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવન છો; તો વળી તમે કોની પૂજા કરો છો? ત્યારે નરનારાયણ ભગવાન નારદજી પ્રત્યે બોલ્યા:-

एकः स एव देवो नौ पितरौ चेति विद्धि भो ! ।
आवाभ्यां पूज्यतेऽसौ हि दैवे पित्र्ये च कल्पिते ।। १४ ।।

(અ. ૩, શ્લો. ૭)

હે નારદ! બ્રહ્મપુરધામના જે વાસુદેવ ભગવાન છે તે એક જ અમારા (नौ=आवयोः) 'देव' કહેતાં ઇષ્ટદેવ, ને 'पितरौ' એટલે સુખ, સામર્થ્ય ને પ્રકાશના દાતા છે - એમ તમે જાણો. અને 'कल्पिते' એટલે પંચપાત્રમાં જે પૂજાવિધિ કહ્યો છે, તે પ્રમાણે આ વાસુદેવ ભગવાનની અમે પૂજા કરીએ છીએ ૧૫.

વળી નરનારાયણ ભગવાન નારદજીને કહે છે:-

नास्ति तस्मात्परतरः पिता देवोऽथवा द्विज! ।
आत्मा हि नौ स विज्ञेयः कृष्णो ब्रह्मपुरेश्वरः ।। १६ ।।

હે દ્વિજ! બ્રહ્મપુરધામના ઈશ્વર જે શ્રીકૃષ્ણવાસુદેવ ભગવાન છે, તે અમો (नौ) નરનારાયણના આત્મા છે; અમારા આત્મામાં રહીને અમને પ્રકાશમાન કરે છે; તે થકી બીજા કોઈ અમારા પિતા વા ઇષ્ટદેવ નથી, એમ તમે જાણો ૧૬.

પૂર્વશ્લોકમાં તથા આ શ્લોકમાં નરનારાયણે નારદજીને કહ્યું કે, બ્રહ્મધામના નિવાસી જે શ્રી વાસુદેવ ભગવાન છે તેમનું પૂજન અમે કરીએ છીએ; એ અમારા કારણ, આત્મા ને પ્રકાશક છે. તે સાંભળી સંશયવાળા થયેલા નારદજી, અધ્યાય ૪માં નારાયણને ફરીથી પૂછે છે:-

त्वद्दर्शननैव हि पूर्णकामो भवामि भूमन्स्वहृदिप्सितेन[३] ।
तथाप्यहं तत्तव पूर्वरूपं प्रभो दिदृक्षामि हि कौतुकं मे ।। १७ ।।

હે ભૂમન્! મારા હૃદયમાં તમારાં દર્શનની ઇચ્છા હતી તે તમારાં દર્શન થયાં, તેથી જ હું પૂર્ણકામ થયો છું. તો પણ હે પ્રભો! તમારા મૂળસ્વરૂપનાં દર્શન કરવાની મારા હૃદયમાં ઇચ્છા રહે છે. અને તમે કહ્યું કે, બ્રહ્મધામના નિવાસી વાસુદેવનું અમે પૂજન કરીએ છીએ અને એ અમારા આત્મા છે. એથી મારા મનમાં 'कौतुकम्' અર્થાત્ સંભ્રમ સહિત આશ્ચર્ય થાય છે; માટે એ મૂળસ્વરૂપનાં દર્શન મને કરાવવા કૃપા કરો. ૧૭

હવે નારાયણ ભગવાન નારદજીને કહે છે: હે નારદ! આ બદરિકાશ્રમમાંથી કોઈ ઋષિ બ્રહ્મપુરમાં જવા સમર્થ નથી. અને શ્વેતદ્વીપના નિરન્નમુક્ત છે એ વાસુદેવનાં દર્શન કરવા જાય છે; માટે તમારી સાથે અહીંથી બે ઋષિઓ આવશે; તેમની સાથે તમે શ્વેતદ્વીપમાં જાઓ. અને ત્યાંથી એક શ્વેતમુક્ત તમારી સાથે આવશે, તે તમને બ્રહ્મપુરમાં વાસુદેવનાં દર્શન કરાવશે, એમ કહ્યું. ત્યારે નારદજી બે ઋષિઓની સાથે શ્વેતદ્વીપમાં ગયા ને ત્યાંથી એક નિરન્નમુક્તની સાથે બ્રહ્મપુરધામમાં આવીને વાસુદેવનાં દર્શન કર્યાં. ત્યારે વાસુદેવ ભગવાને નારદજીને કહ્યું: હે નારદ! તમને નારાયણે અહીં મોકલ્યા છે. તેથી મેં તમને દર્શન આપ્યાં; પણ તમે મારી સેવામાં રહેવાને પાત્ર થયા નથી; માટે બદરિકાશ્રમમાં જાઓ. ત્યારે નારદજી પાછા નરનારાયણ પાસે આવ્યા અને નારાયણ ભગવાનનાં દર્શન કર્યાં. તે સમયની વાત અ. ૧૯ માં વર્ણવેલી છે, તેમાં નારાયણ ભગવાનનું નારદજી પ્રત્યે આ પ્રકારનું વચન છે :-

अपि ब्रह्मन् स भगवान् परमात्मा सनातनः[१०] ।
ब्रह्मधाम्नि त्वया दृष्टः आवयोः कारणं परम् ।। १८ ।।

હે બ્રહ્મન્! તમે બ્રહ્મપુરધામને વિષે જે વાસુદેવ ભગવાનનાં દર્શન કર્યાં, તે જ ભગવાન સનાતન અનાદિ પરમાત્મા છે અને અમારા પરમ કારણ છે ૧૮. એ હેતુથી

અમે તેમની આજ્ઞામાં રહીને મુમુક્ષુની શિક્ષાને અર્થે તપવ્રત કરીએ છીએ. આનો ભાવાર્થ એ છે કે, બદરીવનવાસી નરનારાયણ ભગવાન તે, વાસુદેવ ભગવાનના અવતાર છે.

## (૭) મહાભારતમાં કહેલ અવતાર-અવતારી ભેદ

(નરનારાયણ તથા વાસુદેવનું પૃથક્પણું)

મહાભારતના શાંતિપર્વના મોક્ષધર્માનુશાસન પર્વ, અ. ૩૩૪ માં, યુધિષ્ઠિર રાજા ભિષ્મપિતામહને પૂછે છે:-

देवतानां च को देवः पितृणां च पिता तथा[४] ।
तस्मात् परतरं यच्च तन्मे ब्रूहि पितामह ।। १९ ।।

દેવતાઓના પણ દેવતા અને પિતૃઓના પણ પિતા કોણ છે? અથવા તે થકી પણ શ્રેષ્ઠ તત્ત્વ શું છે? હે પિતામહ! આ સર્વે વાત મને સમજાવો ૧૯.

હવે તે પછી શ્લો. ૯ માં, ભિષ્મપિતામહ યુધિષ્ઠિર રાજાને કહે છે:-

कृते युगे महाराज ! पुरा स्वायम्मुवेऽन्तरे ।
नरो नारायणश्चैव हरिः कृष्णः स्वयम्भूवः ।। २० ।।

હે મહારાજ! પૂર્વે સ્વાયંભુવ મન્વંતરના સતયુગમાં, એ સ્વયંભૂ ભગવાન **'વાસુદેવ'** ના ચાર અવતાર થયા હતા. તેમનાં નામ :- **નર, નારાયણ, હરિ અને કૃષ્ણ**- એવાં રાખેલા હતાં ૨૦. વળી શ્લો. ૧૮ તથા ૧૯ માં અનુક્રમે દ્વિતીય તથા પ્રથમ પાદમાં કહે છે:-

अथ कृष्णो हरिश्चैव कस्मिंश्चित् कारणान्तरे ।। २१ ।।
स्थितौ धर्मोत्तरौ ह्येतौ तथा तपसि धिष्ठितौ ।। २२ ।।

એ ચારમાં 'હરિ કહેતા પ્રધાનપુરુષ અને કૃષ્ણ તે કોઈ બીજા કાર્યમાં જોડાયા; પરંતુ નારાયણ અને નર એ બંને તો, ધર્મને પ્રધાન માની (બદરિકાશ્રમમાં જઈને) તપશ્ચર્યા કરવામાં તત્પર થયા ૨૧-૨૨.

વળી એ જ પર્વ ને એ જ અધ્યાય (૩૩૪) માં કથાનો આવો પ્રસંગ છે: એક વખત નર તથા નારાયણ તે બંને, ભગવાનનું પૂજન કરતા હતા ને નારદજી બદરિકાશ્રમમાં ગયા. ત્યાં તે બંનેને પૂજા કરતા જોઈને નારદજીએ પૂછ્યું:-

वेदेषु सपुराणेषु साङ्गोपाङ्गेषु गीयसे[२५] ।
त्वमजः शाश्वतो धाता मातामृतमनुत्तमम् ।। २३ ।।
कं त्वद्य यजसे देवं पितरं कं न विभ्महे[२७] ।। २४ ।।

હે ભગવન્! અંગ તથા ઉપાંગો સહિત, સંપૂર્ણ વેદોમાં તથા પુરાણોમાં, આપનો મહિમા વર્ણન કર્યો છે; આપ અજન્મા, સનાતન, બધાના માતાપિતા તથા સર્વોત્તમ અમૃતરૂપ છો. (વળી સર્વજનો આપનું પૂજન કરે છે.) તો પણ આજે, આપ ક્યા દેવતા તથા ક્યા પિતૃની પૂજા કરો છો, તે મારા સમજવામાં આવતું નથી તેથી હું જાણવા ઇચ્છું ૨૩-૨૪

આમ જ્યારે પૂછ્યું ત્યારે નારાયણ ભગવાન, નારદજીને કહેવા લાગ્યા:-

अवाच्यमेतद् वक्तव्यमात्मगुह्यं सनातनम्[२८] ।
तव भक्तिमतो ब्रह्मन् ! वक्ष्यामि तु यथातथम् ।। २५ ।।
(મહાભારત શા. મો. અ. ૩૩૪)

હે બ્રહ્મન્! તમે જે બાબતનો પ્રશ્ન પૂછ્યો, તે, 'વાત' અર્થાત્, તે સનાતન રહસ્ય અમારે કોઈને કહેવા યોગ્ય નથી; ગુપ્ત રાખવા જેવું છે; તો પણ, તમારા જેવા ભક્તને તો તે વાત કહેવી જોઈએ; માટે હું તે રહસ્ય યથાર્થપણે તમોને કહું છું ૨૫. ત્યારબાદ વાસુદેવ ભગવાનનું વર્ણન કરીને, નારાયણે એ જ અધ્યાયના શ્લો. ૩૨ માં નારદજીને આ પ્રમાણે કહ્યું:-

तां योनिमावयोर्विध्धि योऽसौ सदसदात्मकः ।
आवाभ्यां पूज्यतेऽसौ हि दैवे पित्र्ये च कल्प्यते ।। २६ ।।

સત્-અસત્સ્વરૂપ તે પરમાત્મા શ્રી વાસુદેવ જ, નરનારાયણ એવા અમો બંનેની ઉત્પત્તિના કારણ છે, એમ તમે સમજો; અમે બંને તેમની પૂજા કરીએ છીએ. અને 'દેવ' એટલે ઇષ્ટદેવ તથા 'પિતૃ' કહેતાં સુખ, સામર્થ્ય ને પ્રકાશના દાતા પણ તેમને જ માનીએ છીએ ૨૬. અને જે જનો તેમનું પૂજન કરે છે તે તત્કાળ 'ઉત્તમ ગતિ' અર્થાત્ તેમના ધામને પામે છે-એમ કથા પ્રસંગથકી જાણવું.

હવે ભગવાનને વિષે જે અત્યંત સ્નેહવાળા ભક્તો છે તેમની ગતિ એ જ અધ્યાયના શ્લો. ૪૪ માં નારાયણ આ પ્રમાણે કહે છે:-

यें तु तद्भाविता लोंके ह्येकान्तित्वं समास्थिताः ।
एतदभ्यधिकं तेषां यत्ते तं प्रविशन्त्युत ।। २७ ।।

જે મનુષ્યો તે વાસુદેવનારાયણનું સ્મરણ કરે છે તથા અનન્ય ભાવથી તેમનું શરણ સ્વીકારે છે તેમને સૌથી મોટો લાભ એ થાય છે કે, તે ભક્તો ભગવાનના સ્વરૂપમાં પ્રવેશ કરે છે; અર્થાત્ ભગવાન કૃપા કરી તેમને પોતાની મૂર્તિમાં રાખી મૂર્તિનું સુખ આપે છે. ૨૭

હવે નારાયણ ભગવાન, નારદજીને અધ્યાયની સમાપ્તિમાં કહે છેઃ-

इति गुह्यसमुद्देशस्तव नारद ! कीर्तितः[८५] ।
भक्त्या प्रेम्णा च विप्रर्षे ! अस्मभ्द्‌क्त्या च ते श्रुतः ।। २८ ।।

હે નારદ! હે વિપ્રર્ષે! તમારે ભગવાનને વિષે પ્રેમ તથા ભક્તિ છે, તેમ જ અમારે વિષે પણ ભક્તિભાવ થયો છે; તેથી જ અમે તમને આ ગુહ્ય વાર્તા કહી; અને તમને પણ સાંભળવાનો અવસર મળ્યો ૨૮. આવી રીતે નરનારાયણ ભગવાને સ્વયં નારદજીને સ્વમુખે કહેલું છે. આ શ્લોકનો ભાવાર્થ એવો છે કે, જેને ભગવાન અને તેમના મુક્તમાં હેત હોય તેને જ અવતાર-અવતારીના ભેદની વાત સમજાય છે; પરંતુ કેવળ શાસ્ત્રમાંથી પોતાની મેળે સમજાતી નથી.

મહાભારતના શાંતિપર્વના મોક્ષધર્માનુશાસન પર્વ, અ. ૩૪૩ માં પણ, નરનારાયણ ભગવાન નારદજીને પૂછે છેઃ-

अपीदानी स भगवान् परमात्मा सनातनमः[45] ।। २९ ।।

श्वेतद्वीपे त्वया दष्टः आवयोः प्रकृतिः परा [46] $\frac{1}{2}$ ।। २९ $\frac{1}{2}$ ।।

હે નારદ! આ સમયે તમે શ્વેતદ્વીપમાં જઈને, નર-નારાયણ એવા અમે બંનેના કારણરૂપ સનાતન પરમાત્મા તે વાસુદેવ ભગવાનનાં કેવાં દર્શન કર્યાં? ૨૯-૨૯ $\frac{1}{2}$ આ પ્રકારે પૂછવાથી નારદજી, નરનારાયણ ભગવાનને કહેવા લાગ્યા :-

दष्टो मे पुरुषः श्रीमान् विश्वरुपधरोऽव्ययः[47] ।। ३० ।।

दष्टो युयां मया तत्र तस्य देवस्य पार्श्वतः [48] ।। ३१ ।।

(ગ્રંથ પર્વ અ. સદર)

હે ભગવન્! મેં વિશ્વરૂપધારી એવા કાંતિમાન પરમપુરુષ અર્થાત્ વાસુદેવ ભગવાનનાં, દર્શન કર્યાં એટલું જ નહિ; પરંતુ મેં તમો બંનેને તે સ્થળે તે ભગવાનની સમીપે બાજુમાં જોયા. ૩૦-૩૧

## (૮) પૃથ્વીપર શ્રીજીની પ્રકટ થવાની ઇચ્છા

(શ્રીહરિદિગ્વિજય ગ્રંથાનુસાર)

વૈરાજબ્રહ્માની અર્ધભાગની આયુષ્ય વ્યતીત થયા બાદ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને, અક્ષરધામમાંથી પોતાના મુક્તોને સાથે લાવી, આ બ્રહ્માંડમાં છપૈયાપુરમાં ધર્મભક્તિને ઘેર દર્શન દીધાં અને નરનારાયણ દ્વારે તો દુર્વાસાના શાપનું નિમિત્ત કર્યું; પરંતુ શ્રીહરિ પોતે બદરિકાશ્રમવાસી ન હતા, તે વાત સાંપ્રદાયિક ગ્રંથોમાં ઘણા

સ્થળે જણાવેલી છે. તે અનાદિમુક્ત સદ્. નિત્યાનંદ સ્વામી રચિત હરિદિગ્વિજય ગ્રંથના બીજા ઉલ્લાસમાં શ્લો. ૩૧થી આરંભીને આ પ્રમાણે કહ્યું છે.:-

तावच्छ्रीवासुदेवः स्वाऽवतारं ब्रह्मधामपः[३१] ।
नारायणदात् स्वेक्षामुभूर्हविष्यन् भुवि प्रभुः ।। ३२ ।।

અક્ષરધામના અધિપતિ ને 'પ્રભુ' એટલે નરનારાયણાદિ અવતારના અવતારી, એવા અનાદિ વાસુદેવ જે શ્રી સ્વામિનારાયણ ભગવાન, તેમણે જ્યારે મૃત્યુલોકમાં પ્રકટ થવાની ઇચ્છા કરી ત્યારે બદરિકાશ્રમમાં પોતાના અવતાર, નારાયણ ભગવાનને પોતાનાં દર્શન દીધાં ૩૨.

ध्याने स्वपूर्वरुपं संवीक्ष्य नारायण स तम्[३२] ।
विवक्षन्तमिवालक्ष्या पृच्छद्यत्तद् विवक्षितम् ।। ३३ ।।

બદરિકાશ્રમના નિવાસી નારાયણ ભગવાન ધ્યાન કરતા હતા; તે ધ્યાનમાં 'स्वपूर्वरुपं' અર્થાત્ પોતાના કારણરૂપ જે અક્ષરધામના નિવાસી શ્રી સ્વામિનારાયણ ભગવાન, તેમનાં દર્શન કરીને વિચાર્યું કે, આ અક્ષરાધિપતિ ભગવાન મને કંઈક આદેશ આપવાની ઇચ્છા ધરાવે છે. તેથી શ્રીજીમહારાજને તેઓ પૂછતા હતા કે, હે સ્વામિન્! આપની ઇચ્છા મને જે કહેવાની હોય તે કહો ૩૩.

ततः प्राह स तं देवदेवोऽतिभारपीडिता[३३] ।
भूरस्ति साम्प्रतं जातोऽधर्मो वृद्धोऽस्ति तत्र च ।। ३४ ।।

ત્યારે તે અક્ષરધામના ધામી અને 'देवदेवः' એટલે 'દેવ' જે મુક્ત તેમના 'દેવ' કહેતાં ઇષ્ટદેવ, અથવા 'દેવ' જે નરનારાયણાદિ અવતાર તેમના દેવ અવતારી એવા શ્રીજીમહારાજ તે, નારાયણ ભગવાન પ્રત્યે બોલ્યા: આ સમયે પૃથ્વી અધર્મના ભારથી પીડા પામી રહી છે; કેમ કે પૃથ્વી ઉપર અધર્મ વૃદ્ધિ પામ્યો છે ૩૪.

तदुच्छित्यै तथैकान्तधर्मसंस्थापनाय च[३४] ।
अहं प्रादुर्भविष्यामि धर्माभ्हक्तावसौ प्रभुः ।। ३५ ।।

એ અધર્મનું ઉન્મૂલન કરવા તથા એકાંતિક ધર્મનું સ્થાપન કરવા 'प्रभुः' એટલે જીવોના આત્યંતિક મોક્ષ કરવા સમર્થ એવો હું સહજાનંદ સ્વામી, તે પોતે જ મારા અનાદિમુક્ત સ્વરૂપ એવા ધર્મ-ભક્તિ થકી પ્રગટ થઈશ ૩૫.

શ્રીહરિ, હવે દુર્વાસાએ આપેલા શાપગ્રહણનો હેતુ દર્શાવે છે:-

मत्प्रादुर्भावहेतूनां संभवो नास्ति धाम्नि मे[३५] ।
तमत्रातः समुभ्हव्य दुर्वासःशापछद्मना ।। ३६ ।।
कर्तास्मि वाञ्छितं यन्मे तत्त्वद् उद्देशतोऽचिरात्[३६] ।
एषोऽर्थोऽतस्त्वया गोप्यो भूत्वा मुख्येन सर्वथा ।। ३७ ।।

શ્રીજીમહારાજ, નારાયણને કહે છે : મારા ધામમાંથી મારા 'પ્રાદુર્ભાવનો' એટલે કે, પ્રકટ થવાના હેતુનો સંભવ નથી; અર્થાત્ મને પ્રકટ થવાનું કોઈને જાણી શકાય તેમ

નથી. અહીં આવો ભાવાર્થ છે : શ્રીજી કહે છે કે, મારા અક્ષરધામમાં મેં મારા મુક્તોને જણાવ્યું કે, જીવોના આત્યંતિક મોક્ષ કરવા, આપણે મૃત્યુલોકમાં મનુષ્યરૂપે પ્રકટ થઈએ. ત્યારે મુક્ત પણ તૈયાર થયા; પરંતુ અક્ષરધામમાં જે વાત થાય, તે ચાર ધામ તથા ચૌદ લોકમાં કોઈ જાણી શકતા નથી. એ હેતુથી આ બદરિકાશ્રમમાં દુર્વાસાઋષિના શાપનું નિમિત્ત કરી, મારે પ્રકટ થવાનો હેતુ ઉત્પન્ન કરીને તમારા ઉદ્દેશથી એટલે, નરનારાયણ પ્રકટ થશે એમ જણાવીને થોડા સમયમાં જ, જે મેં ઇચ્છા કરી છે તે પ્રમાણે જ હું કરીશ; એટલે મારા મુક્તોને સાથે લાવીને હું જ મારા ધામમાંથી પ્રકટ થઈશ અને મારું સર્વોપરી જ્ઞાન, મારા આશ્રિતોને સમજાવીને આત્યંતિક મોક્ષ કરીશ. એ હેતુ માટે હે નારાયણ! તમારે સર્વ પ્રકારે 'મુખ્ય થઈને' અર્થાત્ હું જ પ્રકટ થઈશ એમ કહીને 'एषः अर्थः' એટલે આ મારી વાત જે, હું અક્ષરધામમાંથી સ્વયં પ્રકટ થવાનો છું તે ગુપ્ત રાખવી; કેમ કે સર્વોપરીપણાનું મારું જ્ઞાન છે તે સમજવું દુષ્કર છે; તે તો મારા મુક્ત જેને સમજાવશે તે જ સમજી શકશે ૩૬-૩૭.

વળી શ્રીજીમહારાજ નારાયણને કહે છેઃ-

आयास्यन्ति मरीच्याद्या द्रष्टुं त्वा मुनयोऽत्र हि[39] ।। ३८ ।।

चिंता कार्या न वस्त्राता प्रादुर्भूय क्षितावहम्[40] ।

ईत्युक्त्वाऽन्तर्दधे यावत्स तं तत्राययुर्हि ते ।। ३९ ।।

મરીચિ આદિ ઋષિઓ તમારાં દર્શન કરવા આવશે, ને તમારા માતાપિતા જે ધર્મ તથા મૂર્તિદેવી તે પણ આવશે; તેમની સાથે તમે વાતો કરતા હશો, તે સમયે દુર્વાસાઋષિ અપમાનનું નિમિત્ત કરીને શાપ દેશે તેની તમારે ચિંતા કરવી નહિ; કેમ કે હું સ્વામિનારાયણ પોતે જ પ્રકટ થઈને, સર્વની શાપથકી રક્ષા કરીશ ને સર્વેને સુખી કરીશ, એમ કહીને શ્રીજીમહારાજ અંતર્ધાન થયા. પછી તે સર્વે ઋષિ આદિ આવ્યા ને દુર્વાસાએ આવીને શાપ દીધો; એમ કથા પ્રસંગ છે તો તે, તે થકી જાણી લેવો ૩૮-૩૯.

## (૯) રામાનંદ સ્વામીનો આદેશ

### (હરિલીલાકલ્પતરુ અનુસાર)

સ. ગુ. બ્રહ્મચારી અચિંત્યાનંદજી રચિત 'હરિલીલા-કલ્પતરુ' નામક મોટો ગ્રંથ છે. તેમાં સર્વાવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન છે, તેનું નિરૂપણ સ્થળે સ્થળે કર્યું છે. તે ગ્રંથના બીજા સ્કંધના ૫૮ માં અધ્યાયમાંથી અવતારીપણાનું કિંચિત્ વિવેચન અત્રે જણાવીએ છીએ.

અહીં કથાનો સંબંધ આવો છે: શ્રીજીમહારાજે સાત વર્ષ પર્યંત વનમાં તપશ્ચર્યા કરી, તીર્થોને પાવન કર્યાં અને અનેક જીવોનો મોક્ષ કર્યો. વળી અધર્મનું ઉન્મૂલન ને ધર્મનું પ્રવર્તન કરતા કરતા 'લોજ' ગામે આવીને, મુક્તાનંદ સ્વામી આદિ

સંત ભેગા રહ્યા. એ સમયે રામાનંદ સ્વામી ભુજમાં હતા; તમણે પોતાના ભક્તોને પત્ર લખીને જણાવ્યું કે લોજમાં બહુ મોટા બ્રહ્મચારી આવ્યા છે તેમનાં દર્શન કરવા તમારે જવું. ત્યારે તે પત્ર વાંચીને તે ભક્તો લોજમાં બ્રહ્મચારીનાં દર્શન કરવા ગયા; પરંતુ શેખપાટના લાલજી ભક્ત જે, ભાગવતી વાસુદેવી મહાદીક્ષા લીધા પછી નિષ્કુળાનંદ સ્વામી થયા હતા, તે બ્રહ્મચારીનાં દર્શન કરવા ગયા નહિ ને ભુજ રામાનંદ સ્વામીનાં દર્શન કરવા આવ્યા. ત્યારે રામાનંદ સ્વામીએ તેમને કહ્યું કે, તમને લોજ જવાનું લખ્યું હતું ને અહીં કેમ આવ્યા? ત્યારે લાલજી ભક્ત બોલ્યા: આપ અહીં બિરાજો છો ને લોજમાં કોનાં દર્શન કરવા જઉં? ત્યારે રામાનંદ સ્વામી બોલ્યા: લોજમાં તો બહુ જ મોટા બ્રહ્મચારી આવ્યા છે, એમ કહ્યું. ત્યારે લાલજી ભક્ત રામાનંદ સ્વામીને પૂછવા લાગ્યા:-

> ततोऽप्राक्षीत्स तं भूयः स तुल्यः कपिलेन किम्[२५] ।
> दत्तात्रेयेण हरिणा ऋषभेणाऽथवा समः ।। ४० ।।

હે મહામુને! તે 'લોજ'માં જે બ્રહ્મચારી આવ્યા છે તે કપિલદેવજી તુલ્ય છે? દત્તાત્રેય સમાન છે? કે ઋષભદેવ ભગવાન સરખા છે? ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું કે, એમની આગળ એ અવતાર તે **શું; એ તો એથી પણ મોટા છે** ૪. ત્યારે લાલજી ભક્તે વળી **સ્વામીને પૂછ્યું** :-

रामचंद्रेण किं तुल्यो वर्तते स महामुने ![૪૬] ।
स प्राहेत्यथ तेभ्योऽपि विद्यते स भृशं वरः ।। ४१ ।।

એ બ્રહ્મચારી, રામચંદ્રજી ભગવાન તુલ્ય છે શું? ત્યારે સ્વામી તેમના પ્રત્યે બોલ્યા: હે લાલજી! તે વર્ણિરાજ તો, રામચંદ્ર આદિ સર્વે અવતારથી પણ અતિશય મોટા છે ૪૧. ત્યારબાદ જેના મનમાં અતિ આશ્ચર્ય થયું છે એવા તે લાલજી ભક્ત ફરીથી સ્વામીને આ પ્રકારે પૂછે છે:-

स तं पुनरथाप्राक्षीदित्थं विस्मितमानसः[૪૭] ।
अस्माकमिष्टदेवेन स किं कृष्णेन सन्निमः ।। ४२ ।।

તે બ્રહ્મચારી, આપણા ઇષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન તેમના તુલ્ય છે શું? ૪૨. ત્યારે રામાનંદ સ્વામી લાલજી ભક્તને આ પ્રકારે કહેવા લાગ્યા:-

स इत्यथाऽवदद् भक्तं मत्तः कृष्णो यथाऽधिकः[૪૮] ।
तथाऽत्यधिक एवेशात् तस्मादपि स विद्यते ।। ४३ ।।

હે ભક્ત! જેમ શ્રીકૃષ્ણ ભગવાન મારા થકી મોટા છે, તેમ જ લોજમાં આવ્યા છે જે બ્રહ્મચારી, તે ગોલોકધામના નિવાસી શ્રીકૃષ્ણ ભગવાન થકી પણ અતિશય મોટા છે ૪૩.

વળી સ્વામી કહે છે:-

सर्वेषामवताराणां कारणं च परात्परः[૪૯] ।
सोऽप्राकृतगुणैश्वर्यो विद्यते पुरुषोत्तमः ।। ४४ ।।

હે ભક્ત! એ બ્રહ્મચારી તો દિવ્યગુણ ને દિવ્ય ઐશ્વર્યવાળા છે અને ગોલોકવાસી જે કૃષ્ણ ભગવાન, બદરીવનવાસી નરનારાયણ ભગવાન તથા શ્વેતદ્વીપનિવાસી વાસુદેવબ્રહ્મ તે સર્વે અવતારના કારણ છે; અર્થાત્ એમના સુખ, સામર્થ્ય ને પ્રકાશના દાતા છે. અને 'परात्परः' કહેતાં, પર જે મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તે થકી પણ પર છે, એટલે પોતાના તેજ:પુંજરૂપ બ્રહ્મમાં રહ્યા છે. અને 'पुरुषोत्तमः' એટલે 'પુરુષ' જે મુક્તપુરુષ તેમના સ્વામી, સુખદાતા ને નિયંતા છે માટે પુરુષોત્તમ કહ્યા છે, એવા મોટા એ બ્રહ્મચારી છે; તેમનાં દર્શન કરવા તમે ગયા નહિ તે તમે મોટી ભૂલ કરી ૪૪. આવો સર્વોપરી નિશ્ચય થયો તે પછી, સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું:-

**અલૌકિક મૂર્તિ આજની, ધરી ધર્મકુમાર;**
**જોતાં ના'વે જોડ્યમાં, આ સમ અન્ય અવતાર.**
**સમર્થ મૂતિ સુખભરી, ધરી ન ધરશે કોય;**
**સર્વોપરી છે શ્રીહરિ, સહજાનંદ પ્રભુ સોય.**

(હરિસ્મૃતિ ચિંતામણિ ૭)

## (૧૦) અવતારીપણું - સત્સંગિજીવનાનુસાર

સર્વથી પર શ્રીજીમહારાજના તેજનો સમૂહ છે તેમાં સદા વિરાજમાન ને દિવ્યસાકાર દ્વિભુજ મૂર્તિ, મહા સુખમય, અતિશય તેજોમય, મુક્ત-નિત્યમુક્તના સ્વામી, સુખદાતા ને

નિયંતા અને વારાહ-નૃસિંહાદિક સર્વ અવતારના અવતારી જે શ્રીકૃષ્ણ, નરનારાયણને વાસુદેવ છે, તેમના પણ અવતારી અને તેમને સુખ, સામર્થ્ય, પ્રકાશ, ઐશ્વર્ય વગેરેના પ્રદાતા, તેમના નિયંતા તથા અક્ષર, કાળ, મહાપુરુષ ને મહામાયા - એમના દ્વારે અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિને પ્રલયરૂપ છે લીલા જેમની, તેમ જ અનંત નામના નામી, સર્વના સ્વામી અનંત સ્વરૂપના સ્વરૂપી એવા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ છે; તે વૈરાજબ્રહ્માની અર્ધી આયુષ્ય પૂરી થઈ ત્યારે, બ્રહ્માંડમાં મનુષ્યલોકમાં એકવાર મનુષ્યરૂપે પોતે પ્રકટ થયા છે. આ વાત શ્રીહરિએ બે શ્લોકે કરીને સ. જી. પ્ર. ૩, અ. ૨૪માં આ પ્રમાણે કહેલી છે:-

निःश्रेयसाय जीवानां श्रीविष्णुर्भगवान्स्वयं[१०] ।
आविर्भवति भूलोके स्वतंत्रः करुणानिधिः ।। ४५ ।।
नरनारायणो दत्त ऋषभः कपिलादयः[११] ।
रामकृष्णादयश्चास्याऽवतारीः सन्ति भूरिशः ।। ४६ ।।

'સ્વતંત્ર' એટલે પોતાના અક્ષરધામમાં રહ્યા થકા જ અનંતકોટી બ્રહ્માંડમાં તથા મૃત્યુલોકમાં, મનુષ્યરૂપે દર્શન દેવા અને ભક્તના આત્યંતિક મોક્ષ કરવા સમર્થ; ને 'करुणानिधिः' એટલે એકાંતિક ભક્તના મનોરથ પૂરા કરવા, તેમ જ તેમને સુખ આપવા સારુ મનુષ્યરૂપે પ્રકટ થતા એવા કૃપાના નિધિ; ને 'विष्णुः' કહેતાં, રામકૃષ્ણાદિક સર્વે અવતારોમાં પોતાના

પ્રકાશનાં કિરણોથી પ્રવેશ કરીને, અવતારોને પ્રકાશ-ઐશ્વર્યના પ્રકાશક, એવા સ્વયં ભગવાન જે શ્રી સ્વામિનારાયણ, તે જ પોતે જીવોના, 'नि:श्रेयसाय' એટલે, જીવોને પોતાના અક્ષરધામમાં લઈ જઈને પોતાના સ્વરૂપનો આનંદ અનુભવ કરાવવો, તે રૂપી આત્યંતિક મોક્ષ પ્રાપ્ત કરવા અને એકાંતિક ધર્મનું પ્રવર્તન કરવા, મનુષ્યલોકમાં પ્રકટ થાય છે. તે સ્વયં પ્રત્યક્ષ વિષ્ણુ ભગવાન તે, હું સ્વામિનારાયણ છું; તે મારા નરનારાયણ, ઋષભદેવ, દત્તાત્રેય, કપિલાદિ તથા રામકૃષ્ણાદિ ઘણાક અવતારો થયા છે ને વળી થશે, તે સર્વે અવતારોનો અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન તે હું છું, આ રહસ્ય જાણવા કોઈ સમર્થ નથી; પરંતુ તે શ્રીહરિની કૃપાના પાત્ર મુક્તપુરુષ છે તેઓ જ તેને જાણે છે ૪૫-૪૬.

શ્રીહરિ વળી બદરિકાશ્રમ કે ગોલોકમાંથી પધાર્યા નથી; પરંતુ અક્ષરધામમાંથી પધાર્યા છે. તે સ. જી. પ્ર. ૪, અ. ૪૬માં કહ્યું છે:-

स हि नारायणः स्वामी धाम्नः स्वादक्षरात्परात्[३४] ।
आविर्बभूव भूलोके न्राकृति श्रेयसे नृणाम् ।। ४७ ।।

ધર્મવંશી આચાર્ય, શિષ્યને આમ ઉપદેશ કરે છે : શ્રી સ્વામિનારાયણ ભગવાન, મુમુક્ષુ જીવોના મોક્ષ કરવા માટે, મનુષ્યરૂપે **અક્ષરથી પર એવા પોતાના અક્ષરધામમાંથી.** મનુષ્યલોકમાં પ્રકટ થયા છે ૪૭. તેમ જ સ. જી. પ્ર. ૧, અ.

૧માં સુવ્રતમુનિ પ્રતાપસિંહ રાજા પ્રત્યે કહે છે :-

जातोऽभूत्सांप्रतं भूमौ कोसलेषूत्तरेषु सः[५४] ।
भक्तौ धर्माद्धरिरिति प्रसिद्धः सारवो द्विजः ।। ४८ ।।

આ પૃથ્વી ઉપર, ઉત્તર કોસલદેશમાં સરવરિયા વિપ્રજ્ઞાતિમાં પ્રકટ થયેલા એવા ધર્મદેવથકી, તેમનાં પત્ની ભક્તિદેવીને વિષે, અક્ષરધામાધિપતિ શ્રી પુરુષોત્તમ ભગવાન આ વર્તમાનકાળે પ્રકટ થયા છે ને હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ ને સ્વામિનારાયણ એ નામે પ્રસિદ્ધ છે ૪૮.

વળી સિદ્ધમુક્ત શતાનંદમુનિ, એ જ પ્રકરણ ને અધ્યાયમાં શ્રીહરિની સ્તુતિ કરે છે:-

देवानामपि यो देव ईश्वराणां तथेश्वरः[६] ।
कालस्यापि हि यः कालः कारणानां च कारणम् ।। ४९ ।।
स एव साक्षाभ्दगवान् स्वामिनारायणाख्यया[१२] ।। ५० ।।

જે ભગવાન, 'બ્રહ્માદિક દેવોના પણ દેવ' અર્થાત્ તેમને ઉપાસ્ય છે તથા પ્રધાનપુરુષ અને મૂળપુરુષાદિક ઈશ્વરોના ઈશ્વર છે. કાળના પણ કાળ છે ને સૃષ્ટિકાર્યના કારણ મૂળઅક્ષરાદિક, તેમ જ મોક્ષના કારણ, મુક્ત તથા નિત્યમુક્ત છે તેમના પણ કારણ છે ૪૯. તે જ ભગવાન હાલમાં સ્વામિનારાયણ નામે પ્રસિદ્ધ છે; તે ભગવાન આ 'સત્સંગિજીવન' ગ્રંથ રચવામાં, મારી વિઘ્નોથકી રક્ષા કરો ૫૦.

સ. જી. પ્ર. ૨, અ. ૪૪ માં, શાસ્ત્રીઓ શ્રીહરિની સ્તુતિ

કરે છેઃ-

> श्वेतद्वीपे च वैकुंठे गोलोके ब्रह्मपत्तने[20] ।
> महावैकुंठलोके च बदर्यां क्षीरसागरे ।। ५१ ।।
> अधुना तु वयं स्वामिन् ! सर्वकारणकारणम्[23] ।।
> समाधिनिष्ठवचनैर्विद्म त्वामेकमेव हि: ।। ५२ ।।
> स्वामिनारायण ! विभो ! करिष्यामो वयं सदा[24] ।
> तवैव कृष्णसंज्ञस्य भक्तिं नवविधामपि ।। ५३ ।।

હે સ્વામિનારાયણ! હે વિભો! હે સ્વામિન્! શ્વેતદ્વીપ ધામને વિષે જે તમારા અવતારસ્વરૂપ રહ્યાં છે, તેમને જ અમે કારણ સ્વરૂપ સમજતા હતા; પણ અત્યારે સમાધિમાં, એ ગોલોકાદિક ધામમાં રહેલા તમારા અવતાર તેમનાં દર્શન કરીને સમાધિ થકી કેટલાક ભક્ત જાગ્રત થયા; તેમણે (અમને) કહ્યું કે, એ ધામમાં જે કારણરૂપ અવતાર રહ્યા છે, તે કારણના પણ કારણ આ સ્વામિનારાયણ ભગવાન છે; અર્થાત્ જે કારણ હોય તે પોતાના કાર્યમાં વ્યાપીને રહે ને તેથી જુદા પણ રહે; માટે સર્વ કારણના કારણ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ તમે છો; એટલે અન્વયરૂપે સર્વ ધામમાં, સર્વ અવતારસ્વરૂપે તમે જ રહ્યા છો અને વ્યતિરેકરૂપે તમારા અક્ષરધામમાં રહો છો. એ હેતુથી હવે અમે, પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ જે શ્રી સ્વામિનારાયણ તમે છો, તે તમારી જ ભક્તિ કરીશું ૫૧-૫૩.

અનાદિમુક્ત સદ્. મુકુન્દાનંદવર્ણી સ. જી. પ્ર. ૩, અ. ૧૭

માં શ્રીહરિની સ્તુતિ કરે છેઃ-

मात्स्यं कूर्मं वराहं कपिलमथ हरिं वासुदेवं च वैन्यं[२]
दत्तात्रेयं च हंसं नरहरिमृषभं वामनं पर्शुरामम् ।
यज्ञं रामं कुमारं हयशिरसमथो नारदं राजराजं
व्यासं कृष्णं च बुद्धं धृतपुरूवपुषं नौमिनारायणं त्वाम् ।। ५४ ।।

હે ભગવન્! અનંત શરીરો, મૂર્તિઓ, અવતારોને ધારણ કરનારા એવા ધર્મદેવના પુત્ર; અથવા તો મુક્તસમૂહના આશ્રયભૂત નારાયણ એવા તમોને હું નમસ્કાર કરું છું; જે તમો મત્સ્ય, કચ્છ, વરાહ, કપિલ, હરિ, વાસુદેવ, પૃથુ, દત્તાત્રેય, હંસ, નૃસિંહ, ઋષભ, વામન, પરશુરામ, યજ્ઞ, રામ, કુમાર, હયગ્રીવ, નારદ, રાજરાજ, કૃષ્ણ અને બુદ્ધ આદિ અવતારોને ધારણ કરો છો; અર્થાત્ તમે અવતારી છો અને તમારી ઇચ્છાથી જ તે તે અનંત અવતારોને, તમારી શક્તિ દ્વારા ધારણ કરો છો ૫૪.

## (૧૧) અવતારીપણું-સત્સંગિભૂષણાનુસાર

સ. ભૂ. અંશ ૪, અ. ૨૨ માં, સદ્. મુક્તાનંદ સ્વામી તથા સદ્. બ્રહ્માનંદ સ્વામી શ્રીજીમહારાજની સ્તુતિ કરે છે :-

धृताः कत्यवतारास्तेऽग्रेऽवतारान् भवान्कति[४१] ।
धर्ता कत्यधुना संत्यवराताश्चात्र ते स्थिताः ।। ५५ ।।
हरिकृष्णावतारोऽयं सर्वेभ्योऽत्यधिकस्तव[४२] ।
तभ्योऽपि तत्समो नैव तस्य तत्कारणत्वतः ।। ५६ ।।

હે હરિકૃષ્ણ શ્રી સહજાનંદ સ્વામી ! તમે પૂર્વકાળમાં નરનારાયણ, રાધાકૃષ્ણાદિક કેટલાક અવતાર ધારણ કર્યા છે. (कति अवतारा धृताः) અને હે હરે! ભવિષ્યકાળમાં તમે કેટલાક અવતારોને ધારણ કરશો. (भवान् कति अवतारान्) અને હે સ્વામિન્! વળી વર્તમાનકાળે તમારા અવતારો આ સત્સંગમાં છે; (ते अवताराः अधुना अत्र स्थिताः संति) અર્થાત્ તમારી ઇચ્છાથી તે અવતારો મનુષ્યરૂપે સત્સંગમાં પ્રકટ થયા છે. તે સર્વે અવતારો થકી (तेभ्यः सर्वेभ्यः अपि), તમારો આ 'હરિકૃષ્ણ' નામક અવતાર અતિ અધિક છે (तव अयं हरिकृष्ण अवतार अत्यधिकः); તમારા તુલ્ય (तत्समः), અન્ય અવતારો છે જ નહિ (नैव). તમને (तस्य), શ્રીકૃષ્ણ-નરનારાયણાદિ અવતારોનું કારણપણું છે (तत्कारणत्वतः) એટલે તમે સર્વે અવતારોના (तेषाम्), સુખ, સામર્થ્ય ને પ્રકાશના દાતા છો. વળી સર્વે મુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા છો; તે તમે પ્રસન્ન થઈને, અમને તમારા ભેગા રાખો ૫૫-૫૬. વળી એ જ અંશના અ. ૨૫માં કહ્યું છે:-

नृदेवपशुयादःसु धृतानां त्वमनेकशः[१३] ।
रामकृष्णादिरुपाणां धर्तास्येव पृथुश्रवः ।। ५७ ।।

હે વિશાળ યશવાળા શ્રીહરે! મનુષ્યમાં દત્ત-કપિલાદિરૂપે, દેવમાં વામનાદિરૂપે, પશુમાં વરાહાદિરૂપે અને જળચરમાં મચ્છકચ્છાદિરૂપે ધારણ કર્યા એવા જે અનેક અવતાર તેના; તથા રામ, કૃષ્ણ ને નરનારાયણાદિક રૂપના; એટલે એ

અવતારસ્વરૂપના ધારણ કરનાર (અવતારી) તમે જ આ પ્રકટ શ્રીહરિકૃષ્ણ છો ૫૭.

વળી નરનારાયણ ભગવાનના કારણ અવતારી શ્રીજી મહારાજ છે અને તે અક્ષરધામના નિવાસી છે; પરંતુ પોતે બદરિકાશ્રમવાસી નથી, એમ સ. ભૂ. અંશ ૨, અ. ૬૪ માં શ્રીહરિ સ્વયં કહે છે :-

नरनारायणादीनी रुपाणि हि निजेच्छया[८] ।
धरामि निर्गुणान्येव जीवकल्याणहेतवे ।। ५८ ।।
अहं दिव्ये ब्रह्मपुरे वसामि मूर्तिमान् सदा[९] ।
दिव्यदेहोऽमितैश्वर्यः कोटिमुक्तगणैर्वृतः ।। ५९ ।।

સર્વ અવતારનો અવતારી એવો હું શ્રી સ્વામિનારાયણ છું, તે હું મારી ઇચ્છાએ કરીને જીવોના મોક્ષાર્થે, નિર્ગુણ એવા નરનારાયણાદિ અવતારોને ધારણ કરું છું ૫૮. વળી કોટી મુક્તના સમૂહથી વીંટાયેલો અમિત ઐશ્વર્યવાળો, દિવ્યસ્વરૂપ ને મૂર્તિમાન એવો હું શ્રી સ્વામિનારાયણ, તે મારા દિવ્ય બ્રહ્મપુર ધામમાં નિવાસ કરીને રહ્યો છું ૫૯.

વળી એ જ અંશ ને એ જ અધ્યાયમાં શ્રીજી કહે છે:-

अतः सर्वे स्वस्वधर्मे स्थिताः संतो हि कारणम्[१०] ।
अवताराणां सर्वेषां ज्ञात्वा मां भजतादताः ।। ६० ।।

હે ભક્તજનો! સર્વ અવતારમાં અન્વયપણે પ્રવેશ કરીને, તે તે અવતારકાર્ય કરનારો હું જ છું. એ હેતુ માટે મારા આશ્રિત તમે સર્વે તે, પોતપોતાના ધર્મમાં રહી, રામકૃષ્ણ ને

નરનારાયણાદિક જે સર્વે અવતાર તેમનો કારણ અવતારી મને જાણીને આદરપૂર્વક મને ભજો ૬૦.

સ. ભૂ. અંશ ૨, અ. ૫ માં, શ્રી વ્યાપકાનંદ સ્વામી જ્યેષ્ઠજીત રાજાને કહે છે:-

सोऽप्यपाद्यंग तन्मूतौ लयं तदाऽभयो नृपः[३२] ।
दृष्ट्वा तत्कारणं तं स्वं पूर्णकाममन्यत ।। ६१ ।।

અહીં પૂર્વશ્લોક સાથે આવો સંબંધ છે: શ્રીહરિ, અભયરાજાને, મનુષ્યરૂપ પોતાની મૂર્તિથકી પ્રકટ કરેલા અને કરોડો સૂર્યની કાંતિથી પણ અધિક કાંતિવાળા, રામકૃષ્ણ તથા મત્સ્યાદિ અવતારોને દેખાડતા હતા પછી તે શ્રીહરિની ઇચ્છાથી, રામકૃષ્ણ તથા મત્સ્યાદિ અવતારો તે શ્રીહરિની મૂર્તિમાં જ્યારે લીન થયા, ત્યારે અભયરાજા તે રામકૃષ્ણાદિ સર્વે અવતારોના પણ કારણ, એવા કારણ મૂર્તિ **'શ્રી સ્વામિનારાયણ'** ભગવાનને જોઈ પોતાને પૂર્ણકામ માનવા લાગ્યા ૬૧.

વળી સ. ભૂ. અંશ ૫, અ. ૧૪ માં કહ્યું છે:-

मीनः कच्छप सूकरौनरहरीरामास्त्रयो वामनो[५]
व्यासः सत्यवतीसुतश्च कपिलः कृष्णश्च बुद्धः पृथुः ।
कल्किः पुण्ययशाश्च दत्तऋषभोऽप्यन्येऽवताराइतो ।
जायंतेऽगणिताविशति पुनरेतेऽत्रैवतेऽस्यास्तनोः ।। ६२ ।।
ज्ञात्वा तद्वयमीशितोऽशुभहरं तत्कारणां त्वामिमां[६]
त्वन्मूर्तिं पुरुषोत्तमं प्रियतमां स्वेषां च भाषामहे ।। ६३ ।।

મત્સ્ય, કચ્છ, વરાહ, નૃસિંહ, રામચંદ્ર, પરશુરામ, બળરામ, વામન, સત્યવતી પુત્ર વ્યાસ, કપિલ, શ્રીકૃષ્ણ, બુદ્ધ, પૃથુ, પવિત્ર કીર્તિવાળા કલ્કિ, દત્તાત્રેય, ઋષભદેવ અને બીજા પણ અગણિત અવતારો, તમારી આ મૂર્તિમાંથી જ પ્રાદુર્ભાવ પામીને પાછા આ મૂર્તિમાં જ અર્થાત્ મૂર્તિના તેજમાં જ લીન થઈ જાય છે ૬૨. તે હેતુ માટે હે સર્વ નિયંતા પ્રભો! તમારી આ મૂર્તિને, સ્વભક્તોને અતિ પ્રિય તથા રામકૃષ્ણાદિક અવતારોની કારણભૂત જાણી, તમને અમે સર્વ પાપહર પુરુષોત્તમ કહીએ છીએ ૬૩.

'આદરજ' ગામમાં સદ્. મુક્તાનંદ સ્વામી વગેરે સંતો શ્રીહરિની પ્રાર્થના કરે છે. તે સ. ભૂ. અંશ ૪, અ. ૨૨ માં કહ્યું છે:-

शास्त्राणि जीवं नरमक्षरं यं कूटस्थमांहू: प्रकृते: परं च[33] ।
नारायण ब्रह्मविभो पुमांसं शुद्धं महापुरुषमव्ययं यं ।। ६४ ।।
लब्धभूतिर्भवतो लयां ते प्रधानपुंसां निजपत्न्यजाया:[34] ।
सृजत्यनेकांडभवायकोटीस्तस्याप्यनेका: फलदोऽस्ति नान्य: ।। ६५ ।।

હે સર્વવ્યાપક શ્રીહરે! જે 'મહાપુરુષને' અર્થાત્ શ્રીકૃષ્ણને વેદાદિક શાસ્ત્રો પરમાત્મા, ઈશ્વર, નિત્યમુક્ત, નિર્વિકાર અને પ્રકૃતિ થકી પર પુરુષ, એ આદિ શબ્દોથી કહે છે તથા જે મહાપુરુષ શ્રીકૃષ્ણને નારાયણ, ગુણાતીત, નિર્મળ, અવિનાશી તથા બ્રહ્મસ્વરૂપ કહે છે, તે મહાપુરુષ પણ તમારી પાસેથી જ પ્રાપ્ત કરેલ છે ઐશ્વર્ય જેમણે એવા થકા, પ્રલયના

અંતે અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ કરવાને અર્થે પોતાના પત્ની મૂળમાયા દ્વારા, પ્રધાનપુરુષોની અનંત કોટીઓ સર્જે છે; તે મૂળમાયાના પતિ મહાપુરુષને પણ તમે જ એક ફળપ્રદાતા છો; બીજો કોઈ નથી ૬૪-૬૫.

## (૧૨) અવતારીપણું-હરિલીલાકલ્પતરુ અનુસાર

આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, શ્રીહરિની સ્તુતિ કરે છે:-

तस्माद्यदा त्वं नु मयि प्रसन्नो मद्याचितं देहि तदा वरं मे[९] ।
यथा परत्वं पुरुषोत्तमत्वं तवाऽवतारित्वमनन्यतुल्यम् ।। ६६ ।।
तथैव तद्वर्णनयुक्तमग्र्थं त्वदियलीलाग्रंथनोपपन्नम्[१०] ।
ग्रन्थं चिकीर्षामि मनोरथं मे त्विमं दयाब्धे सफलीकुरु त्वम् ।। ६७ ।।

હે હરિ! જો તમે મારી ઉપર પ્રસન્ન થયા હો, તો તમારું સર્વોપરી પુરુષોત્તમસ્વરૂપ કે જેની તુલનામાં બીજા અવતારો ન આવે, તેવું આપનું અવતારીસ્વરૂપ તેનું નિરૂપણ અને તે સ્વરૂપની દિવ્યલીલાની ગૂંથણી જેમાં હોય તેવો સર્વોત્તમ ગ્રંથ રચવાની મારી ઇચ્છા છે; તો હે કરુણાસાગર! મારી એ ઇચ્છા પરિપૂર્ણ થાય, એવો વર મને આપો. (ત્યારે શ્રીજી પ્રસન્ન થઈને એ વર આપે છે.) ૬૬-૬૭

**ધર્મદેવ તથા ભક્તિમાતા પ્રત્યે વાયુપુત્ર હનુમાનજી કહે છે:-**

युष्मत्पुत्राद् बिभेत्यस्मात्सर्वलोकभयंकरः[५१] ।
कालस्तथेश्वराः सर्वे सन्त्यस्यादेशवर्तिनः ।। ६८ ।।

हेतुरेवावताराणामवतारी स्वराट् प्रभुः[५८] ।
ऽषोऽक्षराक्षरपरः कारणानान्च कारणम् ।। ६९ ।।

(હરિ. કલ્પ. સ્કં. ૨, અ. ૧)

સર્વ લોકને ભય આપનારો કાળ પણ, આ તમારા પુત્રથી ભય પામે છે. તેમ જ તે કાળ તથા સર્વે ઈશ્વરો પણ આ તમારા પુત્ર શ્રીહરિની આજ્ઞામાં વર્તે છે ૬૮. વળી આ તમારા પુત્ર સર્વ અવતારોના કારણ અવતારી સ્વરાટ્ પ્રભુ છે. અને ક્ષર-અક્ષરથકી પર અને સર્વ કારણના પણ કારણ છે ૬૯.

વળી હરિલીલાકલ્પતરુ સ્કં. ૨, અ. ૧૯માં, વાતનો આવો પ્રસંગ છે: એક વખત શ્રીજીના પિતા શ્રી ધર્મદેવે, અનંતધામના મુક્તોને તથા ધામીઓને શ્રીજીની પૂજા કરતા જોયા. પછી વળી:-

सोऽवतारांस्तथा सर्वान् रामकृष्णपुरःसरान्[२६] ।
प्रौक्षतालंकृतियुजस्तस्याग्रे भास्वराम्बरान् ।। ७० ।।

તે ધર્મદેવ, શ્રીહરિની સમીપમાં અત્યંત તેજસ્વી વસ્ત્રો તથા અલંકારો ધારણ કરેલા, રામકૃષ્ણાદિક સર્વ અવતારોને જોતા હતા (અર્થાત્ તે પણ શ્રીજીનું પૂજન કરવા માટે આવેલા હતા) ૭૦.

સિદ્ધો, શ્રીહરિની સ્તુતિ કરે છે:-

**सर्वातिरिक्तकरुणादिगुणार्णवस्य सत्यव्रतस्य भगवन्नवतारिणस्ते[७] ।**
**एश्वर्यतो विविधपुण्यगुणैश्च रामकृष्णादयो भूवि भवंति किलावताराः ।। ७१ ।।**

(હરિ. કલ્પ. સ્કં. ૨, અ. ૪૯)

હે સ્વામિનારાયણ ભગવન્! સર્વથી પર, કરુણાદિ ગુણના સમુદ્રરૂપ સત્યવ્રતવાળા અવતારી એવા તમે, તે તમારાં આપેલાં ઐશ્વર્યથી તથા તમારી મૂર્તિમાં રહેલા નાના પ્રકારના દિવ્ય કલ્યાણકારી ગુણોના આવિર્ભાવથી, રામકૃષ્ણાદિ અવતારો પૃથ્વીપર અવતાર નિશ્ચે, ધારણ કરે છે ૭૧.

વળી શ્રીહરિ વનવિચરણ કરતા-કરતા જગન્નાથપુરી પધાર્યા; તે સમયના વર્ણનનો, હરિલીલાકલ્પતરુ સ્કં. ૨, અ. ૫૦ માં શ્રી શુકાનંદ સ્વામી આ પ્રમાણે ઉલ્લેખ કરે છે:-

ततस्तत्र जगन्नाथस्तं ज्ञात्वैवाऽवतारिणम् ।
सदाऽदृश्यः सिषेवेऽन्यैः श्रीधार्मिं पुरुषोत्तमम् ।। ७२ ।।

ધર્મદેવના પુત્ર શ્રીહરિને, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ જાણીને, ભગવાન જગન્નાથજી સ્વયં 'અગોચર'- અન્ય કોઈ દેખે નહિ તેમ અદૃશ્ય સ્વરૂપે શ્રીહરિને સદા સેવતા હતા ૭૨.

વળી હરિએ જગન્નાથપુરીમાં રહેલા અસુરોનો, પોતાના સંકલ્પ માત્રથી નાશ કર્યો તે પ્રસંગની વાત, એ જ સ્કંધ ને અધ્યાયમાં આ પ્રમાણે કહેલી છે:-

अथोपेत्य जगन्नाथस्तमदृश्योऽन्य मानवैः[५६] ।
अभाषत रहस्येवं प्रसन्नस्तत्पराक्रमात् ।। ७३ ।।
मया चिकीर्षितं कार्यं स्वामिन्नेतत् कृतं त्वया[५७] ।
मयाऽपि दुष्करं नूनं किञ्चित्रं तत्र चेतरैः ।। ७४ ।।

અસુરના નાશરૂપ શ્રીહરિના પરાક્રમથકી પ્રસન્ન થયેલા જગન્નાથ ભગવાન તે, બીજા મનુષ્યો ન દેખે તેમ એકાંતમાં

શ્રીહરિની પાસે આવી, તેમને આ પ્રકારનું રહસ્ય કહેવા લાગ્યા ૭૩. હે સ્વામિન્! હે હરે! મેં ઇચ્છેલું આ કાર્ય નિશ્ચે તમે કર્યું છે; જે કાર્ય મારાથી થવું દુષ્કર હતું તો બીજાઓથી ન બની શકે, તેમાં શું આશ્ચર્ય હોય? ૭૪.

स ईत्युक्त्वोपचारैस्तं स्वर्च्य नीराजनं व्यधात्[३६] ।। ७५ ।।
अथ प्रणम्य तं धार्मिं जगन्नाथो मुदान्वितः ।
वचोभिर्विशदैः स्तुत्वा तं पृष्ट्वा स्वालयं ययौ ।। ७६ ।।

(હરિ. કલ્પ. સ્કં. ૨, અ. ૫૦)

આ પ્રમાણે કહીને ચંદન-પુષ્પાદિક ઉપચારો વડે શ્રીહરિનું પૂજન કરી, તે જગન્નાથજી પોતે તેમની (શ્રીહરિની) આરતી ઉતારવા લાગ્યા ૭૫. પછી તે જગન્નાથજી ધર્મના પુત્ર શ્રીહરિને પ્રણામ કરીને હર્ષપૂર્વક, 'विशद' અર્થાત્ શ્રીહરિ પ્રસન્ન થાય, એવાં રૂડાં ચાતુરીભર્યાં વચનોથી શ્રીહરિની સ્તુતિ કરીને અને તેમની સંમતિ લઈને, પોતાના સ્થાન પ્રત્યે ગયા ૭૬.

વળી શ્રીજીમહારાજ લોજપુરથી રામાનંદ સ્વામીને પત્ર લખે છે. તે પત્ર મયારામભટ્ટ, રામાનંદ સ્વામીની પાસે લાવે છે. રામાનંદ સ્વામી તથા અન્ય સભાજનોને, તે પત્રનાં દર્શન કરતાં જ સમાધિ થાય છે. સમાધિમાં તેઓ જે દેખે છે તે પ્રસંગનું વર્ણન, શ્રી રઘુવીરજી મહારાજ આ પ્રમાણે કરે છે:-

ददृशुस्ते पुरस्तस्य लावण्यामृतनीरघेः[३७] ।
तदीयान् रामकृष्णादीनवतारान् कृताञ्जलीन् ।। ७७ ।।

तस्योंग्रेऽवस्थितं स्वीयं रामानंदाभिधं गुरुम्[૩૮] ।
तं प्रेक्षन्तेक्षमाणं तं प्राज्जलिं शान्तविग्रहम् ।। ७८ ।।
ततोऽवतारान् सर्वांस्तानात्मीयं चापि तं गुरुम्[૩૯] ।
तद्रूपे लीनतां प्राप्तान् विस्मितास्ते व्यलोकयन् ।। ७९ ।।

(હરિ. કલ્પ. સ્કં. ૨, અ. ૫૭)

લાવણ્યરૂપી અમૃતના સાગર એવા શ્રીહરિની સન્મુખ, રામકૃષ્ણાદિક અવતારોને હાથ જોડીને ઊભેલા દીઠા ૭૭. તેમ જ તે શ્રીહરિની પાસે બે હાથ જોડીને ઊભેલા, પોતાના ગુરુ રામાનંદ સ્વામીને જોતા હતા ૭૮. પછી વિસ્મય પામેલા તે જનોએ રામકૃષ્ણાદિક સર્વ અવતારોને તથા પોતાના ગુરુ રામાનંદ સ્વામીને પણ, શ્રીહરિના સ્વરૂપમાં લીન થયેલા જોયા. ૭૯.

વળી હરિલાલકલ્પતરુ સ્કં. ૨, અ. ૫૯ માં આ પ્રમાણે વાત છે:-

तस्याग्रे रामकृष्णादीनवतारानवस्थितान्[૫૨] ।
सोऽपश्यदर्घ्य युक्स्वर्णपात्रहस्तान्महामुदा ।। ८० ।।

પીપલાણા ગામમાં એક યોગી શ્રીજીમહારાજનાં દર્શને આવ્યા. તે યોગીએ, સુવર્ણ-પાત્રમાં પૂજાનાં દ્રવ્યો-જેવાં કે ચંદન, પુષ્પ, અક્ષત ઇત્યાદિ અર્ધ્ય સામગ્રી લઈને, અતિ હર્ષપૂર્વક શ્રીજીમહારાજની સન્મુખ, પૂજા કરવા માટે રામકૃષ્ણાદિ સર્વે અવતારોને ઊભા રહેલા જોયા. ૮૦

વળી રામાનંદ સ્વામીએ **શ્રીહરિજીનો** જેતપુરમાં પટ્ટાભિષેક કર્યો; તે પ્રસંગે **મૂળમાયાના** પતિ વગેરે

શ્રીજીમહારાજની સ્તુતિ કરે છે :

अन्यावतारैर्विहितोऽत्र यादृग्मोक्षो जनानां भूवि कारितो वा[37] ।
यादृक् समाधिर्हि भवान्स्वभक्तद्वाराऽपि तं कारयिता तथैव ।। ८१ ।।
कस्यांचिदेवाप्यवतारमूर्तौ, मूर्तिर्न वै यास्यति लीनतां ते[४४] ।
जीवा बिलोक्येत्यवतारिणं त्वां ज्ञास्यन्ति सर्वोपरि वर्तमानम् ।। ८२ ।।

(હરિ. કલ્પ. સ્કં. ૨, અ. ૬૩)

હે હરે! આ પૃથ્વી પર તમારા બીજા અવતારોએ જેવો મનુષ્યોનો મોક્ષ કર્યો છે, તથા જેવી સમાધિ કરાવી છે, તેવો મોક્ષ તથા તેવી સમાધિ તો, તમે તમારા ભક્તો દ્વારા કરાવશો ૮૧. વળી હે શ્રીહરે! તમારી મૂર્તિ તો કોઈ પણ અવતારની મૂર્તિમાં લીન નહિ જ થાય; પરંતુ તે અવતારો તમારી મૂર્તિમાં લીન થશે. એવું આશ્ચર્ય જોઈને લોકો તમને સર્વોપરી અવતારી જાણશે ૮૨.

એક વખત રામાનંદ સ્વામીના જૂના શિષ્ય, વણિક મેઘજીત ભક્તને, શ્રીજીમહારાજે દિવ્યરૂપે પોતાનાં દર્શન દીધાં. પછી પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવવા માટે આ પ્રમાણે દર્શન આપ્યાં :-

तदग्रेऽवस्थितं कृष्णं स व्यचष्ट कृतान्जलिम्[39] ।
रामानंदगुरुं स्वीयं प्रान्जलिं हि तथा स्थितम् ।। ८३ ।।
श्रीकृष्णं लीनतां प्राप्तं रामानंद गुरुं तथा[४१] ।
स यावत् प्रैक्षताऽर्कस्य तारका इव तेजसि ।। ८४ ।।

(હરિ. કલ્પ. સ્કં. ૩, અ. ૪)

તે મેઘજીતે શ્રીહરિની આગળ હાથ જોડીને રહેલા શ્રીકૃષ્ણને તેમ જ પોતાના ગુરુ રામાનંદમુનિને હાથ જોડીને ઊભેલા દેખ્યા ૮૩. વળી સૂર્યના પ્રકાશમાં તારાઓ લીનતા પામે, તેમ શ્રીકૃષ્ણ ભગવાન, શ્રીજીમહારાજનાં તેજમાં લીન પામતા તે મેધજીત દેખતો હતો. ત્યાર પછી શ્રીકૃષ્ણ ભગવાનની માફક પોતાના ગુરુ રામાનંદ સ્વામીને પણ, શ્રીજીમહારાજના તેજમાં લીન પામતા તે મેઘજીને જોયા. ૮૪.

હવે મેઘજીત ભક્ત, શ્રીહરિની આ પ્રકારે પ્રાર્થના કરે છે :-

अबोधमादाववतारहेतुं सर्वेश्वरं कृष्णमुदारकीर्तिम्[६१] ।
गुरोर्मदीयान्मदभीष्टदेवं नावेदिषं चैव परं ततोऽहम् ।। ८५ ।।
कृष्णः स वै मद्गुरुणा च सार्धं लीनो महात्संस्तव दिव्यमूर्तौ[६२] ।
क्षणान्तरे प्राग्वदवस्थितौ तौ त्वत्तः पृथक् चैव मयेति दृष्टौ ।। ८६ ।।
ततो मया त्वं विदितोऽवतारी परो हि कृष्णादपि दिव्यशक्तिः[६३] ।। ८७ ।।

(હરિ. કલ્પ. સ્કં. ૩, અ. ૪)

પહેલાં હું મારા ગુરુ રામાનંદ સ્વામી પાસેથી, શ્રીકૃષ્ણને જ સર્વ અવતારના કારણ, સર્વેશ્વર, ઉદાર કીર્તિવાળા, અભીષ્ટ દેવ જાણતો હતો; તેથી પર હું કોઈને જાણતો ન હતો ૮૫. (પરંતુ) હે મહાત્મન્ શ્રીહરે! તે શ્રીકૃષ્ણ, મારા ગુરુ રામાનંદ સ્વામીની સાથે તમારી દિવ્ય મૂર્તિમાં લીન પામ્યા. વળી એક જ ક્ષણમાં બંને પાછા પહેલાંની માફક તમારાથી જુદા મેં જોયા ૮૬. જેથી મેં, તમને કૃષ્ણથકી

પણ પર, દિવ્ય શક્તિવાળા અવતારી જાણ્યા છે; અર્થાત્ તમે કૃષ્ણના પણ કારણ અવતારી છો એવો મને નિશ્ચય થયો છે ૮૭.

વળી શ્રીજીમહારાજે માંગરોળમાં અનેક મતવાદીઓને સમાધિ કરાવી; તે સમાધિમાં કેટલાકને શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન થયાં તે પછીનો જે પ્રસંગ, તે આ પ્રમાણે છે:-

हरेस्तेजसि लीनं ते श्रीकृष्णं ददृशुस्ततः[१८] ।
सूर्यतेजसि तारावत्ततस्तं च पृथक् स्थितम् ।। ८८ ।।
(હરિ. કલ્પ. સ્કં. ૩, અ. ૭)

તે પછી સમાધિવાળા જનો, તે શ્રીકૃષ્ણ ભગવાનને શ્રીહરિના તેજમાં લીન થતા જોતા હતા. કોની પેઠે તો, સૂર્યના પ્રકાશમાં તારા જેમ લીન થાય તેમ લીન થયેલા દેખ્યા. તે પછી પાછા, પૃથક્ પણ દેખવા લાગ્યા. ૮૮.

એક વખત પર્વતભાઈને એવો સંકલ્પ થયો કે, નૃસિંહરૂપ કેવું હશે? પછી શ્રીજીની ઇચ્છાથી તેમને તેજ દેખાયું ને તે તેજમાં (૧) મત્સ્ય, (૨) કચ્છ, (૩) વરાહ, (૪) નૃસિંહ, (૫) પરશુરામ (૬) વામન, (૭) યજ્ઞ, (૮) કપિલ, (૯) દત્તાત્રેય, (૧૦) હયગ્રીવ, (૧૧) નારદ, (૧૨) સનકાદિક, (૧૩) કુમાર, (૧૪) ઋષભદેવ, (૧૫) પૃથુ, (૧૬) વ્યાસ, (૧૭) હંસ , (૧૮) ધન્વંતરી, (૧૯) કલ્કિ, (૨૦) બુદ્ધ. (૨૧) વાસુદેવ, (૨૨) હરિ, (૨૩) નરનારાયણ તથા (૨૪) વૈરાજ- આ ચોવીસ અવતારોનાં

દર્શન થયાં. પછી વળી:-

रामकृष्णादयश्चान्ये येऽवतारा: पुराऽभवन्[८९] ।
सोऽवतारांश्च तान्सर्वान् साक्षादैक्षत भास्वरान् ।। ८९ ।।
सोऽवतारांस्तत: सर्वान् हरेस्तस्यावतारिण:[९०] ।
तेजश्चये विलीनत्वं प्राप्तानैक्षत भूपते ।। ९० ।।

(હરિ. કલ્પ. સ્કં. ૩, અ. ૧૯)

રામકૃષ્ણાદિ જે અવતારો પૂર્વે પ્રકટ થયા હતા, તે સર્વે અવતારોને પર્વતભાઈ, અતિ તેજોમય પ્રત્યક્ષ જોતા હતા. ૮૯. હે ભૂપતે! પછી પર્વતભાઈએ તે સર્વે અવતારોને અવતારી શ્રીહરિ પ્રત્યક્ષ જે શ્રી સ્વામિનારાયણ ભગવાન, તેમના તેજ:પુંજમાં લીન થતા જોયા ૯૦.

આવી રીતે પર્વતભાઈનો સંકલ્પ સત્ય કરીને, શ્રીહરિ હવે પોતે જ, એ જ અધ્યાયમાં કહે છે :-

दृष्टास्त्वयावतारा ये युगपत्सर्वशोऽद्भुता:[९१] ।
तेषां हेतुमहेतुं मां त्वं वेदैवावतारिणम् ।। ९१ ।।

હે ભક્તરાજ! તમે એકી સાથે સર્વે અલૌકિક અવતારો જોયા; તે સર્વ અવતારોનો કારણ (हेतुं) અવતારી, એવો તમે મને જ જાણો; હું સર્વનો કારણ છું પણ મારું કોઈ કારણ નથી (अहेतुं) ૯૧.

વળી લુહાણા મૂળજી ભક્ત, હરિલીલાકલ્પતરુ સ્કં. ૩, અ. ૨૦ માં, શ્રીહરિને આ પ્રમાણે કહે છે:-

योऽवतारस्तथा स्वामिन्नवतारी तयोरहम्[५] ।
जानामि नूनमेकत्वं वेशवेशमृतोरिव ।। ९२ ।।

હે સ્વામિન્! અવતાર તથા અવતારી તે બંનેનું હું એકત્વ જાણું છું; જેમ વેશ અને વેશનો ધારણ કરનારો એક હોય છે તેમ. (અર્થાત્ એક જ વ્યક્તિ, જેમ જાતજાતના વેશ ધારણ કરે છે; પણ વ્યકિત જુદી હોતી નથી તેમ, અવતાર-અવતારીનું હું પણ એકત્વ જાણું છું) ૯૨. આમ જ્યારે તે ભક્તે કહ્યું, ત્યારે શ્રીહરિ તે મૂળજીતને કહેવા લાગ્યા :-

नैक्यं हि विद्यते धीमन्नवतारावतारिणो:[८] ।
वर्तते वास्तवो भेदस्ताराचन्द्रमसोरिव ।। ९३ ।।

(હરિ. કલ્પ. સ્કં. ૩, અ. ૨૦)

અવતાર-અવતારીમાં એકતા નથી; પરંતુ જેમ તારા અને ચંદ્રમામાં ભેદ છે તેમ અવતાર અને અવતારીમાં ભેદ છે; અર્થાત્ તારા અને ચંદ્રની માફક ભિન્ન તત્ત્વ છે ૯૩.

વળી શ્રીહરિ પોતાના સ્વરૂપનો સંપૂર્ણ નિશ્ચય કરાવવા માટે, મૂળજીતને ફરીથી આ પ્રકારે કહવા લાગ્યા - 'તમે સંકલ્પ કરો કે, રામાનંદ સ્વામી તથા શ્રીકૃષ્ણાદિક અવતારો તે જો પુરુષોત્તમ હોય, તો મારાં અનેક રૂપ થાઓ તથા તેવાં રૂપ ધારણ કરી, હું એકકાળાવછિન્ન બીજાં ધામોની સર્વ મૂર્તિઓ તેને સમગ્રપણે જોઉં.'

अथ स्वीयमनस्येवं सङ्कल्पं स व्यधात्सुधी:[१५] ।
श्रीकृष्णं त्वं भगवन्नवतारी यदा भवे :।। ९४ ।।

तदा त्वदोजसाऽनेकरुपाण्यंव भवन्तु मे[२६] ।
तथाऽवतारमूर्तिनां युगपद्वीक्षणं शुभम् ।। ९५ ।।
(હરિ. કલ્પ. સ્કં. ૩, અ. ૨૦)

શ્રીહરિનું આ પ્રકારનું વચન સાંભળી, બુદ્ધિમાન મૂળજીત પોતાના મનમાં આવો સંકલ્પ કરતા હતા : હે કૃષ્ણ ભગવાન! જો તમે અવતારી હો, તો તમારા પ્રતાપથી મારાં અનેક રૂપ થાઓ. તેમ જ અવતારોની મૂર્તિઓનાં, એકી સાથે મને શુભ દર્શન થાઓ ૯૪-૯૫. આ પ્રમાણે તેમણે સંકલ્પ કર્યો: પરંતુ બહુરૂપે થવાયું નહિ, એમ ઉત્તર શ્લોક સાથે સંબંધ છે. છેવટે આવો સંકલ્પ કર્યો કે :-

यदाऽसौ सहजानंदः स्यादनन्यसमः स्वयम्[२७] ।
हेतुश्चैवावताराणां सर्वकारणकारणम् ।। ९६ ।।
तदा से सन्तु युगपद् भूरिरूपाणि सर्वशः[२८] ।। ९७ ।।
एवं संकल्पमात्रेण यदा त्वद्वाञ्छितं भवेत्[30] ।
तदा सर्वावताराणां हेतुर्ज्ञेयस्त्वया ह्यहम् ।। ९८ ।।
(હરિ. કલ્પ. સ્કં. ૩, અ. ૨૦)

જો આ સહજાનંદ સ્વામી પોતે બીજા અવતારોની તુલ્ય ન હોય, પરંતુ અવતારોના 'हेतुः' કહેતાં, તેમના કારણ અવતારી હોય ને 'सर्वकारणकारणं' એટલે, સૃષ્ટિકાર્યના કારણ મૂળપૂરુષ, મહાકાળ, અક્ષરાદિક છે અને મોક્ષના કારણ એકાંતિક, પરમ એકાંતિક ને અનાદિમુક્ત છે તેમના પણ કારણ હોય તો હું, એકી સાથે અનેક સ્વરૂપે થાઉં ૯૬-૯૭.

આવી રીતે સંકલ્પમાત્રથી તેમને સર્વ ધામની મૂર્તિઓનાં યુગપત્ (એકી સાથે) દર્શન થયાં, તેથી શ્રીહરિને તેમણે રામકૃષ્ણાદિક સર્વ અવતારોના અવતારી જાણ્યા. ૯૮.

શ્રીહરિએ આવી રીતે વાત કરીને તથા ઐશ્વર્ય - ચમત્કાર દેખાડીને મૂળજીતને પોતાનો નિશ્ચય કરાવ્યો. હવે વળી ફરીથી તેને ઉપદેશ આપીને સમજાવે છે:-

कृत्यं यदात्मतन्त्रेण कर्तव्यं ह्यवतारिणा[४०] ।
न तत् स्यादखिलैरन्यैरवतारैरशेषतः ।। ९९ ।।
अवतारास्तु ते सर्वे दिव्यैश्वर्यगुणान् प्रभौ[४२] ।
नियन्तुः कालमायादेस्तस्माद् यान्त्यवतारिणः ।। १०० ।।

(હરિ. કલ્પ. સ્કં. ૩, અ. ૨૦)

અવતારી એવા પરમાત્માને જે કાર્ય સ્વતંત્રપણે કરવાનું હોય છે, તે કાર્ય સમગ્ર અવતારોથી સંપૂર્ણપણે કરી શકાતું નથી ૯૯. (કારણ કે) સમગ્ર અવતારો તો, કાળ-માયાદિનો નિયંતા પ્રભુ એવો હું તે મારાથકી, દિવ્ય ઐશ્વર્યો તથા દિવ્ય કલ્યાણકારી ગુણો પામે છે ૧૦૦.

વળી શ્રીહરિ, જામનગરથી ભુજ જતાં રસ્તામાં દ્વારિકા પધારે છે; તે સમયે, શ્રીદ્વારિકાધીશ, શ્રીહરિની સન્મુખ આવ્યા. તે પ્રસંગનું વર્ણન, આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, હરિલીલાકલ્પતરુ સ્કં. ૩, અ. ૩૬માં આ પ્રમાણે કરે છે :-

तावदेवान्तिकं तस्य श्रीकृष्णो मामयाऽन्वितः[२] ।
रुक्मिण्याऽऽयाद्गुडाकेशसात्यक्युद्धवसंयुतः ।। १०१ ।।

महाज्ञातिक्रमादेव नष्टसन्मतिभिर्जनैः[૮] ।
लोलुपैर्विषयासक्तैर्निर्दयैर्दुर्बलार्दनैः ।। १०२ ।।
स्थानेऽत्र संकुले वासो रोचते नैव मे विभौ[૯] ।
निष्कामव्रतिनां सेवा जनानां रोचते हि मे ।। १०३ ।।

તે સમયે શ્રીકૃષ્ણ ભગવાન તે સત્યભામા, રુક્મિણી, અર્જુન, સાત્યકિ અને ઉદ્ધવની સાથે શ્રીહરિની સમીપે આવ્યા ૧૦૧. ને શ્રીહરિને કહેવા લાગ્યા કે, મારી આજ્ઞા ઉલ્લંઘન કરવાથી જેમની સન્મતિ નષ્ટ થઈ ગઈ છે અને જે ધનના લોભી છે, જે વિષયમાં આસક્ત છે, નિર્દય છે અને દુર્બળજનોને પીડનારા છે, તેવા લોકોથી વાસ કરાયેલું આ સ્થાન હે વિભો! મને રુચતું નથી; મને તો નિષ્કામી વ્રતવાળા જનોએ કરેલી સેવા રુચે છે ૧૦૨-૧૦૩.

तस्मात्त्वदीयभक्तानां तव चैवावतारिणः[૧૩] ।
निवासे रुचिरे भूमन् ! वस्तुमिच्छाऽस्ति मे भृशम् ।। १०४ ।।
(હરિ, કલ્પ. સ્કં. ૩, અ. ૩૬)

આ હેતુથી હે પ્રભો! અવતારી એવા તમારા તથા તમારા ભક્તોના સુંદર સ્થાનમાં, નિવાસ કરવા માટે મારી અત્યંત ઇચ્છા છે.

હવે તે પછી શ્લો. ૧૫માં શ્રીહરિ તેમને કહે છે:-

मम सर्वावताराणां मुख्यस्याति प्रियस्य मे ।
तव वासानुकूलत्वं विद्यास्यम्यचिरादहम् ।। १०५ ।।

મારા સર્વ અવતારોમાં મુખ્ય અને મને અતિ પ્રિય, એવા

તમારા નિવાસની અનુકૂળતા, હું થોડા સમયમાં જ કરીશ ૧૦૫. આવી રીતે શ્રીહરિએ પોતાનું અતુલ ઐશ્વર્ય બતાવીને, પોતે શ્રીકૃષ્ણાદિક સર્વે અવતારોના કારણ છે અને સર્વ અવતારોથી ભિન્ન છે, એમ પોતાના સ્વરૂપનું 'વિલક્ષણપણું' અર્થાત્ અવતારીપણું જણાવ્યું છે.

હવે શ્રીહરિ, હરિલીલાકલ્પતરુ સ્કં. ૫, અ. ૮માં, પોતે જ પોતાનું સ્વરૂપ સમજાવે છે.

ईश्वराणां च जीवानां मायापुरुषयोस्तथा[२८] ।
अहं कालाऽक्षरादीनां स्वतन्त्रोऽस्मि नियामकः ।। १०६ ।।
चक्रवर्तिमहीपालाद् यथा भूपाऽऽदयोऽपरे[२९] ।
चकिता निर्भरं तस्य वशे तिष्ठन्ति सर्वदा ।। १०७ ।।
तथैते निखिला मत्तो बिभ्यतो नितरां सदा[३०] ।
मत्प्राप्तवैभवैश्वर्या वर्तन्ते मद्वशे भृशम् ।। १०८ ।।

સ્વતંત્ર એવો હું તે જીવ, ઈશ્વર, માયા, પુરુષ, કાળ ને અક્ષર એ આદિ સર્વનો નિયંતા છું ૧૦૬. જેમ ચક્રવર્તી રાજા થકી બીજા ખંડિયા રાજાઓ ભયથી કંપાયમાન થઈ સર્વપ્રકારે વશ વર્તે છે, તેમ મારાથી વૈભવ તથા ઐશ્વર્ય પામેલા તે સર્વે ઈશ્વરાદિક, મારાથી નિરંતર ભય પામી અને અતિશય વશ વર્તે છે ૧૦૭-૧૦૮. વળી તે પછી શ્લો. ૩૨ તથા ૩૩માં શ્રીહરિ કહે છે:-

भूतास्तथा भवन्तो मे भविष्या येऽपि भूरिशः ।
अवतारास्त्वहं तेषामवतार्यस्मि कारणम् । १०९ ।

सोऽहमेवाऽक्षराद् धाम्नो दिव्यैश्वर्यादिसंयुतः ।
अवतारी क्षितौ नूनं युष्मदर्थमिहाऽऽगतः ।। ११० ।।

હે ભક્જતનો! મારા ઘણાક અવતાર થયા છે, વર્તમાનકાળે છે ને ભવિષ્યમાં થશે, તે સર્વેનો કારણ અવતારી તો હું જ છું ૧૦૯. અક્ષરધામનો અધિપતિ અવતારી જે હું તે, અક્ષરધામથી દિવ્ય ઐશ્વર્ય યુક્ત, આ પૃથ્વીપર ભરતખંડમાં તમારે અર્થે આવ્યો છું ૧૧૦. વળી શ્રીહરિ શ્લો. ૩૬ તથા ૩૭ માં કહે છે :-

स्वसिद्धैश्वर्य एवाहं भगवानस्मि चेतरे[३६] ।
प्राप्यैश्वर्यं युता जाता भगवत्सञ्ज्ञयाऽखिलाः ।। १११ ।।
मदधीनानि चैतेषां सन्त्यैश्वर्याणि सर्वशः[३७] ।
वर्तन्ते न स्वतंत्रास्ते स्वतंत्रस्त्वहमस्मि वै । ११२ ।।

હું જ સ્વસિદ્ધ ઐશ્વર્યવાન ભગવાન છું; મારા સિવાય બીજા જે છે, તે મારા થકી ઐશ્વર્ય પ્રાપ્ત કરીને ભગવાન સંજ્ઞાને પામ્યા છે ૧૧૧. એ સર્વેનાં જે ઐશ્વર્ય છે તે મારે આધીન છે, તેથી તે સર્વે અવતારો સ્વતંત્ર નથી; ફક્ત હું જ સ્વતંત્ર છું ૧૧૨.

હરિલીલાકલ્પતરુ સ્કં. ૬, અ. ૧૮માં વળી, અનાદિમુક્ત સદ્. ગોપાળાનંદ સ્વામી, શ્રીહરિની સ્તુતિ કરે છે :-

गुणैश्वर्याऽऽवशादुत सदवतारास्तव हरे ![८] ।
स्वतोऽस्यां जायन्ते शुभगुणगणालंकृतितनोः ।

परात्मंत्स्वं साक्षादसि तदवतारी सुखनिधे!
मम स्वामिनारायण! वसतु चेतस्त्वयि सदा! ।। ११३ ।।

હે પરાત્મન્! હે હરે! શુભ ગુણગણોના અલંકારરૂપ શરીરવાળા એવા તમે, તે તમારા ગુણ તથા ઐશ્વર્યનો પ્રવેશ થવાથી, આ પૃથ્વી ઉપર શ્રેષ્ઠ અવતારો પ્રાદુર્ભાવ પામે છે; અથવા કોઈ કાર્ય અર્થે, તમારા સ્વરૂપમાંથી સ્વતઃ (મુક્તાવતાર) પ્રકટ થાય છે. હે સુખનિધે! જેથી આપ સાક્ષાત્ અવતારી છો. માટે હે સ્વામિન્! હે નારાયણ! મારો આત્મા હંમેશાં તમારી મૂર્તિમાં રહો ૧૧૩.

આ શ્લોકનો ભાવાર્થ એ છે કે, અવતારો અને અવતારી એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન તે બંને એક તત્ત્વ નથી; પરંતુ ભિન્ન તત્ત્વ છે. અર્થાત્ પ્રથમ પ્ર. વચ. ૪૧માં કહ્યા પ્રમાણે અવતારી એવા શ્રીહરિ, પોતે જ ચ્યવીને જીવ, ઈશ્વર ને ઉપલક્ષણથી બ્રહ્મ કે સૃષ્ટિકર્તા સાકાર મૂળઅક્ષર આદિ અવતારો રૂપે થતા નથી પણ શ્રીહરિના ગુણ-ઐશ્વર્યનો તે તે અવતારમાં આવિર્ભાવ થાય છે, તેથી તે ઐશ્વર્યાવેશ અવતાર કહેવાય છે અર્થાત્ મૂળપુરુષ જે શ્રીકૃષ્ણ, તેથી શ્રેષ્ઠ મહાકાળ, તેથી શ્રેષ્ઠ નરનારાયણ, અને એ ત્રણેયના ઉપરી વાસુદેવબ્રહ્મ ને તેના ઉપર મૂળઅક્ષર, એ આદિ ઐશ્વર્યાવેશ અવતાર છે. ને તે શ્રીજીમહારાજને ભજી ભજીને કારિયાણી વચ. ૧૦માં કહ્યા પ્રમાણે અનંત થાય છે, તે સર્વેમાં શ્રીહરિજી વ્યતિરેકસ્વરૂપે નહિ; પરંતુ એક બીજાના ઉપરી દ્વારે

અંતર્યામી શક્તિ વડે ન્યૂનાધિક ભાવથી રહે છે. અને શ્રીહરિના સ્વરૂપમાંથી જે મુક્તાવતાર થાય તેમાં તો શ્રીહરિ પોતે જ રહે છે. તે બ્રહ્મસૂત્રભાષ્યરત્નના ત્રીજા અધ્યાયના બીજા પાદમાં સૂત્ર ૧૯માં કહ્યું છે : 'स्वेकांतिकभक्तेषु तु स्वयमेव स्थितश्च' પોતાના એકાંતિક ભક્તોને વિષે અર્થાત્ મુક્તોને વિષે તો, શ્રીહરિ સ્વયં રહેલા છે. આમ શ્રીહરિમાં અને આ 'બંને પ્રકારના' અર્થાત્ ઐશ્વર્યાવેશ અને મુક્તાવતારમાં તત્ત્વનું ભિન્નપણું સમજવું, પણ આગળ કહેવાશે એવા **'સંકલ્પાવતારમાં'** ને શ્રીહરિમાં તત્ત્વનું ભિન્નપણું સમજવું નહિ.

## (૧૩) અવતારીપણું-હરિકૃષ્ણલીલામૃતાનુસાર

શ્રીજી સમકાલીન સદ્. મહાનુભાવાનંદ સ્વામીએ, 'હરિકૃષ્ણલીલામૃત' નામક ગ્રંથ રચ્યો છે; તેમાં અ. ૨૨માં, ઈશ્વરો શ્રીહરિની સ્તુતિ કરે છે:-

पृथ्व्यां दक्षनरोऽपि भूकणतरांस्तारागणानंबरे[४१]
मेघांभः कणिका यदा च गणयेत्ते वै गुणान् भूरिशः।
एश्वर्याणि हरेऽवतारनिचयान् कापि क्षमो नो भवेत् ।
संख्याकर्तु मनंतदिव्यचरितस्याऽऽत्मीकल्पद्रुमः ।। ११४ ।।

હે હરે! ગણિતશાસ્ત્રને જાણનાર ચતુર એવો કોઈ વિદ્વાન, પૃથ્વીના રજ:કણોને, આકાશના તારાગણોને તથા મેઘના જળબિંદુઓને કદાચ ગણી શકે; પરંતુ ભક્તના મનોરથોને

પૂર્ણ કરવામાં કલ્પતરુ સમાન હે નારાયણ! તમારા અગણિત કલ્યાણકારી ગુણોની, તમારાં ઐશ્વર્યોની તથા તમારા **'અવતારો'**ની સંખ્યા નક્કી કરવા માટે કોઈ પણ શક્તિમાન નથી ૧૧૪.

હવે ગોલોક તથા અક્ષરધામનું પૃથક્પણું છે એમ એ જ ગ્રંથના ત્રીસમા અધ્યાયમાં કહ્યું છે. અહીં વાતનો આવો પ્રસંગ છે: એક વખત શ્રીજીમહારાજે ભક્તિમાતાને પોતાના મુખમાં અનંત બ્રહ્માંડ દેખાડ્યાં. તેમ જ શ્વેતદ્વીપ, વૈકુંઠ, બદરિકાશ્રમ અને અવ્યાકૃત આદિ જુદાં જુદાં ધામ પણ, સભાએ સહિત દેખાડ્યાં. પછી વળી આ પ્રમાણે દર્શન થયાં:-

अपश्यत्तत्र वा माता गोलोकं परमव्ययम्[७] ।

तत्र तेजोधनं देशं मध्यवर्तिनमुत्तमम् ।। ११५ ।।

सिंहासने तत्र हरिं समास्थितं राधारमासेवितपादपंकजम्[८] ।। ११६ ।।

ભક્તિમાતા પોતાના પુત્રરૂપ શ્રીહરિના મુખને વિષે 'પરમ' કહેતાં, રમાવૈકુંઠ ને મહાવૈકુંઠથકી પર ને અવ્યય એવું ગોલોકધામ દેખતાં હતાં. અને તે ગોલોકના મધ્યે દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન, રાધિકા તથા લક્ષ્મીજીએ સેવ્યાં છે ચરણકમળ જેમનાં ને તેજોમય એવા શ્રીકૃષ્ણને દેખતાં હતાં ૧૧૫-૧૧૬. વળી એ જ અધ્યાયમાં કહ્યું છે જે :-

दृष्ट्वैवमक्षरपदं स्वसुतस्य तस्मात्तभूहक्तिरर्कविधुकोटिसमानमासम्[१५] ।

सर्वोत्तमं परतरातिसुखं च सत्यं तत्राप्यचष्ट तनयं पुरुषोत्तमं स्वमू ।। ११७ ।।

ત્યાર પછી ભક્તિમાતા ગોલોકથી પર, અનંતકોટી

સૂર્ય અને ચંદ્રની કાંતિ સમાન તેજસ્વી ને સર્વોપરી એવું પોતાનાં પુત્રનું દિવ્ય અક્ષરધામ તેને પણ દેખતાં હતાં. અને તે ધામને વિષે સર્વ કારના કારણ, સર્વોપરી ને પુત્રરૂપે પ્રકટ થયેલા એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિ ભગવાનનાં દર્શન કરતાં હતાં. ૧૧૭.

વળી અવતાર-અવતારીનું પૃથક્પણું છે. તે હરિકૃષ્ણ-લીલામૃતના ૬૦ માં અધ્યાયમાં કહ્યું છે:-

तदा तस्या मनस्येव संकल्पश्चाऽभवन्नृप[39] ।
हरेः पूर्वेऽवताराश्चासन्यथाऽयमपीश्वरः ।
तथा किं न भवेद्वा किं रामकृष्णादयस्त्विति ।। ११८ ।।

ભુજના લીલાધર વિપ્રની માતાને, શ્રીજીની પૂજા કરતાં એવો સંકલ્પ થયો કે, ભગવાન પુરુષોત્તમ નારાયણના, પૂર્વે રામ-કૃષ્ણાદિક અવતારો થયા, તે જેવા આ ધર્મદેવના પુત્ર હશે કે તેમના કારણ સર્વોપરી હશે? ૧૧૮. આવો સંકલ્પ થવાથી શ્રીજીએ પોતાની મૂર્તિમાંથી તેજ‧ દેખાડ્યું. તે તેજમાં તે સ્ત્રીને શ્રીહરિનાં કૃષ્ણ તથા રામરૂપે દર્શન થયાં, તેમજ વામનાદિ અવતારોરૂપે પણ દર્શન થયાં તેથી આશ્ચર્ય પામેલાં તે બાઈ પ્રત્યે શ્રી સ્વામિનારાયણ ભગવાન બોલ્યા :-

सर्वेषामवताराणामहं हेतुरहं परः[43] ।
मम नेत्रकटाक्षेणाऽभवन्ब्रह्मांडराशयः ।। ११९ ।।

(હરિકૃષ્ણલીલામૃત અ. ૬૦)

સર્વ અવતારોનો કારણ અને સર્વથી પર એવો હું

ભગવાન છું; મારા નેત્રકટાક્ષ વડે અનંતકોટી બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે. ૧૧૯.

એક વખત શ્રીજીમહારાજે સ્વરૂપાનંદ સ્વામીને સમાધિ કરાવી ને તે સમાધિમાં પોતાના દિવ્યમુક્તોએ સહિત પોતાનાં દર્શન દીધાં. પછી શ્રીજીમહારાજે તેમને કહ્યું :-

युगपत्त्वमसंख्यानां मुक्तानां पूजनं कुरु[६७] ।।
विधाय बहुरुपाणि सर्वावतारनामतः । १२० ।।
गृहीतान्यपि नामानि न भूतो बहुरुपकः[६८]
सहजानंदनाम्ना यत्सोऽभवद्भूरिरुपवान् ।। १२१ ।।

(હરિકૃષ્ણલીલામૃત અ. ૭૩)

હે મુને! તમે સર્વ અવતારોનાં નામોચ્ચારણ કરીને તેમના પ્રભાવથી અનંત સ્વરૂપો ધારણ કરી, આ ધામમાં રહેલા અનંત મુક્તોની એકસાથે પૂજા કરો. એ પ્રમાણે દરેક અવતારોનાં નામો લેવા છતાં પણ અનેકરૂપે સ્વરૂપાનંદ સ્વામી થઈ શક્યા નહિ; છેવટે સર્વોપરી સર્વકારણના કારણ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું નામોચ્ચારણ કરવાથી તત્કાળ અનંતરૂપે થયા ને શ્રીહરિ તથા અનંતમુક્તોની એકસાથે પૂજા કરી - એમ ઉત્તરશ્લોક સાથે સંબંધ છે ૧૨૦-૧૨૧.

વળી એક વખત અમદાવાદના નથ્થુભટ્ટને, શ્રીજીમહારાજે ધ્યાનમાં અલૌકિકરૂપે દર્શન આપ્યા, પછી વળી આ પ્રમાણે દર્શન થયાં:-

रामानंदादिमुक्तैश्चानेकैरुपासितं प्रभुम्[83] ।
असंख्यानवतारांश्च हरिमूर्तावचष्ट सः ।। १२२ ।।

(હરિકૃષ્ણલીલામૃત અ. ૮૦)

રામાનંદ સ્વામી આદિ અનંત મુક્તોએ ઉપાસના કરાયેલા, એવા શ્રીહરિની મૂર્તિને વિષે અસંખ્ય અવતારોને, તે નથ્થુ ભક્તે જોયા ૧૨૨. પછી રામાનંદ સ્વામીએ નથ્થુ ભટ્ટને આ પ્રમાણે કહ્યું:-

अयं सर्वावताराणां निदानं सर्वधामपः[85] ।। १२३ ।।

આ શ્રી સહજાનંદ સ્વામી છે, તે રામ-કૃષ્ણાદિક સર્વ અવતારોના કારણ છે, તથા સર્વ ધામોના અધિપતિ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે ૧૨૩.

વળી હરિકૃષ્ણલીલામૃત અ. ૯૨માં, શ્રીહરિ પોતે જ પોતાનું પુરુષોત્તમપણું સમજાવે છે:-

अहं सर्वावताराणां कारणं परमव्ययम्[28] ।
कोट्यर्केन्दुशुचित्विड्भेऽक्षरधाम्नि सदा स्थितः ।। १२४ ।।

સર્વ અવતારોનો 'कारण' એટલે અવતારમાં અન્વયરૂપે પ્રવેશ કરીને તેમનો પ્રકાશક અને 'परं' કહેતાં વ્યતિરેકરૂપે અવતાર થકી પૃથક્ ને સદા એકસ્વરૂપ એવો હું સ્વામિનારાયણ છું; તે કોટી સૂર્ય, ચંદ્ર, અગ્નિ સરખું તેજોમય એવું મારું અક્ષરધામ તેમાં સદા વિરાજમાન છું ૧૨૪. વળી શ્રીહરિ બદરિકાશ્રમવાસી નથી, **એમ એ જ** અધ્યાયમાં શ્રીજી સ્વયં કહે છે:-

अहं त्वक्षरमध्यस्थोऽनंतमुक्तैर्वृतः सदा[२०] ।
संकल्पमित्यहं चक्रे ह्यरोऽस्तु मे भुवि ।। १२४ ।।

અનંતકોટી મુક્તે સહિત હું અક્ષરધામને મધ્યે સદા વિરાજમાન છું; તે મેં જ આ પ્રકારે સંકલ્પ કર્યો કે પૃથ્વીને વિષે હું જ પ્રગટ થઈને સર્વને દર્શન આપું ૧૨૫.

વળી સદ્. ભૂમાનંદ સ્વામી શ્રીહરિની સ્તુતિ કરે છે :-

सर्वगं परमहंसकुलार्च्यमक्षरात्परमनंतगुणेशम्[१४] ।
सर्वकारणमनेकचरित्रं धर्मसूनुहमात्मनि वंदे ।। १२६ ।।

(હરિકૃષ્ણલીલામૃત અ. ૯૩)

હે શ્રીહરે! સર્વત્ર વ્યાપક તથા પોતાના પરમહંસ મુક્તોએ પૂજેલા, અક્ષરથકી પર, અનંત કલ્યાણકારી ગુણોના પતિ, સર્વના કારણ તથા અનંત લીલાચરિત્રોને વિસ્તારનારા, ધર્મદેવના પુત્ર એવા તમને હું વંદન કરું છું ૧૨૬.

હવે સદ્. મહાનુભાવાનંદ સ્વામી શ્રીહરિની સ્તુતિ કરે છે:-

श्री स्वामिनारायण! वासुदेव! सर्वेश्वरानंत सुखप्रदाता[१] ।
मानुष्यसौख्यात्सुरसिद्धशर्माधिकं ततश्चेंद्रसुख परात्मन् ।। १२७ ।।
ततोऽधिकं ब्रह्मसुखं बिराजो हिरण्यगर्भस्य विशेषमाहुः[२] ।
प्रधानपुंसोस्तत ईश्वरेशाधिकं महापुरुषसौख्यमासीत् ।। १२८ ।।
तदक्षरं कोटिगुणं सुखं स्यात्ततोऽपि ते मूर्तिसुखं विशेषम्[३] ।
ज्ञात्वैवमात्मन्यखिलाधिपं त्वामनंतदिव्योरु सुखं भजेऽहम् ।। १२९ ।।

(હરિકૃષ્ણલીલામૃત અ. ૧૧૧)

હે સ્વામિનારાયણ! વાસુદેવ ! હે સર્વેશ્વર! અનંત સુખોને આપનારા હે ભગવન્! મનુષ્યના સુખથી દેવોનાં તથા સિદ્ધોનાં સુખ અધિક છે; તે કરતાં ઇંદ્રનું સુખ અધિક છે; તે કરતાં બ્રહ્માનું સુખ અધિક છે; તેથી વૈરાટનારાયણનું સુખ અધિક છે; તેથી અધિક હિરણ્યગર્ભનું સુખ છે; તેથી અધિક પ્રધાનપુરુષનું (રામચંદ્રજીનું) સુખ છે; તેથી અધિક 'મહાપુરુષનું' કહેતાં કૃષ્ણનું સુખ છે; તે કરતાં કોટી ગણું અક્ષરનું સુખ છે, અને તેથી પણ અધિક હે ભગવન્! તમારી મૂર્તિનું સુખ સર્વોત્તમ છે. એમ જાણીને હું તમારું અખંડ ભજન કરું છું ૧૨૭-૧૨૯.

## (૧૪) અવતારીપણું - શિક્ષાપત્રી તથા તદ્‌ભાષ્યાનુસાર

શિક્ષાપત્રી શ્લો. ૧૦૪ના બીજા પાદમાં શ્રીહરિ લખે છે: 'જીવ, માયા અને ઈશ્વર તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ.' તેમાં ઈશ્વરની વિકિત શિ. શ્લો. ૧૦૮ માં શ્રીહરિ આ પ્રમાણે જણાવે છે:-

स श्रीकृष्णः परंब्रह्म भगवान पुरुषोत्तमः ।
उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम् ।। १३० ।।

અને તે ઈશ્વર ક્યા? તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે. અને શ્રીકૃષ્ણ જે તે આપણા ઇષ્ટદેવ છે ને ઉપાસના કરવા યોગ્ય છે અને **'સર્વ અવતારના કારણ છે'** ૧૩૦.

શ્રીહરિએ આ શ્લોકમાં 'ક્યા ઈશ્વર?' એમ પૂછવાથી ઈશ્વર અસંખ્ય છે એવી સ્પષ્ટતા બતાવી છે. જો એમ ન હોય ને એક જ ઈશ્વર હોય તો ક્યા ઈશ્વર? એવો પ્રશ્ન સંભવે નહિ. વળી અમદાવાદના ૭ મા વચનામૃતમાં પણ સનાતન ઈશ્વર અને આધુનિક ઈશ્વર એમ બે પ્રકારના ભેદ બતાવ્યા છે, તે કેમ સંભવે? માટે ઈશ્વર અસંખ્ય છે.

અહીં શંકા થાય કે ઈશ્વર ક્યા જાણવા? 'नन्वीशकोटित्वात् एतादशो कोऽसौ ईंश:' શાસ્ત્રમાં પ્રધાનપુરુષ, વૈરાજપુરુષ આદિ અનંતકોટી ઈશ્વર કહ્યા છે, પણ આવા તેજ-પ્રતાપવાળા સર્વના પ્રકાશક ઈશ્વર ક્યા જાણવા? તેનો ઉત્તર એ છે : વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ આદિ, શ્રીજીએ રચેલ-રચાવેલ શાસ્ત્રમાં જેમને પરબ્રહ્મ પુરુષોત્તમ એવા શ્રીકૃષ્ણ ભગવાન કહ્યા છે, તેમને જ આ સ્થળે ઈશ્વર કહેલ છે.

હવે તેમાં પણ શંકા થાય કે, नन्वेवंभूतानुभावः कौऽसौ कृष्णः?' શિક્ષાપત્રીના આ ૧૦૮માં શ્લોકમાં - 'શ્રીકૃષ્ણ ભગવાન' કહ્યા; તે ગોલોકધામના નિવાસી, રાધિકા-લક્ષ્મીના પતિ ને દેવકી-વસુદેવને ઘેર પ્રકટ થયા હતા અને જેમને વ્યાસજીએ ગીતા, તેમજ શ્રીમદ્ ભાગવતમાં પરબ્રહ્મ પુરુષોત્તમ આદિ નામે વર્ણવ્યા છે, એવા જે અવતારસ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાન છે તેમને જાણવા? કે ગોલોકધામથી પર અક્ષરધામના નિવાસી અને ભક્તિદેવી ને ધર્મદેવને ઘેર પ્રકટ

થયા છે; તેમ જ વાસુદેવાનંદવર્ણી તથા શતાનંદમુનિ આદિ અનાદિ મુક્તોએ સત્સંગિભૂષણ, સત્સંગિજીવન આદિ શાસ્ત્રમાં જેમને પરબ્રહ્મ પુરુષોત્તમ આદિ નામે કરીને ગાયા છે, એવા અનાદિ શ્રીકૃષ્ણનામક સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણને જાણવા?

તેનું સ્પષ્ટીકરણ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે જ પોતાને આ ૧૦૮માં શ્લોકમાં ત્રણ વિશેષણ આપીને સમજાવે છે : 'यः' કહેતાં જે. 'नः=अस्माभिः=भवभ्दः' ('नः' છઠ્ઠી વિભક્તિમાં કર્તામાં છે). શ્રી અયોધ્યાપ્રસાદજી, શ્રી રઘુવીરજી, મુકુંદાનંદ, મુકતાનંદ તથા મયારામ ભટ્ટ આદિ સર્વે મારા આશ્રિત તમોએ 'उपास्य': એટલે ઉપાસના કરવા યોગ્ય ને ઇષ્ટદેવપણે માનેલો. અને 'सर्वाविर्भावकारणम्' અર્થાત્ રામકૃષ્ણાદિ સર્વે અવતારનો કારણ-એવો પ્રત્યક્ષ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ હું જ છું, તે મને જ સંપ્રદાયના શાસ્ત્રમાં **'અનાદિ શ્રીકૃષ્ણ'** નામે કહેલ છે.

અહીં મૂળશ્લોકમાં એમ કહ્યું છે: 'તે શ્રીકૃષ્ણ આપણા ઇષ્ટદેવ છે ને ઉપાસના કરવા યોગ્ય છે.' આવી રીતે શ્રી સહજાનંદ સ્વામી પોતે ભક્તપણે જે બોલ્યા છે, એ તો અનેક જીવના સમાસને અર્થે છે; પણ શ્રીહરિનો રહસ્ય અભિપ્રાય ઉપર દર્શાવ્યા મુજબ છે.

હવે અક્ષરધામનિવાસી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું 'કૃષ્ણ' એવું નામ અનાદિનું છે ને ગોલોકવાસીનું 'કૃષ્ણ'

એવું નામ તો ઔપચારિક છે માટે ક્યા કૃષ્ણ જાણવા? તેનું વિશેષ સ્પષ્ટીકરણ શિક્ષાપત્રીભાષ્યમાં, શ્લો. ૨૯ની ટીકામાં શ્રીજીસમકાલીન સિદ્ધમુક્ત શતાનંદમુનિ આ પ્રમાણે જણાવે છે:-

'नवास्तां श्रीकृष्णस्य परब्रह्मत्वं मूलपुरुषस्य भगवतस्तु कृष्णशब्दवाच्यत्वं न घटते । द्वापरान्ते देवकीवसुदेवदेवाभ्यामाविर्भावात्प्रागेव भगवतः कृष्णाख्यत्वे सकलं ब्रह्मवैवर्तपुराणमेव प्रमाणम् ।।

અનાદિ શ્રીકૃષ્ણ ભગવાનને (અર્થાત્ શ્રી સહજાનંદ સ્વામીને) તો પરબ્રહ્મપણું ભલે હોય; પરંતુ મૂળપુરુષરૂપ શ્રીકૃષ્ણ ભગવાનને તો, 'કૃષ્ણ' શબ્દવાચ્યપણું ઘટતું નથી; કેમ કે મૂળપુરુષ જે ભગવાન કહેવાય છે, તે તો દ્વાપરને અંતે દેવકી-વસુદેવ થકી પ્રકટ થયા; તે પછી તેમનું ગર્ગાચાર્યે 'કૃષ્ણ' એવું નામ પાડ્યું છે. માટે કોઈ એમ કહે કે, કૃષ્ણ નામની પ્રવૃત્તિ તેમના જન્મ પછી જ થઈ છે તો તે બરાબર નથી; કેમ કે અનાદિ ભગવાનનું નામ જ 'શ્રીકૃષ્ણ' છે. અને વસુદેવના ગૃહે શ્રીકૃષ્ણ પ્રકટ થયા તે પહેલાં પણ, 'બ્રહ્મવૈવર્ત' પુરાણમાં સ્થળે સ્થળે શ્રીકૃષ્ણ શબ્દનો નિર્દેશ કરેલો છે.

અહીં શંકા થાય કે, શિ. શ્લો. ૧૧૨માં - 'ભગવાનના સ્વરૂપોને વિષે ભેદ ન સમજવો.' એમ કહ્યું છે તેનું કેમ સમજવું? તો અનાદિ શ્રીકૃષ્ણનામક શ્રી સ્વામિનારાયણ

ભગવાન, જીવોના મોક્ષ કરવા મનુષ્યરૂપે પૃથ્વી પર વિચરતા હતા, તે સમયે મુમુક્ષુજીવોને પોતાનો નિશ્ચય કરાવવા સારુ સમાધિ કરાવતા અને તે સમાધિમાં રાધાકૃષ્ણ, નરનારાયણ, લક્ષ્મીનારાયણ આદિ રૂપે પોતે થઈને દર્શન દેતા હતા; એ જ પોતાનાં **'સંકલ્પસ્વરૂપ'** અર્થાત્ સંકલ્પાવતારને શ્રીજીમહારાજે મહામંદિરોમાં પધરાવ્યા છે. આવા હેતુથી 'ભગવાનનાં સ્વરૂપોમાં' એટલે અમદાવાદ, ભુજ, વરતાલ, ગઢપુર, ધોલેરા, જૂનાગઢ, મૂળી, ધોળકા આદિ ધામોમાં મોટાં મંદિરોમાં પધરાવેલ એવા નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથ, રાધાકૃષ્ણ, મોરલીમનોહર, મદનમોહન આદિ સ્વરૂપોને વિષે સર્વપ્રકારે ભેદ ન સમજવો; અર્થાત્ શ્રીજીમહારાજે પોતે સામાન્ય ભક્તજનના સમસાને અર્થે પોતાના સંકલ્પે કરીને વેષાંતર ધારણ કરનાર જનોની માફક દ્વિભુજ, ચતુર્ભુજ કે સહસ્ત્રાભુજરૂપે પોતે જ દર્શન દીધાં હોય તથા આપણા મંદિરોમાં તેવાં સ્વરૂપો પધરાવેલ હોય તેમાં તથા શ્રીહરિમાં ભેદ નથી એમ સમજવું; પરંતુ ગોલોકવાસી રાધાકૃષ્ણ, શ્વેતદ્વીપવાસી વાસુદેવ, બદરિકાશ્રમવાસી નરનારાયણ ને વૈકુંઠવાસી લક્ષ્મીનારાયણ આદિ અવતારસ્વરૂપમાં અને અનાદિ શ્રીકૃષ્ણ જે અક્ષરધામાધિપતિ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ, તેમાં તો અવતાર-અવતારી એવો ભેદ છે જ, એમ સિદ્ધમુક્ત શતાનંદમુનિએ શિ. શ્લો. ૨૯ની ટીકામાં પ્રથમ કહ્યા મુજબ

સ્પષ્ટતા બતાવી છે. અને શ્રીજીએ પણ શિક્ષાપત્રીના આ ૧૦૮ માં શ્લોકમાં 'सर्वाविर्भावकारणम्' એ પદ વડે અવતાર-અવતારીનું વિલક્ષણપણું સૂચવ્યું છે.

હવે શિ. શ્લો. ૨૯માં કહ્યા પ્રમાણે કોઈને શંકા થાય કે, ભગવાનનું ખંડન તે શું સમજવું? તો, પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન સદા દિવ્યસાકાર મૂર્તિમાન છે અને અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કર્તા છે, તેમને અરૂપ તથા અકર્તા કહેવા તથા તે ભગવાનની પ્રેરક શક્તિ વિના સ્વતંત્રપણે કાળ, માયા, પુરુષ, સ્વભાવ, કર્મ તે કર્તા છે એમ જે કહેવું તથા અવતાર-અવતારીને સમાન કહેવા તે ખંડન કર્યું કહેવાય છે. તે ગઢડા મધ્ય પ્ર. વચ. ૯ માં કહ્યું છે: 'બીજા અવતાર જેવા અમને જાણે તો તે અમારો દ્રોહ કર્યો કહેવાય' અર્થાત્ અમારું ખંડન કર્યું કહેવાય.

અને જેમ પરશુરામ ભગવાનનું ઐશ્વર્ય રામચંદ્રજીએ લઈ લીધું ત્યારે રામચંદ્રજી, પરશુરામથી સમર્થ ને તેમના અવતારી કહેવાયા. એવી રીતે શાસ્ત્રમાં અવતાર-અવતારીના ભેદનું વર્ણન કરેલું હોય તો તે, ખંડન નહિ પરંતુ ભગવાનનું મહત્પણું-માહાત્મ્ય વર્ણવ્યું છે એમ જાણવું; અને અવતાર-અવતારી ભેદનું જે નિરૂપણ કરવું તે તો શ્રીહરિની આજ્ઞા છે; તે વરતાલના ૧૮મા વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું છે: **'રૂપને ભેદે કરીને'** ઉપાસનાના ભેદ કરવા. અર્થાત્ શ્રીહરિએ છપૈયામાં પ્રકટ થઈ, પોતાનાં મતાપિતાને

અક્ષરધામમાં અનંત મુક્તે સહિત પોતાનું દર્શન આપ્યું અને ગોલોકાદિક ધામોનાં પણ ધામીએ સહિત દર્શન કરાવ્યાં. વળી કાલવાણી આદિ ગામોમાં અનેક મતવાદીઓને સમાધિઓ કરાવી, ને તે સમાધિમાં શ્રીહરિએ શ્રીકૃષ્ણ, નરનારાયણ આદિ સર્વે અવતારોને પોતાને વિષે (પોતાના તેજમાં) લીન કર્યા, પણ પોતે કોઈ અવતારમાં લીન થયા નહિ, એવાં અનેક ભક્તજનોને દર્શન આપ્યાં. એવી રીતે રૂપને ભેદ કરીને ઉપાસનાના ભેદ કરવા.

હવે શિ. શ્લો. ૧૨૧ માં - 'અમને પ્રિય એવું જે ધામ, તે ગોલોક છે' એમ કહ્યું છે તેનું કેમ સમજવું? તો 'ગો' શબ્દના ૨૧ અર્થ થાય છે, તેમાં અહીં 'ગો' એટલે કિરણ અને 'લોક'નો અર્થ સમૂહવાચક લેવો; અર્થાત્ તેજના સમૂહરૂપ અક્ષરધામ તે, શ્રીહરિને પ્રિય છે એમ જાણવું; જો એમ અર્થ ન ઘટાવીએ તો, ગઢડા અંત્ય પ્રકરણના બીજા વચનામૃતમાં - 'જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક-વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે તેથી પણ હું આ સત્સંગીની (અર્થાત્ અક્ષરધામની) સભાને અધિક જાણું છું.' એમ ગોલોકાદિક ધામોની સભાથી પોતાની સભાને અધિક કહી છે તે કેમ સંભવે? વળી લોયા વચ. ૧૪ માં - 'અમારા મનમાં શ્વેતદ્વીપ તથા બદરિકાશ્રમ જેવા ગમે છે, તેવા બીજા લોક ગમતા નથી.' એમ કહ્યું છે. આમાં પણ ગોલોકાદિક ધામ કરતાં શ્વેતદ્વીપ અને

બદરિકાશ્રમને વખાણ્યાં છે. અને પાંચાળાના પહેલાંમાં- **'ગોલોકથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.'** એમ કહ્યું છે. માટે રાધા-રમા અને ગોપી-ગોવાળોથી પરિસેવિત ગોલોકધામ થકી પૃથક્ જે તેજના સમૂહરૂપ, ને ગોલોક છે ઉપનામ જેનું એવું અક્ષરધામ તે, શ્રીહરિને **પ્રિય છે** એમ જાણવું. અને આ અક્ષરધામને વિષે સ્ત્રી-પુરુષ એવો ભેદ નથી; ગઢડા અંત્ય પ્ર. વચ. ૩૮ માં કહ્યા પ્રમાણે સર્વે મુક્ત દિવ્ય પુરુષાકાર છે.

વળી તેજના સમૂહરૂપ જે આ 'ગોલોક' કહેતાં અક્ષરધામ કહ્યું તે કિરણોએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનના ગોલોકધામની મધ્યે વ્યાપીને રહ્યું છે, તેથી ગોલોકના મધ્યે અક્ષરધામ કહેવાય છે; પણ તે અક્ષરધામનું અન્વયસ્વરૂપ છે. એવી રીતે આ અક્ષરધામ શ્વેતદ્વીપાદિ બીજાં ધામોમાં પણ કિરણોદ્વારે વ્યાપીને રહ્યું છે એમ જાણવું. જો એમ અર્થ ન ઘટાવીએ તો, લોયા વચ. ૧૪ માં અક્ષરધામને તો અધોઊર્ધ્વ પ્રમાણે રહિત કહેલ છે ને ગોલોકને તો વેદરસ તથા ભક્તચિંતામણિ પ્ર. ૧૫૯ માં 'પરિમિત' અર્થાત્ માપવાળું કહેલ છે. આ હેતુથી બૃહત્ એવું અક્ષરધામ પરિમિત ધામમાં કેવી રીતે સમાય? ન જ સમાય. માટે અહીં શિક્ષાપત્રીમાં તો અધોઊર્ધ્વ પ્રમાણે રહિત તેજના સમૂહરૂપ જે અક્ષરધામ, તેને જ શ્રીહરિએ ચાલોચાલ ભક્તોના સમાસને માટે 'ગોલોક' એવા નામથી સંબોધેલ છે એમ જાણવું; આ શ્રીહરિનો **'મુખ્ય સિદ્ધાંત'**

છે. અને રાધા-રમાથી પરિસેવિત જ ગોલોક છે તે જ શ્રીહરિને પ્રિય છે એમ જ સમજવું તે શ્રીહરિનો **'સામાન્ય સિદ્ધાંત'** છે.

આવી રીતે શિક્ષાપત્રીમાંથી કોઈ અર્થ સ્વતઃ ન સમજાય તો, શિ. શ્લો. ૨૦૩ માં કહ્યા પ્રમાણે 'ધર્મનો વિસ્તાર' અર્થાત્ ઉપાસના સંબંધી ભાગવતધર્મનો તથા વર્ણાશ્રમધર્મનો વિસ્તાર જાણવા માટે 'સંપ્રદાયના જે ગ્રંથ' એટલે કે વચનામૃત, સત્સંગિજીવન આદિ ગ્રંથનો અનુકલ્પ-આશ્રય લેવો, એમ શ્રીજીમહારાજે કહેલું છે. વળી શિક્ષાપત્રીના કેટલાક અર્થ પોતાની મેળે સમજાય એવા નથી. તેથી જ શ્રીહરિએ શિ. શ્લો. ૩૬ માં નિત્યપ્રત્યે સાધુનો-સત્પુરુષનો સમાગમ કરવો. 'कार्यं सङ्गोऽन्वह सताम्' । એમ કહ્યું છે.

## (૧૫) અવતારીપણું - અન્ય ગ્રંથાનુસાર

અનાદિમુક્ત સદ્. ગોપાળાનંદ સ્વામીએ, શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાનાં તેર અસાધારણ લક્ષણો કહેલાં છે, તેમાં છેલ્લું લક્ષણ આ પ્રમાણે બતાવેલ છેઃ-

संदर्शयेत्पूर्वनिजावताराल्लीनान्स्वमूर्तौ शतशो मनुष्यान्[१६] ।
लीनो न तेषु स्वयमद्भुतं तत् त्रयोदशं धर्मसुतस्य लक्ष्म ।। १३१ ।।

પોતાના પૂર્વ અવતારોને પોતાની મૂર્તિને વિષે લીન થયેલા સેંકડો મનુષ્યોને દેખાડે; પરંતુ પોતે તે અવતારમાં લીન ન થાય, તે આશ્ચર્યકારક, ધર્મસુતના સર્વોપરીપણાનું

તેરમું લક્ષણ છે ૧૩૧.

અનાદિમુક્ત સદ્. બ્રહ્માનંદ સ્વામીએ પણ શ્રીહરિને પ્રકટ થવાના છ હેતુ બતાવ્યા છે, તે પૈકી ચોથા હેતુમાં આ પ્રમાણે કહ્યું છે:-

स्वकीयावतारास्तदीयाश्चभक्ता निजोपासनां ज्ञानमाबोध्य तेषाम् ।
तथैतान्स्वधामाऽधिनेतुं विचिन्त्याऽऽगतःश्रीहरिर्हेतुरुक्तश्चतुर्थः ।। १३२ ।।

પોતાના અવતારો તથા તે અવતારોના ભક્તો તેમને, પોતાના સ્વરૂપની ઉપાસના તથા જ્ઞાન સમજાવીને તેઓ સર્વેને પોતાના અક્ષરધામ પ્રત્યે લઈ જવા એ શ્રીહરિને પ્રકટ થવાનો ચોથો હેતુ છે ૧૩૨.

વળી આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે રચાવેલ જે 'હરિલીલાકલ્પતરુ' નામક ગ્રંથ, તેના લેખક જે સદ્. બ્ર. અચિંત્યાનંદજી, તેમના સ્વરચિત અન્ય હસ્તલિખિત લખાણોમાંથી મળી આવેલા અને જૂનાગઢથી 'શ્રી સ્વામિનારાયણ ષોડશોપચાર મહાપૂજા' એ નામથી પ્રસિદ્ધ થયેલ નાની પુસ્તિકામાં મંગલાચરણ તથા મહિમા તરીકે મૂકેલા, ઉપાસના પરત્વેના જે શ્લોકો છે તેમાં ત્રણ શ્લોકો નીચે પ્રમાણે છે :-

અનાદિમુક્ત સદ્. ગોપાળાનંદ સ્વામી શ્રીહરિની સ્તુતિ કરે છે :-

श्रीदत्त कपिलः कुमार ऋषभो देवर्षिनारायणौ
व्यासो यज्ञपृथू ध्रुवो हयशिरा हंसो हरिर्मोहिनी ।

मत्स्यकूर्मवराहबुद्धनृहरित्रैराम्यकृष्णा बटु
रित्याद्याकृतिकोऽवतार्यवतु नः श्रीस्वामिनारायणः ।। १३३ ।।

જે ભગવાન (૧) દત્તાત્રેય, (૨) કપિલ, (૩) સનત્કુમાર, (૪) ઋષભદેવ, (૫) નારદમુનિ , (૬) નારાયણ, (૭) વ્યાસ, (૮) યજ્ઞ, (૯) પૃથુ, (૧૦) ધ્રુવજી, (૧૧) હયગ્રીવ, (૧૨) હંસાવતાર, (૧૩) હરિ અવતાર, (૧૪) મોહિની અવતાર, (૧૫) મત્સ્ય, (૧૬) કૂર્મ, (૧૭) વરાહ, (૧૮) બુદ્ધ, (૧૯) નૃસિંહ, (૨૦) રામચંદ્રજી, (૨૧) પરશુરામ, (૨૨) બલરામ , (૨૩) કૃષ્ણ, અને (૨૪) વામન. એ આદિ અવતાર ધારણ કરે છે; એવા અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન અમારું રક્ષણ કરો ૧૩૩.

હવે શ્રીજીમહારાજ તથા મુક્તમાં જેને પ્રીતિ નથી તેને આ પ્રકારે સંબોધે છે:-

येषां श्रीस्वामिनारायणपदकमले नास्ति भक्तिर्नराणां
गोपालानंदमुन्यादिषु शुभगुणदः सत्सु संगो न येषाम् ।
येषां श्रीधर्मपुत्रोदितसुखदवृषे नास्ति दार्ढ्यं नराणां
धिक्तान् धिक्तान् धिगेतान् कथयति सततं कीर्तनस्थो मृदंगः ।। १३४ ।।

જે મનુષ્યોને શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરણકમળમાં ભક્તિ નથી; જે મનુષ્યોને ગોપાળાનંદમુનિ આદિક સંતોનો, શુભ ગુણને આપનારો સત્સંગ નથી; જે મનુષ્યોને ભક્તિ-ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાને કહેલા, આત્યંતિક કલ્યાણને આપનારા ભાગવત ધર્મને વિષે દઢતા નથી, તે

મનુષ્યોને ધિક્કાર છે; ધિક્કાર છે; ધિક્કાર છે; એ પ્રમાણે ઓચ્છવમાં વગાડાતી મૃદંગ નિરંતર કહે છે ૧૩૪.

હવે શ્રીહરિ સ્વયં કહે છે :-

त्रैराम्यवाराहनृसिंहवामनश्रीमत्स्यकूर्माकृतिबुद्धकल्क्यः ।
कृष्णादयः संत्यवतारका यतस्तं स्वामिनारायणमेव विद्धि माम् ।। १३५ ।।

જેના થકી રામચંદ્રજી, પરશુરામ, બળરામ, વરાહ, નૃસિંહ, વામન, મત્સ્ય, કૂર્મ, બુદ્ધ, કલ્કિ એ આદિક અને કૃષ્ણ, નરનારાયણ આદિ અવતારો થાય છે એવો મને અવતારી 'સ્વામિનારાયણ' જાણો ૧૩૫.

વળી કાવ્ય-કીર્તનરૂપે રચેલ 'પુરુષોત્તમવિવાહ'ના ૧૨મા પદમાં શ્રીજીસમકાલીન સદ્. બ્ર. વૈષ્ણવાનંદ સ્વામી લખે છે:

**નહિ વૈકુંઠવાસી એવા, નહિ ગોલોકવાસી જેવા.**
**નો'ય ભૂમા પુરુષ સુખધામ, આ તો પૂરણકામ અકામ.**
**નો'ય મચ્છ ને કચ્છ વરાહ, નો'ય વામ રામ અથાહ.**
**નહિ શ્વેતદ્વીપ પતિ શ્યામ, નહિ બદ્રિકાવાસી અકામ.**
**આ તો સર્વના સ્વામી છે એક, એમ જાણે તે પરમ વિવેક.**

શ્રીજીમહારાજ પોતાનું સર્વોપરીપણું તથા સર્વાવતારીપણું, ભક્તચિંતામણિ પ્ર. ૭૭ માં શ્રીમુખે નીચે પ્રમાણે કહે છે :-

વિધિ પર તે વિરાટ કહીએ, તે પર પ્રધાનપુરુષ લઈએ;
તે પર મૂળપ્રકૃતિ પુરુષ, તેથી પર અક્ષર સુજશ. ૫
અક્ષર પર પુરુષોત્તમ જેહ, તેણે ધર્યું મનુષ્યનું દેહ;... ૬

*　　*　　*

અતિ અપાર અક્ષરાતીત, થઈ તે સાથે તમારે પ્રીત:
ભક્ત જકતમાંહિ છે જો ઘણા, ઉપાસક અવતાર તણા. ૩૯
જે જે મૂરતિ જનને ભાવે, તે મૂર્તિ નિજ ધામ પહોંચાવે;
પણ સર્વે પાર જે પ્રાપતિ, તે છે તમારે કહે પ્રાણપતિ. ૪૦

(ભ. ચિં. પ્ર. ૭૯)

વળી અનાદિમુક્ત સદ્. નિષ્કુળાનંદસ્વામી[૧] લખે છે:-

કોટિ અવતારના કારણ કહી, કોટિ કૃષ્ણ કરજોડ;
નિષ્કુળાનંદ રહે ચરણમેં, મેરે ઇષ્ટકી હજૂર.

*　　*　　*

એવા[૨] મળ્યા છે મહારાજ, જે કોઈ સર્વના શ્યામ છે રે;
વળી રાજા એ અધિરાજ, એને આધારે સૌ ધામ છે રે. ૧
ધામધામના જે રહેનાર, હાજર રહે છે જોડી હાથને રે;
કરી આરત્યેસું ઉચ્ચાર, શીશ નમાવે છે નાથને રે. ૨

વળી તે સદ્. નિષ્કુળાનંદ સ્વામી રચિત પુરુષોત્તમ પ્રકાશ

૧. કીર્તનમાળા : સં ૧૯૯૦. પ્રસિદ્ધકર્તા : કો. રણછોડ ભક્ત, મુંબઈ પદ ૧૫૭૨.

૨. નંબર એકની ટીપ્પણીમાં બતાવેલ કીર્તનાવલીમાં પદ ૫૨૪.

પ્રકાર ૧૦માં પણ, (૧) મત્સ, (૨) કચ્છ, (૩) વરાહ, (૪) નૃસિંહ, (૫) વામનજી, (૬) પરશુરામ, (૭) રામ, (૮) કૃષ્ણ, (૯) બુદ્ધ અને (૧૦) કલ્કિ, - આ દશ **'અવતારોનું'** નિરૂપણ કરીને પછી, એ સર્વેના **'અવતારીપણે'** શ્રીહરિજીને વર્ણવેલા છે. તે કહ્યું છે :-

**એહ આદિ બહુ અવતાર રે,**
**તે તો અવતારીના નિરધાર રે. ૧૮**
**પણ સર્વે રીતે સુખકારી રે,**
**તે તો પુરુષોત્તમ અવતારી રે;**
**તેહ પોતે પધાર્યા છે આજ રે,**
**અક્ષરધામના ધામી મહારાજ રે. ૧૯**

* * *

**બ્રહ્મા રાખ્યા સત્ય લોકમાં, શિવને રાખ્યા કૈલાસ;**
**વિષ્ણુને રાખ્યા વૈકુંઠમાં, એમ આપ્યો જૂજવો નિવાસ.**
**ઇંદ્ર રાખ્યો અમરાવતી, શેષજીને રાખ્યા પાતાળ;**
**જ્યાં જ્યાં કરી શ્રીહરિએ આજ્ઞા, તીયાં રહ્યા સુખેસદાકાળ.**
**બદરીતળે રાખ્યા ઋષીશ્વર, નિરન્નમુક્ત રાખ્યા શ્વેતદ્વીપમાં;**
**ગોપીગોપ રાખ્યા ગોલોકે, રાખ્યા મુક્ત અક્ષર સમીપમાં.**
**એમ જેને રાખ્યા ઘટે, તેમ રાખ્યા છે કરી તપાસ;**
**જેવો જોયો અધિકાર જેને, તેવો આપ્યો છે અવિનાશ.**
(નિષ્કુળાનંદ સ્વામી કૃત 'વાચનવિધિ' ગ્રંથ, કડવું ૩૭)

વળી આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ 'હરિલીલામૃત ગ્રંથ' - કળશ ૪, વિશ્રામ ૩ માં લખે છે :

**જેમ કૃષ્ણ મોટા સર્વેથી,**
**તેમ આ છે મોટા વળી એથી;**
**આ છે અવતારના અવતારી,**
**ઘણું શું કહીએ વિસ્તારી. ૪૨**

તેમ જ અનાદિમુક્ત સદ્. વિધાત્રાનંદ સ્વામી કૃત **'પુરુષોત્તમનિરૂપણ'** પત્રિકામાં કહ્યું છે : 'સાક્ષાત્ મૂર્તિમાન શ્રી નરનારાયણ બદરિકાશ્રમવાસી છે તે, તથા શ્રી લક્ષ્મીનારાયણ આદિ સર્વે છે તે, પ્રકટ પુરુષોત્તમ દ્વિભુજમૂર્તિ એવા જે **'આ ભગવાન'** તેની ઉપાસના કરે છે, એમ શ્રીજીમહારાજે પોતાના પુરુષોત્તમપણાની વાર્તા કરી તેને જે એકાંતિક જ્ઞાનવાળા ભક્ત તે સમજે છે.'

ગઢડા અંત્ય પ્રકરણના ૩૮મા વચનામૃતમાં શ્રીજીમહારાજ, સ્વાશ્રિતોને પોતાના અવતારી સ્વરૂપનો નિશ્ચય કરાવવા માટે શ્રીમુખે કહે છે: 'સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને, જીવોના કલ્યાણ અર્થે, આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે, ને તે તમારા ઇષ્ટદેવ છે, ને તમારી સેવાને અંગીકાર કરે છે;.... અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે **અક્ષરાદિક સર્વ**ના નિયંતા છે ને ઈશ્વરના પણ ઈશ્વર છે ને **સર્વ કારણના** પણ કારણ છે ને

સર્વોપરી વર્તે છે ને સર્વે અવતારના અવતારી છે ને તમારે સર્વેને, **એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.'**

વળી લોયા વચનામૃત ૧૨નો ભાવાર્થ આ પ્રમાણે છે: 'અમને શ્રીકૃષ્ણ જેવા જાણીને ભજે તે, કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળો જાણવો; અને શ્વેતદ્વીપને વિષે રહ્યા એવા જે વાસુદેવ, તે જેવા જાણીને અમને ભજે, તે મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો જાણવો; અને ધામરૂપ જે અક્ષર તે રૂપે રહ્યો થકો પુરુષોત્તમ એવો હું તે મારી ઉપાસના કરે, તે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો જાણવો.' આમ શ્રીહરિજીએ કહ્યું છે.

વળી શ્રીજીસમકાલીન સદ્. બ્ર. વૈષ્ણવાનંદ સ્વામી રચિત 'હરિલીલાસિંધુ' નામક ગ્રંથ છે, તેમાં શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સ્થળે સ્થળે વર્ણવેલું છે. તે ગ્રંથના પહેલા રત્નના છઠ્ઠા તરંગમાં માર્કંડેયમુનિએ આ પ્રમાણે કહ્યું છે:-

**તમ પૂછે હમ સબ બાત મુનિ સોઈ,**
**ધામધામી કહાવ હે;**
**કહુ દિવસ ભૂવિપર આએ નહિ હરિ,**
**અબકિ બેર સો આય હે. ૨૩**

**અર્થ :** - હે મુનિ! તમે મને જે વાત પૂછી તે સંબંધમાં જણાવવાનું કે, જે સર્વ ધામના ધામી કહેવાય છે, તે આ શ્રીહરિ અત્યાર પહેલાં, ક્યારેય ભૂમિ પર આવ્યા નથી અને તે આ વખતે જ પધાર્યા છે; અર્થાત્ અક્ષરધામાધિપતિ શ્રીહરિ આ પૃથ્વીપર ફક્ત એક જ વાર પધારે છે તે જ આ

છે. ૨૩. આ ઉપરથી પ્રતીત થાય છે કે, શ્રીજીમહારાજ વૈરાજબ્રહ્માની આયુષ્યમાં તેમનાં ૫૦ વર્ષને દોઢ પહોર દિવસ વીતી ગયો, ત્યારે આ બ્રહ્માંડમાં ફક્ત આ એક જ વખત પધાર્યા છે. ને શ્રીજીના અવતાર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેમના તો બ્રહ્માના એક દિવસને વિષે ચાર હજાર અવતાર થાય છે; કારણ કે વૈરાજબ્રહ્માના એક દિવસને વિષે એક હજાર સત્યયુગ, એક હજાર ત્રેતાયુગ, એક હજાર દ્વાપરયુગ ને એક હજાર કળિયુગ વીતી જાય છે. એમ બ્રહ્માના એક દિવસમાં ચાર હજાર યુગ વીતી જાય છે. તે હરિવાક્યસુધાસિંધુમાં કહ્યું છે: 'चतुर्युगसहस्त्रं ब्रह्मणो दिनमुच्यते' અને તે દરેક યુગમાં શ્રીકૃષ્ણ ભગવાન પ્રકટ થાય છે. તે ગીતામાં પોતે જ કહ્યું છે: 'संभवामि युगे युगे' - હું દરેક યુગમાં પ્રકટ થાઉં છું. (આવી રીતે શ્રીકૃષ્ણાદિક અવતાર વારંવાર પ્રકટ થયા છે, થાય છે અને થશે; ને શ્રીજીમહારાજ તો ફકત આ ફેરે જ પધાર્યા છે.) તે માર્કંડેયમુનિએ પણ હરિલીલાસિંધુ·ના એ જ રત્ન ને એ જ તરંગમાં કહ્યું છે:-

**કબહુ ધરત તનુ ગોલોકધામી,**
**કબહુ ધરત શ્વેતદ્વીપ સ્વામી;**
**કબહુ નરનારાયણ આવે,**
**કબહુ હિરણ્યમય મૂર્તિ કહાવે.** ૨૭
**સો સબ રૂપ રૂપ કે ભૂપા,**
**અબકિ બેર આવહિ અનુપા.** ૩૦

**અર્થ :** ક્યારેક ગોલોકધામના અધિપતિ આ પૃથ્વી પર અવતાર ધરે છે; ક્યારેક શ્વેતદ્વીપના અધિપતિ આવે છે; ક્યારેક નરનારાયણ આવે છે ને ક્યારેક બીજી મૂર્તિઓ આવે છે ૨૭. તે સર્વે રૂપ રૂપોના નિયંતા ફક્ત આ વખતે જ પધાર્યા છે ૩૦.

વળી 'હરિલીલાસિંધુ' રત્ન ૧, તરંગ ૨માં દેવાંગનાઓ કહે છે:-

**સબહી લોક કે લોકપતિ, હમ આજ વિષ્ણુ કહાય;**
**તાકે પિતા તિનકે પિતા, તોહિ પિતુ પિતુ ઈન ચાય. ૧૮**
**અક્ષર પર પરબ્રહ્મસો, પુરુષોત્તમ પ્રભુ જેહ;**
**પ્રકટ ભયે છુપયાનમે, ધર્મભક્તિકે ગેહ. ૧૯**

**અર્થ :-** સર્વ લોકના લાંકપતિઓ જે બ્રહ્મા, વિષ્ણુ ને શિવ; તેના પિતા વૈરાજ; તેના પિતા પ્રધાનપુરુષ, તેના પિતા 'મૂળપૂરુષ' જે ગોલોકવાસી શ્રીકૃષ્ણ; તેના 'પિતા', એટલે તેના કારણ જે વાસુદેવબ્રહ્મ કે જેને શ્વેતદ્વીપના મુક્તો ઇચ્છે છે ૧૮. તેથી પર અક્ષર ને અક્ષરથી પર પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન, તે પોતે છપૈયાપુરમાં ધર્મ-ભક્તિને ઘેર પ્રકટ થયા છે ૧૯.

વળી આ જ ગ્રંથના ત્રીજા રત્નના તરંગ ૭ માં, શ્રી ધર્મદેવે કહ્યું છે :-

**નરનારાયણ કૃષ્ણ હરીશા,**
**જન્મેઉ પુત્ર ચારુ જગદીશા;**

**હરિ વૈકુંઠ કૃષ્ણ ગોલોકા,**
**નરનારાયણ બદ્રીય ઓકા. ૬**

**અર્થ :** નર, નારાયણ, કૃષ્ણ ને હરિ - એ ચારેય, જગતના ઈશ્વરો મારા પુત્રરૂપે જન્મ્યા હતા. તેમાં હરિ જે 'પ્રધાનપુરુષ' કહેતાં રામચંદ્રજી તે, વૈકુંઠમાં વાસ કરીને રહ્યા છે; કૃષ્ણ ગોલોકમાં વાસ કરીને રહ્યા છે ને નર તથા નારાયણ બદરિકાશ્રમમાં વાસ કરીને રહ્યા છે ૬.

આવી જ રીતે અનાદિમુક્ત ગોપાળાનંદ સ્વામીની વાતો, અનાદિમુક્ત ગુણાતીતાનંદ સ્વામીની વાતો તથા ગોપાળાનંદ સ્વામીના શિષ્ય સદ્. નિર્ગુણદાસજી સ્વામીની વાતોમાં, તેમજ શ્રીહરિચરિત્ર ચિંતામણિના મોટા-મોટા ત્રણ ભાગ છે તે સર્વેમાં અવતાર-અવતારીના ભેદની વાત વિસ્તારથી વર્ણવેલી છે.

## (૧૬) નરનારાયણના મિષે શ્રીહરિનું પ્રાકટ્ય

### (હરિલીલાકલ્પતરુ તથા અન્ય ગ્રંથાનુસાર)

નરનારાયણ ભગવાન, પોતાના ઇષ્ટદેવ શ્રી વાસુદેવ ભગવાનનું ધ્યાન કરે છે; તે પ્રસંગનું વર્ણન ધર્મધુરંધર આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે, હરિલીલાકલ્પતરુ સ્કં. ૧, અ. ૧૬ માં આ પ્રમાણે કરેલું છે:-

तावद्बदरिकारण्ये नरनारायणो निजम्[११] ।
कृत्वा नित्यविधिं चिंते हरिं स्वेष्टमचिन्तयत् ।। १३६ ।।

તે જ સમયે બદરિકાશ્રમમાં નરનારાયણ ભગવાને, પોતાનો નિત્યવિધિ કરીને, ચિત્તમાં પોતાના ઇષ્ટદેવ શ્રી વાસુદેવ ભગવાનનું ધ્યાન કર્યું ૧૩૬.

सपदि स हरिकृष्ण ईश्वरेशोऽभवदमृतः प्रकटोऽन्तिके तदीये[१८] ।
जनचयभवमोचनैकतानो बहुकरुणोऽक्षरतः परोऽवतारी ।। १३७ ।।

તત્કાળ તે જ સમયે, 'અક્ષરથી પર' અર્થાત્ અક્ષરાતીતને તે સર્વના એક નિયંતા અવતારી, અનંત અતિશય કરુણાવાળા, ઈશ્વરના પણ ઈશ્વર, દિવ્ય ને મનુષ્યોના જન્મ-મરણરૂપી પાશનો નાશ કરવાનું જ કેવળ જેને એક તાન છે એવા શ્રી હરિકૃષ્ણ ભગવાન તે સમાધિમાં નરનારાયણના મનમાં પ્રકટ થયા; અર્થાત્ ધ્યાન શ્રી વાસુદેવનું કર્યું, પરંતુ શ્રીજીમહારાજે દર્શન દીધાં ૧૩૭.

આ પ્રસંગનું આગળ વર્ણન કરતાં, એ જ અધ્યાયમાં વળી કહ્યું છે :-

अथ तं सपरात्परं हरिं रुचिरे चैव निषाद्य विष्टरे[१९] ।
विदधे मुदितो यथोचितं स्तवनं तस्य च सत्कृतिं भृशम् ।। १३८ ।।

પછી તે નરનારાયણ ઋષિએ, પરાત્પર શ્રીહરિને સુંદર આસન ઉપર બેસાડીને, અતિ હર્ષથી તેમનું યથાયોગ્ય સન્માન કરવાપૂર્વક સ્તુતિ કરી ૧૩૮. હવે શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુ, નરનારાયણને કહે છે :-

एतत्कार्यं मया साध्यं विद्यते त्वेकहेतुना[33]।
सर्वेषामवताराणां ताप्रादुर्भविताऽस्म्यहम् ।। १३९ ।।

(હરિ. કલ્પ. સ્કં. ૧, અ. ૧૬)

સર્વ અવતારોના કારણ અવતારી એવા મારાથી, આ કાર્ય સિદ્ધ થાય તેમ છે; માટે તમારા દ્વારા (તમારા મિષે) હું જ પૃથ્વીપર પ્રાદુર્ભાવ પામીશ ૧૩૯.

વળી શ્રીહરિ વનવિચરણ કરતા કરતા બદરીનાથ ક્ષેત્રમાં પધાર્યા; તે પ્રસંગનું વર્ણન, હરિલીલાકલ્પતરુના બીજા સ્કંધના ૩૮મા અધ્યાયમાં આ પ્રમાણે વર્ણવેલું છે:-

ततस्तदाऽऽगमोत्पन्नप्रभूतानन्दमानसः[१८] ।
सनरो बदरीनाथः प्रायान्मूर्तस्तदन्तिकम् ।। १४० ।।

શ્રીહરિના આગમનથી જેમને અતિશય આનંદ થયો છે, એવા નરે સહિત મૂર્તિમાન બદરીનાથ, શ્રીહરિની સમીપમાં આવ્યા ૧૪૦. હવે બદરીનાથ શ્રીહરિની સ્તુતિ કરે છે :-

दिव्यब्रह्मपुराधीशः सर्वकारणकारणम् ।
भवेस्येवाक्षरपर : साक्षात्त्वं पुरुषोत्तमः ।। १४१ ।।
निमित्तीकृत्य दुर्वासःशापमुद्दिश्य मां तथा[२२] ।
जातोऽस्यनन्तजीवानां त्वमात्यन्तिक मुक्तये ।। १४२ ।।

(હરિ, કલ્પ, સ્કં. ૨, અ. ૩૮)

હે હરે! દિવ્ય બ્રહ્મપુરધામના અધિપતિ, સર્વ કારણના કારણ અક્ષરથી પર, એવા સાક્ષાત્ પુરુષોત્તમ તમે જ છો ૧૪૧. દુર્વાસાના શાપને નિમિત્ત કરીને તથા મને ઉદ્દેશીને, એટલે બદરીવનવાસી પ્રકટ થશે એમ સર્વેને જણાવીને, અનંત જીવોના આત્યંતિક મોક્ષ માટે તમે અક્ષર-ધામમાંથી પ્રકટ્યા છો ૧૪૨.

ऋषीन्द्रैश्चापि देवेशैर्ब्रह्मचर्यं सुदुश्चरम्[३८] ।
प्रवर्तयिष्यसे भूमौ स्वप्रतापेन भूयसा ।। १४३ ।।
तदा ब्रहद्व्रतप्रेयांस्तोषं यास्याम्यहं भृशम्[६] ।
प्रवर्तितं श्रमेणैतत् केवलं मे मयाऽऽश्रमे ।। १४४ ।।

(હરિ. કલ્પ. સ્કં. ૨, અ. ૩૮)

વળી હે શ્રીહરિ! ઋષીન્દ્રો તથા દેવેશોને પણ બ્રહ્મચર્યપાલન દુષ્કર છે તે તમે, તમારા અપાર પ્રતાપથી આ ભૂમિમાં પ્રવર્તાવશો ૧૪૩. ત્યારે બૃહદ્વ્રત પ્રિય જેને છે એવો હું, તે અત્યંત સંતોષ પામીશ; મેં મારા આશ્રમમાં આ બ્રહ્મચર્યવ્રત અતિશય કષ્ટે કરીને પ્રવર્તાવેલું છે ૧૪૪.

હવે નર તથા નારાયણ, શ્રીહરિનું પૂજન કરે છે:-

उपचारैरथ वरैस्तं संपूज्य मुदैव सः[४५]. ।
गन्तुमापृच्छ्य तं राजंस्तूर्णमन्तर्दधे ततः ।। १४५ ।।

(હરિ. કલ્પ. સ્કં. ૨, અ. ૩૮)

પછી નરે સહિત નારાયણ, અત્યંત આનંદપૂર્વક, શ્રેષ્ઠ ચંદન, પુષ્પાદિ ઉપચારોથી શ્રીહરિને પૂજિને ત્યાંથી જવા માટે, શ્રીહરિની આજ્ઞા લઈ તત્કાળ તે સ્થાન થકી અંતર્ધાન થયા ૧૪૫.

વળી શ્રીજીમહારાજ વનવિચરણ કરતા કરતા બદરીકેદાર પધારે છે; તે સમયનું વર્ણન ધ. ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ, હરિલીલામૃત -કળશ ૩, વિશ્રામ ૪ માં આ પ્રમાણે કરે છે :-

**એવે અવસરે બદરીનાથે, પૂરા હેતથી પોતાને હાથે;**
**ધર્મપુત્રનું પૂજન કીધું, ધૂપ દીપ ને નૈવેદ્ય દીધું.**
**પછી આરતી હરિની ઉતારી,**
**સ્તુતિ સ્નેહ સહિત ઉચ્ચારી;**
**અહો અક્ષરપતિ મહારાજ,**
**ધર્યું તન ધર્મસ્થાપન કાજ.**

વળી અનાદિમુક્ત સદ્. મુક્તાનંદ સ્વામીના શિષ્ય સદ્. આધારાનંદ સ્વામીએ **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** નામક ગ્રંથ રચ્યો છે. તેમાં શ્રીહરિ, સં. ૧૮૫૦ના કાર્તિક વદ ૮ ના દિવસે બદરીકેદાર પધાર્યા; તે સમયે નરનારાયણ ભગવાન, શ્રીજીમહારાજનો હસ્ત ગ્રહણ કરી તેમને પોતાના આશ્રમમાં લઈ જાય છે. તે વખતે નરનારાયણદેવ, શ્રીહરિની આ પ્રમાણે સ્તુતિ કરે છે:-

**તુમરે પ્રતાપ ન જાનત જોઈ,**
**હમકું અધિક કર માનત સોઈ;**
**અધિકમેં અધિક કીયેઉ આઈ,**
**હમકું દરશ દીયે હિત લાઈ.**

**અર્થ :-** હે સ્વામિનારાયણ ભગવાન ! તમારો પ્રતાપ જે જાણતા નથી તે મને - નરનારાયણને તમારાથી પણ અધિક કરીને માને છે; પરંતુ મારું હિત વિચારી, તમે આજે મને તમારાં દર્શન દઈ, અધિકાધિક કૃતાર્થ કરેલ છે.

વળી એ જ ગ્રંથમાં આ પ્રમાણે વાત છે: સદ્. બ્રહ્માનંદ સ્વામી કે જેઓ પૂર્વાશ્રમમાં લાડુદાનજી નામે ઓળખાતા, તે લાડુદાનજીને ગઢપુરમાં શ્રીજીમહારાજનાં દર્શન થતાં જ સમાધિ થઈ ગઈ; પ્રથમ બદરિકાશ્રમમાં ગયા; ત્યાં નરનારાયણ દેવે તેમને પોતાની પાસે બેસાડી, ગઢડામાં શ્રીજીમહારાજ સભામાં વિરાજી જે ચરિત્રો કરે છે તેની વાત પૂછી; તે લાડુદાનજીએ કહી. પછી લાડુદાનજીએ પૂછ્યું : 'તે શ્રીજી તમે છો?' ત્યારે નારાયણે કહ્યું : અમારા જેવા તો તેમને અનંત છે. (પુર. ૨૦૪, તરંગ ૧૨)

વળી શ્રીહરિ અક્ષરધામમાંથી પધાર્યા છે છતાં, શ્રીહરિને ગોલોકવાસી તથા બદરિકાશ્રમવાસી કહેવાય છે; તેનું કારણ એ છે કે, શ્રીજીમહારાજ ગોલોક, બદરિકાશ્રમ આદિ ધામોમાં દર્શન દઈને પૃથ્વી ઉપર પધાર્યા છે, માટે તે તે નામની પણ ઉપમા અપાય છે. તે શ્રીજી સમકાલીન અનાદિમુક્ત સદ્. બ્ર. વૈષ્ણવાનંદ સ્વામીએ 'પુરુષોત્તમ-વિવાહ' ના બીજા પદમાં આ પ્રમાણે સમજાવ્યું છે:-

**અક્ષરધામથી જાન આવી, મુક્ત જાનૈયા તે માંય;**
**ગોલોકથી શ્વેતદ્વીપમાં, પછી રહ્યા બદ્રીમાંય. ૫**
**બદ્રીથી આવીને ઊતર્યા. હરિ ધર્મ ભક્તિને ઘેર;**
**વેશ વરણાગી કર્યો, કહે વૈષ્ણવાનંદ એ પેર. ૬**

વળી પુરુષોત્તમવિવાહના ૧૧મા પદમાં વૈષ્ણવાનંદ સ્વામી લખે છે:-

**સર્વે અવતારના અવતારી,**

**સેવે ચતુર્વ્યૂહ જેને પ્યારી.... ૨**

**અક્ષરાતીત મુક્ત અપાર,**

**પૂજે ચરણકમળ જેનાં સાર.....૩**

**મહાકાળ અને માયા મૂળ,**

**પુરુષ અક્ષરબ્રહ્મ અતુલ;**

**સેવે શંકીત સર્વે અકામી,**

**કહે વૈષ્ણવાનંદ તે હું પામી....૪**

**ભાવાર્થ :** - સર્વ અવતારના અવતારી જે શ્રીહરિને 'નર, નારાયણ, હરિ અને કૃષ્ણ' - ચતુર્વ્યૂહ પ્રેમથી સેવે છે; તથા સાકાર અક્ષરથી પર એવા જે પરમ એકાંતિક મુક્તો છે તેપણ જેમનાં ચરણકમળ પૂજે છે, તેમજ મૂળમાયા, મૂળપુરુષ જે શ્રી કૃષ્ણ, મહાકાળ તથા 'અતુલ' એટલે સૃષ્ટિકાર્યમાં તેમના જેવા કોઈ નહિ, એવા અક્ષરબ્રહ્મ તે પણ જેમને સેવે છે, એવા શ્રી સહજાનંદ સ્વામીને વૈષ્ણવાનંદ સ્વામી કહે છે કે, હું પામ્યો છું.

## (૧૭) અ. મુ. સદ્. ગોપાળાનંદ સ્વામીનો આદેશ વગેરે

અનાદિમુક્ત સદ્. ગોપાળાનંદ સ્વામીની ત્રણ[૧] પ્રકરણવાળી વાતોમાં પ્ર. ૨, વાર્તા ૫૦ માં કહ્યું છે: 'શ્વેત તેજને વિષે ભગવાનની મૂર્તિ છે, તે તેજમાં ભગવાનની

૧. બે પ્રકરણની વાતોમાં પ્ર. ૧, વાર્તા ૫૫.

મૂર્તિને જોઈને આનંદ પામવો, પણ તે મૂર્તિ વિના અક્ષરનું તેજ દેખાય તોપણ તે ભગવાનની મૂર્તિ વિના, તે તેજે કરીને શાંતિ પામવું નહિ; અતિ તપી જાવું.'

વળી ત્રણ[૧] પ્રકરણવાળી વાતોમાં, બીજા પ્રકરણની ૪૪મી વાતમાં કહ્યું છે. 'ભગવન્નિષ્ઠને તો અક્ષર લીન કરે તોપણ અક્ષરનો લીન કર્યો લીન થાય નહિ, ને તે તો ભગવાનની સેવામાં રહે છે.'

વળી ત્રણ પ્રકરણવાળી વાતોમાં પ્ર. ૧, વાર્તા ૩૩મા કહ્યું છે : 'અને જે પુરુષોત્તમ છે તે તો. અક્ષરાદિક સર્વેના નિયંતા છે ને પ્રકાશક છે; ને એ સર્વેને વિષે શક્તિએ કરીને અન્વયપણે રહ્યા છે ને પોતે તો પોતાના ધામને વિષે સ્વતંત્રપણે રહ્યા છે.'

વળી એ જ ત્રણ પ્રકરણવાળી વાતોમાં પ્ર. ૨, વાર્તા ૩૩૬માં કહ્યું છે : 'ઉપાસના અને ધર્મ જો સંપૂર્ણ હોય તો તે, અક્ષરધામને પામે. અને જો ઉપાસના તો હોય, પણ અક્ષરનો મહિમા અધિક સમજતો હોય તો, તે ભક્ત અક્ષરમાં લીન થાય છે.'

હરિલીલાકલ્પતરુ સ્કં. ૭, અ. ૬૩માં પણ કહ્યું છે :-

तव त्वैकांतिका भक्ता विना त्वत् पादसेवनम्[५४] ।
नेच्छंत्येवाऽक्षरसुखं तथा मुक्ति चतुर्विधाम् ।। १४६ ।।

હે શ્રીહરે ! તમારા એકાંતિક ભક્ત છે તે તમારા ચરણની

૧. બે પ્રકરણની વાતોમાં પ્ર. ૧, વાર્તા ૫૦.

સેવા વિના, અક્ષરનું સુખ ઇચ્છતા નથી ને ચાર પ્રકારની મુક્તિને પણ ઇચ્છતા નથી ૧૪૬.

વળી એ જ ગ્રંથના સપ્તમ્ સ્કંધ અ. ૪૪માં કહ્યું છે :-

श्रीवासुदेवसन्मूर्तिं विना क्वाप्येव तत्त्ववित्[६५] ।
आसक्तो नाक्षरसुखे यः स मुक्ततमो मतः ।। १४७ ।।

શ્રીજીની મૂર્તિના સુખભોક્ત એવા જે મુક્તો છે તે, શ્રીજીની મૂર્તિ વિના અક્ષરના સુખમાં આસક્ત થતા નથી; શ્રીજીની મૂર્તિમાં જ સંલગ્ન રહે છે; અર્થાત્ અક્ષરનું સાધર્મ્ય પ્રાપ્ત કરતા નથી; પુરુષોત્તમના જ સાધર્મ્યને પ્રાપ્ત કરે છે - તે ઉત્તમ મુક્ત છે ૧૪૭.

## (૧૮) સિદ્ધ મુક્તનું દિવ્યપણું

### (સત્સંગીજીવન તથા વચનામૃતાનુસાર)

શ્રીહરિ, સ.જી. પ્ર. ૨, અ. ૨માં કહે છે :-

अखंडं स्वस्वरुपस्था महान्तो ये तु पुरुषाः[२४] ।
कल्याणार्थं हि जगतां ज्ञेयं तज्जन्म भूतले ।। १४८ ।।
आविर्भावतिरोभावौ तेषां स्वातंत्र्यतः किल[४३] ।
भवतो न त्वितरवन्निजकर्मवशात् क्वचित् ।। १४९ ।।
तद्देहत्यागमालोक्य मुह्यन्त्यसुभृतोऽसुराः[४४] ।
दैवास्तु तत्स्वरुपज्ञास्तेषां लीलां विदन्ति ताम् ।। १५० ।।

'શ્રીહરિના' અર્થાત્ મારા પરમ સાધર્મ્યને પામેલા જે મોટા પુરુષો છે, એ તો અખંડ પોતાની સ્થિતિમાં રહે છે;

ભૂતલમાં એવા મુક્તનો જન્મ સર્વે જીવોના મોક્ષને અર્થે છે; એવા મુક્તનું પ્રક્ટ થવું ને અંતર્ધાન થવું એ તો નિશ્ચે, સ્વતંત્રપણે જ છે; પરંતુ બીજા જીવની માફક પોતાના કર્મવશથકી ક્યારેય હોય જ નહિ. જે આસુરી જનો છે તે, એવા મુક્તની દેહત્યાગાદિક ક્રિયા જોઈને મોહ પામે છે અને તેવા મુક્તની સ્થિતિને જાણનારા જે દૈવી જીવો છે તે તો, તેને એમની લીલા જાણે છે; અર્થાત્ શ્રીહરિની ઇચ્છાથી જીવોના મોક્ષાર્થે પ્રકટ થયા હતા, ને એ કાર્ય કરીને શ્રીહરિની ઇચ્છાથી જ અંતર્ધાન થઈ, શ્રીજીમહારાજના સ્વરૂપના સુખે સુખી રહે છે એમ માને છે ૧૪૮-૧૫૦.

સ. જી. પ્ર. ૪, અ. ૨૧માં પણ શ્રીહરિએ કહ્યું છે :-

अप्राकृतशरीरा ये मुक्तास्ते तु निजेच्छया[३८] ।
आविर्भवन्ति ह्यथवा तेनावतरता सह ।। १५१ ।।

જે મુક્ત દિવ્યાકૃતિરૂપ છે, તે તો પોતાની ઇચ્છાએ કરીને પ્રકટ થાય છે; અથવા જીવોના મોક્ષાર્થે પ્રકટ થતા, એવા શ્રીહરિ ભગવાનની સાથે પ્રકટ થાય છે ૧૫૧.

અમદાવાદના બીજા વચનામૃતમાં પણ કહ્યું છે :- 'આત્યંતિક પ્રલય જે જ્ઞાનપ્રલય તેણે કરીને જેણે માયિક ઉપાધિનો ત્યાગ કર્યો તેને તો પછી કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી અને જો કોઈક કાળે દેહ ધરે તો, જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે તેમ તે પણ

સ્વતંત્ર થકો દેહ ધરે છે; પણ કાળ, કર્મ ને માયા તેને આધીન થકો દેહને નથી ધરતો.'

## (૧૯) ઉપસંહાર

यं साम्येन वदन्ति येऽक्षरपरं सर्वावतारैर्जनाः ।
मंदास्ते त्ववतारिणोऽस्य न परं जानन्ति तत्त्वं प्रभोः ।
यस्याज्ञां निवहन्ति मंगलकरां सर्वेऽक्षराद्याः सदा
वन्दे तं पुरुषोत्तमं च सहजानंदं सदाऽऽनन्ददम् ।। १५२ ।।

જે જનો અક્ષરથકી પર અક્ષરાતીત - એવા શ્રી સહજાનંદ સ્વામીને, અન્ય સર્વ અવતારોની સાથે તુલ્યપણે કરીને કહે છે, તે જનો મંદબુદ્ધિવાળા છે; કેમકે તેઓ, સર્વ અવતારના કારણ અવતારી પ્રભુ જે શ્રી સહજાનંદ સ્વામી, તેમનું 'परं तत्त्वं' અર્થાત્ પરમ રહસ્યને જાણતા નથી; જેની મંગલકારી આજ્ઞાને, 'સર્વે અક્ષરાદિ' કહેતાં અક્ષર-કોટી, બ્રહ્મકોટી, ઈશ્વરકોટી - એ આદિક નિરંતર પોતાને માથે ચડાવે છે; એવા સર્વ અવતારના કારણ ને ભક્તજનોને નિરંતર આનંદ આપનારા, તે પુરુષોત્તમ અવતારી શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુને હું સદા વંદન કરું છું. (આ શ્લોક, સિદ્ધમુક્ત શ્રી શતાનંદમુનિ-રચિત 'હરિવાક્યસુધાસિંધુ' ગ્રંથ, તેની ટીકા રચનાર શ્રીજીસમકાલીન શ્રી શુકાનંદ સ્વામીએ, તે ટીકાની સમાપ્તિમાં જે શ્લોક મૂકેલા છે, તેમાં ૨૪ મો શ્લોક છે) ૧૫૨.

વળી હરિલીલાકલ્પતરુ સ્કં. ૨, અ. ૪૯ મા સિદ્ધો, શ્રીજીમહારાજની સ્તુતિ કરે છે :-

ये त्वां वदन्ति परमं निखिलावतारहेतुं सुरैः सद्दशमत्र तवावतारैः<sup></sup> ।
जानंति मंदमतयो नहि ते त्वदीयं तत्त्वं हरे!
विधिमुखैरापि चावितर्क्यम् ।। १५३ ।।

હે ભગવન્! સર્વ અવતારના કારણ, માટે સર્વોપરી એવા તમને, જે આ લોકમાં બીજા અવતારો તથા દેવતાઓની તુલ્ય કહે છે, તે મંદબુદ્ધિવાળા મનુષ્યો. બ્રહ્માદિક દેવતાઓએ પણ તર્ક ન કરી શકાય - એવું તમારું તત્ત્વ તેને જાણતા નથી ૧૫૩.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની શુદ્ધ ઉપાસના સમજવા માટે સ્વયં ભગવાને તથા તદાશ્રિત શ્રીજીસમકાલીન વર્ણી-સંતોએ, શાસ્ત્રમાં ઘણા સ્થળે આવા ઉલ્લેખ કરેલા છે; તેમાંથી આ અવતાર-અવતારી ભેદનું નિરૂપણ કર્યું છે. તેમાં પણ આટલો વિશેષ છેઃ મૂળપૂરુષ જે શ્રી કૃષ્ણ તથા વાસુદેવ બ્રહ્મ અને મૂળઅક્ષરો તે સર્વે અસંખ્ય છે. તે કારિયાણીના ૧૦ મા વચનામૃતમાં કહ્યું છે :-

'ભગવાનને પ્રતાપે કરીને.... પ્રકૃતિપુરુષ (એટલે શ્રીકૃષ્ણ) જેવા પણ થાય અને બ્રહ્મ (કહેતાં વાસુદેવબ્રહ્મ) તથા અક્ષર (એટલે સૃષ્ટિકર્તા સાકાર મૂળઅક્ષરો) જેવા પણ થાય.' આવી રીતે જે જે ભક્ત, શ્રીહરિને પ્રકૃતિપુરુષ, બ્રહ્મ કે અક્ષર જેવા જાણીને ઐશ્વર્યની ઇચ્છાથી શ્રીજીનું ભજન કરે

છે તે ભક્ત તદ્‌ભાવને પામે છે એટલે તે તે રૂપ થાય છે. અને જે ભક્ત શ્રીહરિને અક્ષરાદિકના નિયંતા જાણી ઐશ્વર્યની ઇચ્છા તજી દઈ, એમની પ્રસન્નતાર્થે એમનું ભજન કરે છે, તે શ્રીહરિના **'સાધર્મ્યને પામે છે'** એમ મધ્ય પ્ર. વચ. ૬૬ તથા ૬૭ માં કહ્યું છે. કારિયાણીના ૧૦ મા વચનામૃતમાં જે અક્ષર કહ્યા તેમને ગઢડા પ્રથમ પ્ર. વચ. ૬૩ મા- 'સાકાર અક્ષરબ્રહ્મ' નામે કહ્યા છે.

વળી શ્રીહરિ આ સાકાર અક્ષરાદિકમાં પોતાની કાંતિએ કરીને રહ્યા છે એમ એ જ (૬૩ મા) વચનામૃતમાં જણાવે છે: - '(ભગવાન) **પોતાની કાંતિએ કરીને અક્ષરધામ** (અર્થાત્ સૃષ્ટિકર્તા સાકાર અક્ષરો) અને અનંતકોટી બ્રહ્માંડ અને તે બ્રહ્માંડોના જે ઈશ્વર તે સર્વેને વિષે અન્વયપણે રહ્યા છે.' આમાં 'કાંતિ' શબ્દ કિરણવાચક-તેજરૂપ અક્ષર-ધામવાચક છે, ને તે શ્રીહરિનું તેજ, સાકાર અક્ષરોથી પર- શ્રેષ્ઠ ને સાકાર અક્ષરોનું દૃષ્ટા છે એમ પ્રથમ પ્ર. વચ. ૬૪ માં કહ્યું છે. જેથી શ્રીહરિ મૂળઅક્ષરાદિકમાં અન્વયપણે અંતર્યામીપણે, તેજદ્વારે વ્યાપક છે ને વ્યતિરેક સ્વરૂપે પોતાના તેજરૂપ અક્ષરધામમાં પોતાની સન્મુખ રહેલા 'સ્વમુક્તોને' કહેતાં મધ્ય પ્ર. વચ. ૧૩ માં કહ્યા પ્રમાણે પોતાની ચારેકોર મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં છે તેમને **સુખ** આપે છે એમ જાણવું.

વળી શ્રીહરિ 'ક્ષર' કહેતાં **મૂળમાયા** અને 'અક્ષર' એટલે સૃષ્ટિકર્તા મૂળઅક્ષરો તે થકી **'ન્યારા'** એટલે વ્યતિરેક સ્વરૂપે

જુદા છે. તે વાત ગઢડા પ્રથમ પ્ર. વચ. ૭૨માં વધારે સ્પષ્ટ કરે છે : - 'અને એ ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે, તેમ જ પ્રકૃતિપુરુષ થકી પર જે અક્ષરબ્રહ્મ (અર્થાત્ સૃષ્ટિકર્તા સાકાર અક્ષરો) તેના પણ આત્મા છે **અને ક્ષર-અક્ષર એ બેયને પોતાની શક્તિએ કરીને** (અર્થાત્ તેજદ્વારે) **ધરી રહ્યા છે અને પોતે તો ક્ષર-અક્ષરથી ન્યારા છે.'**

હવે શ્રીહરિનું જે તેજ છે તેને જ અક્ષરધામ કહેવાય છે. તે ગઢડા મધ્ય પ્ર. વચ. ૧૩ માં કહ્યું છે : 'એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ ને અક્ષરધામ કહીએ.' આ અક્ષરધામને જ ગઢડા પ્રથમ પ્ર. વચ. ૭૧ માં - 'નિરાકાર એવું અક્ષરબ્રહ્મ' એ નામથી કહેલું છે. વળી પંચાળાના પહેલામાં - 'અને જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનના અંગનો પ્રકાશ છે, અથવા એમને રહ્યાનું ધામ છે.' એમ કહ્યું છે.

તે આ તેજરૂપ અક્ષરધામમાં શ્રીહરિના અસંખ્ય મુક્તો રહેલા છે ને તેઓ સૃષ્ટિકર્તા મૂળઅક્ષરાદિક સર્વેથી પર છે ને તેમને પરમ એકાંતિક કહેવાય છે. તે વડતાલના ત્રીજા વચનામૃતમાં કહ્યું છે:- વડવાનળ અગ્નિ જેવા તો સિદ્ધદશાવાળા ભગવાનના પરમએકાંતિક સાધુ છે.

આ પરમ એકાંતિક મુક્તથી ભગવાનની મૂર્તિમાં રહેલા અનાદિમુક્તનું ઉત્કૃષ્ટપણું ને પરપણું છે. તે છેલ્લા પ્રકરણના ૨૧મા વચનામૃતમાં કહ્યું છે: 'અમે તો જેવા સર્વથી પર

દિવ્યધામ (અર્થાત્ તેજરૂપ અક્ષરધામ) તેને વિષે ભગવાનના પાર્ષદ (અર્થાત્ પરમ એકાંતિક મુક્તો રહ્યા) છે તે થકી અધિક જો આ સત્સંગીને (અર્થાત્ અનાદિમુક્તને) ન જાણતા હોઈએ તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે.' આ વચનામૃતમાં અનાદિમુક્તને સૌથી શ્રેષ્ઠ કહ્યા છે. આ 'અનાદિમુક્ત' એવી સંજ્ઞા ગઢડા પ્રથમ પ્ર. વચ. ૧૮ તથા ૩૨માં કહેલ છે. આવા અતિશય પ્રીતિવાળા મુક્તોને શ્રીહરિ કેવળ કૃપા કરીને પોતાની મૂર્તિમાં રાખે છે. તે વાત સારંગપુરના ૧૧મા વચનામૃતમાં તથા શિ. શ્લો. ૧૧૧મા કહેલ છે.

વળી તે અનાદિમુક્ત મૂર્તિમાં લીન રહે છે તોપણ શ્રીહરિને વિષે દાસભાવ તથા સ્વામીસેવકપણું રહે છે; કારણ કે તે મુક્તોને શ્રીહરિની મૂર્તિનું નવીન નવીન સુખ આવે છે. તે અનાદિમુક્ત સદ્. મુક્તાનંદ સ્વામી રચિત 'બ્રહ્મ-સૂત્રભાષ્યરત્ન' અ. ૪, પાદ ૪, સૂત્ર ૪માં કહ્યું છેઃ-

**।। अविभागेन दृष्टत्वात् ।।**

'तत्समानगुणरुपो मुक्तात्मा पार्षदतया निरतिशयानंदं परब्रह्मस्वरूपं सेवमानस्तत्सुख-मनुभवति, क्वचिदतिप्रेम्णा तस्मिन् विलीयते चेत्तर्हि तु परब्रह्मस्वरुप-मविभागेनानुभवतीति निर्णयः ।

અનાદિમુક્ત અતિશય પ્રેમે કરીને મૂર્તિમાં લીન થઈને રહે છે તો પણ, 'अविभागेन' કહેતાં પરબ્રહ્મ સાથે ઐક્ય પામી પરબ્રહ્મના સ્વરૂપને અનુભવે છે, માટે

સ્વામી-સેવકભાવ રહે છે.

આ **'અનાદિમુક્ત તથા પરમ એકાંતિક મુક્તોને શ્રીહરિના મુક્તાવતાર'** કહેવામાં આવે છે. તે અખંડાનંદવર્ણી રચિત 'હરિચરિત્રામૃત' નામક ગ્રંથ છે તેમાં મહાપૂજાના અધ્યાયમાં અવતારસ્થાપના સમયે, અનાદિમુક્ત રામાનંદ સ્વામીને શ્રીહરિના અવતાર તરીકે નિયુક્ત કર્યા છે. વળી તે ગ્રંથમાં આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, શ્રી વાસુદેવાનંદ વર્ણી તથા ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિ સર્વે જે અનાદિમુક્ત છે તેમને પણ મુક્તાવતાર કહ્યા છે. મધ્ય પ્ર. વચ. ૧૩ માં પણ કહ્યું છે: 'સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રકટ થાય છે ને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે.' તે આ મુક્તાવતાર જાણવા. આ મુક્તાવતારનું કાર્ય શ્રીજીની ઇચ્છાનુસારે જીવોનું આત્યંતિક કલ્યાણ કરવું તથા એકાંતિક ધર્મ અને શ્રીહરિની સર્વોપરી ઉપાસના ને આજ્ઞા, તેની પ્રવૃત્તિ કરવી, એ જ પ્રકટના સંબંધવાળા મુક્તાવતારનું જીવનકાર્ય છે. એવા મુક્તાવતારોને વિષે કારણ મૂર્તિ એવા શ્રીહરિ અન્વય સ્વરૂપે નહિ; પરંતુ સાક્ષાત્ પોતે જ અખંડ રહે છે. તે હરિવાક્યસુધાસિંધુ તરંગ ૬૮માં કહ્યું છે :-

सतां च हृदये साक्षाद्धरिराविश्य वर्तते[१२] ।
तेषामपि ततः पाल्या मर्यादा तादृशी सदा ।। १५४ ।।

મુક્તાવતારમાં શ્રીજીમહારાજ મૂર્તિમાન ભેગા જ રહે છે; માટે તેમની મર્યાદા, જેવી શ્રીજીમહારાજની મર્યાદા રાખે તેવી જ, હંમેશાં રાખવી જોઈએ ૧૫૪.

વળી શ્રીહરિ સહજાનંદ સ્વામી લોજ, માંગરોળ, કાલવાણી વગેરે ગામોમાં મતવાદીઓને સમાધિ કરાવીને નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ આદિ અનેકરૂપે દેખાયા હતા. તે સ્વરૂપોને **'સંકલ્પસ્વરૂપ અર્થાત્ સંકલ્પાવતાર'** કહેવાય છે. તે સ. જી. પ્ર. ૨, અ. ૨૪ માં કહ્યું છે:-

केभ्यश्चित् कृष्णरुपेण राधिकापार्षदादिभिः[५०] ।
ददाति दर्शनं स्वामी गोलोकेन सहैव च ।। १५५ ।।

સ્વામી જે હરિકૃષ્ણ મહાપ્રભુ, તે કેટલાક મુમુક્ષુને સમાધિ કરાવીને તેમને ગોલોક ધામમાં રાધિકાજી તથા નંદસુનંદાદિ પાર્ષદે સહિત કૃષ્ણરૂપે પોતાનું દર્શન દેતા હતા ૧૫૫. ઇત્યાદિક ઘણા શ્લોકે કરીને કહેલું છે. અને તે સંકલ્પસ્વરૂપોને જ આપણાં મંદિરોમાં પધરાવવામાં આવેલ છે; તે સંકલ્પસ્વરૂપો અને શ્રીજીમહારાજમાં કાંઈ પણ ભેદ નથી, તો પણ તે સ્વરૂપોનું ધ્યાન થાય નહિ; ધ્યાન તો સહજાનંદ સ્વામી, ઘનશ્યામ મહારાજ, હરિકૃષ્ણ મહારાજની કારણ મૂર્તિનું જ કરવું.

**હવે ઐશ્વર્યાવેશ અવતારનું ફરીથી વિવેચન કરીએ છીએ** - આ લોકમાં જે ઐશ્વર્યાર્થી ભક્ત હોય છે તે, ધર્મ, જ્ઞાન ને

વૈરાગ્યે સહિત ભક્તિ કરીને ભગવાનને પ્રસન્ન કરે છે. પછી એ ભક્ત ભૌતિકદેહનો ત્યાગ કરે છે ત્યારે, ભગવાન તે ભક્તને પોતાનાં ઐશ્વર્ય આપે છે અને તે મુક્તમાં ભગવાન અન્વયરૂપે પ્રવેશ કરીને રહે છે; ત્યારે તે મુક્ત, મુક્તાત્મા એવા ભગવાનના પ્રકાશમાં લીન થઈને રહે છે અને તે દ્વારા ભગવાન, સર્વે ક્રિયા કરે છે - એ ઐશ્વર્યાવેશ અવતાર કહેવાય છે. તે પંચાળાના ૭ મા વચનામૃતમાં કહ્યું છે:-

'અને એ જે પુરુષોત્તમનારાયણ તે કોઈક કાર્યને અર્થે પુરુષરૂપે થાય છે ત્યારે, એ પુરુષ છે તે પુરુષોત્તમના પ્રકાશમાં લીન થઈ જાય છે ને પુરુષોત્તમ જ રહે છે... એવી રીતે અનેક પ્રકારના કાર્યને અર્થે, જેને જેને વિષે એ પુરુષોત્તમનો પ્રવેશ થાય છે, તેને તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન થકા રહે છે.'

આ વચનામૃત પ્રમાણે ભગવાનનાં ઐશ્વર્ય જે મુક્તમાં આવે છે તે મુક્તને ભગવાનના ઐશ્વર્યાવેશ અવતાર કહેવાય છે; અને તે અવતારને અવતારીની પણ ઉપમા દેવાય છે એમ સમજવું. જેમ ભગવન્નિષ્ઠાર્થી ભક્ત, ભગવાનને ભજીને મુક્ત થાય છે તેમ, ઐશ્વર્યની ઇચ્છાવાળા ભક્ત છે, તે ભગવાનને ભજીને અવતારની તથા મૂળઅક્ષરની પદવીને પ્રાપ્ત કરે છે. શ્રીહરિના અવતારોમાં

આવી રીતે **(૧) સંકલ્પાવતાર, (૨) મુક્તાવતાર ને (૩) ઐશ્વર્યાવેશ અવતાર** એમ ત્રણ પ્રકારના ભેદ જાણવા. ને એ સર્વેના કારણ, એક શ્રી સ્વામિનારાયણ ભગવાન જ છે. આવી રીતે શ્રીહરિ સહજાનંદ સ્વામીને જાણી, તેમની આજ્ઞામાં રહી સ્વામીસેવકભાવે શ્રીહરિની ઉપાસના - ભક્તિ કરવી. એ શ્રીહરિનો મુખ્ય સિદ્ધાંત છે ને આત્યંતિક કલ્યાણનો પણ એ જ શ્રેષ્ઠ ઉપાય છે.

આવી રીતે અવતાર - અવતારી ભેદ મેં સાધુ કેશવપ્રિયદાસે, મારા જ્ઞાનગુરુ **અનાદિમુક્ત અબજીબાપાશ્રી** થકી તથા મોટા સદ્‌ગુરુઓ થકી શ્રવણ કરીને, તથા પ્રકટનાં શાસ્ત્રનુસારે તેમ જ ભારત, ભાગવત આદિ પરોક્ષના મુખ્ય ગ્રંથાનુસારે 'સંક્ષેપ'થી અર્થાત્ ૧૫૫ શ્લોકે કરીને લખેલ છે. અને સવિસ્તર ઉપાસના સમજવા માટે મેં **'શિક્ષાપત્રી રહસ્યાર્થ'** નામક દળદાર ગ્રંથ રચ્યો છે જે છપાઈને બહાર પડ્યો છે તો, તે થકી શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસના વગેરે જાણવું.

* * *

ईयं यः प्रपठेत् भेदमवतारावतारिणोः ।
बोधयेत् वा परं दुग्धशर्करावत् स्थितं जनः ।। १ ।।

स स्वरूपे स्थितः श्रीजीकृपयाऽनुंभवेत्सुखम् ।
स्वामिसेवकभावेन मूर्तेरेषा स्तुतिर्मम ।। २ ।।

આ અવતાર-અવતારી ભેગ જે કોઈ વાંચશે, વિચારશે કે બીજાને સમજાવશે તે, દૂધમાં સાકર રસબસ રહે છે તેમ શ્રીજીકૃપાથી, શ્રીજી સ્વરૂપમાં રસબસ રહી, સ્વામીસેવકભાવે મૂર્તિનું સુખ ભોગવશે, એવી મારી પ્રાર્થના છે. તો તેવી સદ્‌ભિલાષાપૂર્વકની પ્રાર્થના સાથે હું આ ગ્રંથ સમાપ્ત કરી વિરમું છું ૧-૨.

**ઇતિ શ્રી સહજાનંદ સ્વામી-શિષ્ય**
**શ્રીપુર સ્વામિનારાયણ મંદિરસ્થ**
**સદ્‌ગુરુ પુરાણી મુનિસંત કેશવપ્રિયદાસેન**
**સંગ્રહિતં 'અવતાર-અવતારી ભેદનિરૂપણ' સંપૂર્ણમ્.**

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે—

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા

એકમોને મદદરૂપ થવું;

(૭) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.